بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૬**

રબીઉલ અવ્વલ શરીફ-રબીઉલ આખર

હિજરી સન : ૧૪૩૭

વર્ષ : ૧૩, અંક : ૦૧, સળંગ અંક : ૧૪૫



સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૮૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૫૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | નબી ﷺની બેઅદબી કૌમોની તથા દેશોની...... | 02 |
| 02 | **ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના મર્તબાની અમુક નૂરાની ઝલકો !** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 13 |
| 06 | હદાઈકે બખ્શિશ | 15 |
| 07 | કાનૂને શરીઅત | 17 |
| 08 | ગલતફહમી તથા તેની સુધારણા | 21 |
| 09 | મશ્અલે રાહ : મારી વાત....સૌના ફાયદાની વાત ? | 23 |
| 10 | ત્રાસવાદ (ટેરરિઝમ)ના ઈતિહાસમાં એક ડોકીયુ ! | 24 |
| 11 | ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ | 27 |
| 12 | રોજી પ્રાપ્ત કરવાના આધ્યાત્મિક ઝરીયાઓ | 31 |
| 13 | ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન કે....... | 36 |
| 14 | બદ્અકીદાઓની કિતાબો વાંચવા સાંભળવાથી દૂર રહો ! | 38 |
| 15 | મુકર જાનેકા કાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ ! | 44 |
| 16 | બરકાતે ખ્વાજાની ટપાલ | 45 |


**બંદા ગૌષે આ'ઝમ કા**

ખુદા કે ફઝ્લ સે હમ પર હૈ સાયા ગૌષે આ'ઝમ કા
હમેં દોનોં જહાં મેં હૈ સહારા ગૌષે આ'ઝમ કા
બલિય્યાતો ગમો ઈફકાર કયૂં કર ઘેર સકતે હૈં
સરોં પર નામ લેવોં કે હૈ પંજા ગૌષે આ'ઝમ કા
મુરીદી લા તખફ કેહ કર તસલ્લી દી ગુલામોં કો
કયામત તક રહે બે ખૌફ બંદા ગૌષે આ'ઝમ કા
હમારી લાજ કિસ કે હાથ હૈ બગદાદ વાલે કે
મુસીબત ટાલ દેના કામ કિસ કા ગૌષે આ'ઝમ કા
ફરિશ્તો રોકતે કયૂં હો મુઝે જન્નત મેં જાને સે
યે દેખો હાથ મેં દામન હૈ કિસ કા ગૌષે આ'ઝમ કા
મુખાલિફ કયા કરે મેરા કે બેહદ કરમ મુઝ પર
ખુદા કા રહમતુલ લિલ્આલમીં કા ગૌષે આ'ઝમ કા
"જમીલે કાદરી" સો જાં સે હૈ કુર્બાન મુર્શિદ પર
બનાયા જિસને તુઝ જૈસે કો બંદા ગૌષ આ'ઝમ

# નબી ﷺની બેઅદબી

## કૌમોની તથા દેશોની તબાહીને નિમંત્રે છે

અઝ : **હઝરત મૌલાના**
**મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

*વર્તમાન સમયમાં મુસ્લિમોની વિરૂધ્ધ બોલવા માટે જાણે કે ઝબાનો આઝાદ થઈ ચૂકી છે. મુસ્લિમો વિરૂધ્ધ બોલવાની જાણે હરીફાઈ ચાલી છે. અને રાજકરણીઓ તથા કોમવાદી સંગઠનો આમને સામને એકબીજા પર આક્ષેપબાજીમાં મુસ્લિમોને ભાંડતા રહે છે. એવા વાતાવરણમાં લખ્નૌના એક કમ અક્લ કમલેશ તિવારી નામના બદબખ્ત શખ્સે મઆઝલ્લાહ ! નબી કરીમ ﷺની શાનમાં અતિ ભયાનક બેઅદબીભર્યા શબ્દો પ્રસિધ્ધ કર્યા, જેનો વિરોધ દેશભરમાં રેલીઓ કાઢી તથા આવેદનપત્રો આપીને મુસલમાનોએ કર્યો છે. અમો પણ એ જાનવરથીય બદતર સિફતવાળા કમલેશ તિવારીના કૃત્યને સખત શબ્દો વખોડીએ છીએ અને ગવર્નમેન્ટ કાનૂની રીતે એના સામે કડકથી કડક પગલાં ભરે એ માંગ કરીએ છીએ. શરીઅતના કાનૂનમાં તો એ નબીનો ગુસ્તાખ મુબાહુદ્દમ ઠરે છે.*

*અત્રે અમો મુંબઈમાં આલમી તેહરીક **સુન્ની દાવતે ઈસ્લામી**ના આલમી ઈજતેમામાં લાખોના મજમામાં તા. ૧૩–૧૨–૨૦૧૫ના રોજ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરીએ** જે શબ્દોમાં એને વખોડી કાઢીને ગવર્નમેન્ટ પાસે યોગ્ય પગલાં લેવા માંગ કરી છે, તેને આપના શબ્દોમાં રજૂ કરીએ છીએ.–તંત્રી*

આજ મૈં હુકૂમતે હિંદકે યહાં નુમાઈન્દે ભી હોંગે ઉનસે ભી ગુઝારિશ કરુંગા કે "કમલેશ તિવારી"કા મસ્અલા જો ગુસ્તાખીએ રિસાલત મઆબ ﷺકે મુતઅલ્લિક અખ્બાર કે અંદર ઔર દુસ્રે અંદાઝસે જો લોગોં કે સામને આયા હૈ, તો મૈં સિર્ફ ઉન્હેં ઈત્ના કહના ચાહુંગા કે **રૂએ ઝમીન પર જિત્ને ભી ઈન્સાન પેદા હૂએ આજ તક, ઉનમેં સિર્ફ મેરે આક઼ા ﷺકી ઝાત હી ઐસી હૈ જિસ્કી હર મઝહબ કે માનનેવાલોંને તઅરીફ કી હૈ.** ઔર મૈં ઉન્હેં કુર્આન પઢનેકી દઅવત દેતા હૂં. મૈંને કુછ દિનોં પહલે એક કિતાબ લિખ્ખી હૈ "કૌમોંકી તબાહીકા અસલી સબબ" ઉસ કિતાબકો પઢેં. ઈંગ્લિશમેં ભી વો હૈ. કૌમ તબાહ કબ હોતી હૈ ? મુલ્ક તબાહ કબ હોતા હૈ ? વજહ સબસે બડી યહ હોતી હૈ કે **જબ જબ અલ્લાહકે કિસી ફરિશ્તાદા પયગંબરકી તૌહીન કી જાતી હૈ તો અલ્લાહ ઉસ ચીઝકો ગવારા નહીં ફર્માતા ઔર ફિર અલ્લાહ કૌમ કો ભી તબાહ કરતા હૈ ઔર મુલ્ક કો ભી તબાહ કરતા હૈ.** ઔર યકીન ન આતા હો તો કૌમે આદકી દાસ્તાન પઢકે દેખ લો ! કૌમે ષમૂદકી દાસ્તાન પઢકે દેખ લો ! કૌમે નૂહકી દાસ્તાન પઢકે દેખ લો ! **સબને જબ જબ નબીકી ગુસ્તાખી કી તો અઝાબ આયા ! ઈસ લિએ કે કોઈ હમારા મહબૂબ હોગા, હુઝૂર તો અલ્લાહકે મહબૂબ હૈં !** ઔર ઉસીકે કબ્ઝેમેં સારી કાઈનાત હૈ. ઐસા રસૂલ જિન્કે આનેસે પહલે બચ્ચીયાં ઝમીનમેં ઝિંદા દફન કી જાતી થીં, ઝરા સોચો તો સહીહ ! ઝરા ગૌર તો કરો ! સબ યહ દેખ લે કે અગર નબીકે આનેકા ફાઈદા ઈન્સાનોંમેંસે કિસીકો સબસે પહલે મિલા હૈ તો વો ઔરત હી કો મિલા. ક્યા યહ સચ નહીં કે અબૂ લહબકો જબ યહ ઈત્તેલા મિલી કે હઝરત અબ્દુલ્લાહકે ઘર સરકાર ﷺકી વિલાદત હૂઈ હૈ, ઔર યહ ખબર કિસને દી થી ? ષુવૈબા (લોંડી)ને દી થી વોહ ઔરત હી તો થી ! ઉસને આકર કે ખબર દી કે મુબારક હો તુમ્હારે ભાઈકે યહાં બેટા પેદા હુવા ! ઉસી વક્ત ઉસને અપની ઉંગલીસે ષુવૈબાકો આઝાદ કિયા. ગોયા હુઝૂર ફર્માતે હૈં કે ઔરતો ! ગમ ન કરના ! અબ મૈં આ ગયા હૂં ! તુમ પર ઝુલ્મ નહીં હોગા ! મૈં આયા હી ઈસ લિએ હૂં કે તુમકો ઝુલ્મસે નજાત દિલાઉં. આતે હી હુઝૂરને અપના સબસે પહલા ફાયદા બતાયા ઔર ઔરતકો સરકારને ઝુલ્મકી ચક્કીસે પીસે જાનેસે નિકાલા. કિસી સહાબીને રસૂલસે કહા, યા રસૂલુલ્લાહ ! ﷺ મૈંને એક ઘરકો દેખા કે જિસમેંસે અન્વાર નિકલ રહે થે ઔર ઉપર તક જા રહે થે, સરકાર ક્યા વજહ હોગી ? ઈર્શાદ ફર્માયા, જાકર દેખો વહાં કોઈ બચ્ચી પેદા હૂઈ હોગી ! જિસ રસૂલકી પાકીઝગીકા આલમ યહ કે કભી કિસી ગૈર ઔરતકે હાથમેં હાથ દેકર હુઝૂરને કભી બયઅત નહીં કી, (ઉન પર ઈલ્ઝામ ?!) જિસ રસૂલને બચ્ચીયોંકો ઈત્ના ઉંચા મર્તબા દિયા કે અગર કોઈ અપની તીન બચ્ચીયોંકી પરવરિશ સહીહ તૌર પર કરે યા દો બચ્ચીયોંકી યા એક બચ્ચીકી, તો હુઝૂર ઉન્હેં જન્નતકી ઝમાનત અતા ફર્માતે હૈં, ઉસે બખ્શિશકા ઝરીયા અતા ફર્માતે હૈં. તો મૈં સિર્ફ ઈત્ના કહના ચાહૂંગા કે મુસલમાન ઈસ સિલસિલેમેં ક્યા કરતે હૈં ઈસ પર તવજ્જોહ દેનેકે બજાય, **ઈસ ચીઝ પર તવજ્જોહ દી જાયે કે જિસ્કે બારેમેં કહા ગયા વો હૈ કોન ?! ઔર ઉસ્કા મર્તબા ખુદાકે નઝદીક ક્યા હૈ? યહ હુઝૂર કે ખિલાફ નહીં યહ ખુદાકે ખિલાફ એલાને જંગ હૈ** ! ઈસ લિયે ચાહિયે યહ કે હુકૂમત સમઝદાર હૈ ઉસે ક્યા કરના ચાહિયે વો બેહતર જાનતી હૈ.



# رحمۃ اللہ علیہ ગૌષે આ'ઝમના

## મર્તબાની અમુક નૂરાની ઝલકો !

### તંત્રી લેખ

''બેહજતુલ અસ્રાર''ના લેખક હઝરત ગૌષે આ'ઝમ સરકાર મુહયુદ્દીન અબ્દુલકાદિર જીલાની رضی اللہ عنہની વિલાદતે બાસઆદત રમઝાન હિ.સ. ૪૭૧ની ચાંદરાતે જીલાન કસ્બામાં થવાનું દર્શાવે છે. આપ વાલિદના તરફથી ''હસની'' અને વાલિદા તરફથી ''હુસૈની'' એટલે ''નજીબુત્તરફૈન'' સૈયદ છે. આપના વાલિદ (પિતા) હઝરત સૈયદ અબૂ સાલેહ વલીએ કામિલ હતા, અને જંગ તથા જેહાદ સાથે ખૂબ લગાવ રાખવાના કારણે ''જંગી દોસ્ત''થી મશહૂર હતા. હઝરત ગૌષે આ'ઝમના નાના સૈયદ અબ્દુલ્લાહ સૂમઈ પણ જીલાનના મશહૂર શયખો તથા રઈસોમાંથી હતા. (رحمۃ اللہ علیہم اجمعین)

### ★ નવયુવાનો માટે અતિ બોધપાત્ર પ્રસંગ ! ★

કહેવાય છે કે જવાનીની શરૂઆતના દૌરમાં સૈયદ અબૂ સાલેહ રિયાઝત (ઈબાદત)ના સિલસિલામાં એક નદીના કિનારે જઈ રહ્યા હતા અને કેટલાક દિવસોથી કાંઈ ખાધુ ન હતું. નદી કિનારે એક સફરજન પડેલું જોયું તો બિસ્મિલ્લાહ કહીને ખાય લીધું. ખાધા પછી ખયાલ આવ્યો કે, ખબર નહીં ! કોનું સફરજન હતું કે જેને મેં ઈજાઝત વિના ખાધું ! (જો કે આવી ચીજ ખાવી મુબાહ હોય છે છતાં.....) પરેશાનીના આલમમાં નદી કિનારે કિનારે ચાલી નીકળ્યા તો નદી કિનારે સફરજનોનો એક બાગ જોવા મળ્યો જેનાં પાકાં સફરજનો દરિયાના પાણીમાં લટકી રહ્યાં હતાં. આપ સમજી ગયા કે સફરજન આમાંનું જ છે ! પૂછતાં જાણ થઈ કે આ બાગ સૈયદ અબ્દુલ્લાહ સૂમઈનો છે, જેથી તેમની સમક્ષ હાજર થઈને ખૂબ જ અદબપૂર્વક વિના ઈજાઝતે સફરજન ખાવા પર માફી માગી. સૈયદ અબ્દુલ્લાહ સૂમઈ رحمۃ اللہ علیہ પોતે પણ વલી હતા તો સમજી ગયા કે નેક તથા હોનહાર નવયુવાન છે જેથી અમુક અરસા માટે બાગની રખેવાળીની શર્ત મૂકીને કહ્યું કે આટલો અરસો રખેવાળી કરો ત્યાર બાદ માફી બાબતે વિચારીશું ! આપે અલ્લાહને રાજી કરવાની નિય્યતે એટલો સમય ખૂબ જ પ્રમાણિકતાથી રખેવાળી કરી, પછી માફીના તલબગાર થયા તો સૈયદ અબ્દુલ્લાહ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, એક શર્ત હજી બાકી છે ! તે એ કે મારી એક પુત્રી આંખોથી આંધળી, કાનોથી બહેરી, હાથોથી થૂંથી, અને પગોથી લંગડી છે, એને નિકાહમાં સ્વીકારશો તો સફરજન ખાવાની માફી આપી દેવામાં આવશે. હઝરત અબૂ સાલેહ رحمۃ اللہ علیہએ એ પણ કબૂલ કરી લીધું અને નિકાહ બાદ જ્યારે પત્નીને એ સર્વ બાબતોથી વિરુદ્ધ જાહેરી હુસ્નવાળાં જોયાં તો વિચાર્યું કે આ કોઈ અન્ય છોકરી છે અને ગલતીના એહસાસથી પરેશાન થઈને ઘરની બહાર નીકળી આવ્યા ! હઝરત અબ્દુલ્લાહ સૂમઈએ બાતિની ફરાસતથી પરેશાનીનો સબબ માલૂમ કરી લેતાં કહ્યું કે, ''હે બેટા ! એ જ તમારાં પત્ની છે ! અને મેં તમને તેણીની જે બાબતો તમને કહી હતી તે તદ્દન સાચી હતી. એ આંધળી છે કે આજ સુધી કોઈ ગૈર મેહરમ પર એની નજર નથી પડી, એ બહેરી છે કે કદી હક્કની વિરુદ્ધ વાત એણે

નથી સાંભળી, તેમજ કદી શરીઅત વિરુદ્ધ કામ ન કરવા અને ઘરથી બહાર ન નીકળવાના કારણે તેણી થૂંથી તથા લંગડી છે." હઝરત અબૂ સાલેહ ખૂબ જ ખુશ થયા અને અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો. હઝરત ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہ આ બંને પાકીઝા હસ્તીઓની ઔલાદ હતા. આપનાં વાલિદાનું નામ ઉમ્મુલ ખૈર સૈયદા ફાતિમા હતું.

**ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના ચાહકો !** કાંઈક વિચારશે ! કેવળ ન્યાઝ ગળામાં ઉતારવાની મહોબ્બત નહીં, પણ ન્યાઝવાળાનાં માબાપની જિંદગીના આ હિસ્સામાંથી પણ પોતાની જિંદગીમાં કાંઈક ઉતારવા કોશિશ કરે અને હલાલ હરામની તમીઝ તથા આંખોની હિફાઝત તેમજ ખુદાનો ડર અને પરહેઝગારી અપનાવે તો સાચા "આશિકે ગૌષ" કહેવાશે ! નહીં તો ફોગટ દાવેદાર ગણાશે.

## ★ માદરઝાદ (પેદાઈશી) વલી હોવાની સાબિતી ★

આપ માદરઝાદ વલી હતા. આપ ખૂદ ફર્માવે છે કે મને પોતે વલી હોવાનો ઈલ્મ એ સમયથી થઈ ગયો હતો જ્યારે નાનપણમાં મક્તબે (મદ્રસે) જતી વેળા મારી પાછળ ફરિશ્તાઓને જોતો હતો જેઓ મારી સાથે ચાલતા અને મારી હિફાઝત કરતા અને મક્તબે પહોંચતાં છોકરાઓને કહેતા કે, "અલ્લાહના વલીને બેસવાની જગા આપો !"

આપના વાલિદ તથા નાનાનો ઈન્તેકાલ આપના બાળપણમાં જ થઈ ગયો હતો એટલા માટે આપનો ઉછેર તથા તા'લીમો તર્બિયત વાલિદા માજિદાના માથે રહી. બાળપણમાં ક્યારેક બાળકો સાથે રમવાના ખયાલથી બહાર નીકળતા તો અવાજ આવતો, اِلَیَّ یَا مُبَارَکْ "હે બરકતવાળા ! મારી તરફ આવ !" તો આપ અચંબામાં પડીને માની ગોદમાં લપાય જતા અને રમતનો ખયાલ ત્યજી દેતા.

યુવાન થયા તો એકવાર બળદ લઈને હળ ચલાવવાના ઈરાદાથી પોતાની જમીન તરફ જઈ રહ્યા હતા એવામાં બળદે પાછળ ફરીને જોયું અને માણસની બોલીમાં કહ્યું, مَا لِهٰذَا خُلِقْتَ وَلَا بِهٰذَا اُمِرْتَ "હે અબ્દુલ કાદિર ! આપને આ કામ માટે નથી પેદા કરવામાં આવ્યા અને ન તો એનો હુકમ આપ્યો છે ! આપ અચંબા સાથે પરત આવી ગયા. મકાનની છત પર ચઢી ગયા તો જોયું કે હાજીઓનો એક કાફલો બયતુલ્લાહ શરીફ જઈ રહ્યો છે. ઉતરીને વાલિદાની ખિદમતમાં અર્ઝ કરી કે જો ઈજાઝત હોય તો ઈલ્મ હાંસલ કરવા અને બુઝુર્ગોની ઝિયારતથી ફયઝયાબ થવા માટે બગદાદ ચાલ્યો જાઉં. આપની ઉમર તે સમયે ૧૮ વરસની નજીક હતી અને વાલિદાની ઉમર ૭૮ વરસ હતી. આપ અશ્રુમય આંખે ૮૦ દીનાર જે ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના વાલિદ સાહબે વારસામાં છોડયા હતા તે કાઢી લાવ્યાં અને ૪૦ દીનાર ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہના પહેરણમાં સીવી આપ્યા અને ૪૦ એમના નાના ભાઈના માટે રાખી લીધા. પછી તેમને હમેશાં સત્ય બોલવાનો વાયદો લઈને એમને ખુદાને સુપ્રત કર્યા અને કહ્યું કે હવે કયામતના દિવસે મુલાકાત થશે.

ગૌષ પાક رحمۃ اللہ علیہની જિંદગી પરથી **તે લોકો બોધ ગ્રહણ કરે** જેઓ ઈલ્મે દીન તરફ આકર્ષણ નથી ધરાવતા કે નથી શીખતા અને હસ્તી બનીને બાપદાદાની ગાદીઓ પર બિરાજમાન થવામાં ગર્વ અનુભવે છે. ઈલ્મે દીનનું મહત્વ કેટલું છે કે **ગૌષે આ'ઝમ જેવા માદરઝાદ વલી પોતાની માને હમેશાં માટે છેલ્લી સલામ કરીને ઈલ્મની તલાશમાં નીકળી પડે છે.** ઘરને છોડવું અને તે પણ હમેશાં માટે એ એટલુ આસાન કામ નથી ! એમને પૂછો જેઓ અમુક સમય માટે પણ માબાપને છોડીને

બહાર જાય છે. છતાં ઈલ્મ શીખી દીનની ખિદમત કાજે ગૌષ પાક رحمۃ اللہ علیہ પોતાનાં માથી વિદાય લે છે. તેમજ **તે માઓ પણ સબક્ લે કે ગૌષ પાકનાં માએ કેટલી મોટી કુર્બાની ઈલ્મે દીનની ખિદમત કાજે આપી કે હમેશાં માટે જાનથી પ્યારા પુત્રને પોતાનાથી દૂર થતો ગવારા કર્યો.** આજે ગૌષ પાક رحمۃ اللہ علیہના આશિકો પણ સાચા આશિક્ હોય તો આવો જઝબો દિલોમાં જગાડે અને પોતાની ઔલાદને આલિમ, હાફિઝ, કારી બનાવે અને ખિદમતે દીન માટે વક્ફ કરી આપે.

## ★ વાત વાતમાં જૂઠુ બોલનારા કે વાદાખિલાફી કરનારા આશિકો બોધ લેશે ?! ★

જ્યારે આપ બગદાદ જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં કાફલો હમદાનથી આગળ નીકળ્યો તો ડાકૂઓના ગિરોહે એને લૂટી લીધો. હઝરત ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہને પૂછયું કે, હે છોકરા ! તારી પાસે પણ કાંઈ છે ? આપે ફર્માવ્યું, હા ! ૪૦ દીનાર છે. ડાકૂને વિશ્વાસ ન બેઠો અને મઝાક સમજીને ચાલ્યો ગયો. થોડીવાર પછી એક બીજા ડાકૂએ પણ આવીને એ સવાલ કર્યો તો એ જ જવાબ સાંભળીને એના વિશે પોતાના સરદારને આમ જ રજૂઆત કરી. સરદારે આપને બોલાવીને પૂછયું તો આપે તેને પણ સાચે સાચુ જણાવી આપ્યું અને પહેરણ ફાડતાં એમાંથી ૪૦ દીનાર મળી આવ્યા. એના પર ડાકૂઓનો સરદાર અહમદ બદવી ખૂબ જ આશ્ચર્ય પામ્યો અને બોલ્યો, છોકરા ! તને ખબર નથી કે અમે લોકો ડાકૂ છીએ અને લોકોના માલ લૂટી લઈએ છીએ છતાં તમે આ દીનારનો ભેદ શા માટે ખોલી આપ્યો ? જ્યારે કે એને તમે સરળતાપૂર્વક છુપુ રાખી શક્તા હતા. ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, મેં વિદાય થતી વેળા મારી વૃદ્ધ માતાને સાચુ બોલવાનો વાયદો કર્યો હતો એટલા માટે ૪૦ દીનાર માટે વાયદાનો ભંગ શાથી કરું ?! તો સરદારને કંપારી આગી ગઈ અને તે ખૂબ જ રડયો અને કહેવા લાગ્યો, '' હે બાળક ! તું તારી માની સાથેના વાયદાનો આટલો લેહાઝ કરે છે અને ધિક્કાર છે મારા પર જે આટલા વરસોથી પોતાના ખાલિક્ની સાથે કરેલા વાયદાને પીઠ પાછળ રાખેલ છું !'' આમ કહીને તે ઉઠયો અને આપના હાથ પર તૌબા કરી, તો તેના સાથીઓએ પણ તેનું અનુસરણ કર્યું અને કહ્યું કે ડાકૂગીરીમાં પણ તું અમારો સરદાર હતો તો તૌબામાં પણ અમારો સરદાર રહીશ, અને સઘળો લૂટેલો માલ કાફલાવાળાઓને પરત કરી આવ્યો. ''બેહજતુલ અસ્રાર''માં છે કે અલ્લાહ તઆલાએ આ તૌબા કરનાર ગિરોહને વિલાયતથી નવાઝયો.

## ★ ઈલ્મ પ્રાપ્તિ દરમ્યાન વેઠેલી તકલીફોનો ટૂંકમાં ચિતાર ★

બગદાદ પહોંચીને રબની મરજી મુજબ ફક્રો ફાકા, મુજાહિદાત તથા કઠિન રિયાઝતો તથા ઈલ્મ પ્રાપ્તિમાં જે પ્રમાણે તકલીફો આપે સહન કરી તેનું દષ્ટાંત નથી મળતું. એ ૪૦ અશરફીઓ તો થોડાક જ દિવસોમાં સાથી તલબા તથા મિસ્કીનોની જરૂરિયાત પાછળ ખર્ચાઈ ગઈ. લાંબા અરસા સુધી એ હાલત રહી કે કુવ્વતે લાયમૂતના માટે દજલાના કિનારે નીકળી પડતા અને જે મળે તે તરકારી સબ્જી ઉઠાવીને પેટ ભરતા. એકવાર વીસ દિવસો સુધી કાંઈ ન મળી શક્યું તો કિસ્રાના મહેલોના ખંડેરોની તરફ નીકળી ગયા જેથી કોઈ મુબાહ ચીજ મળી શકે. ત્યાં જોયું કે સિત્તેર અવલિયા એ તલબમાં ફરતા હતા ! તો તેમના માટે રુકાવટ ન બનવાના ખયાલથી પરત આવી ગયા. એવામાં એક ઓળખીતો જે આપની જ શોધમાં હતો તે મળ્યો અને સોનાનો એક ટુકડો આપ્યો કે જે આપનાં માએ આપના માટે મોકલ્યો હતો. આપે અલ્લાહ તઆલાનો શુક્ર અદા કર્યો અને એના થકી કિસ્રાના ખંડેરોમાં પાછા જઈને તે ખુદાના વલીઓ તથા અન્ય ફકીરોની પણ ખિદમત કરી અને સાંજ સુધી બધું જ ખુદાની રાહમાં ખર્ચી કાઢયું.

બગદાદ પાસે એક જૂનો બુર્જ હતો એ બુર્જમાં આપે ૧૧ વરસ સુધી રાત દિવસ ઈબાદત તથા રિયાઝત કરી જેના કારણે એ બુર્જનું નામ બુર્જે અજમી પડી ગયું. આપ ફર્માવે છે, એકવાર મેં મારા પરવરદિગારથી અહદ કર્યો કે હું એ સમય સુધી કાંઈ ખાઈશ પીશ નહીં જ્યાં સુધી કોઈ બીજો મને મારા મોઢામાં કોળિયો આપીને ન ખવડાવે. સતત ચાલીસ દિવસો ખાધા પીધા વિના ગુજરી ગયા. ૪૦ દિવસ બાદ એક શખ્સ આવ્યો અને ખાણુ મારી સામે રાખીને ચાલ્યો ગયો. ભૂખની સખત તકલીફના કારણે મારા નફસે ચાહ્યું કે ખાણુ ખાય લે, પરંતુ મેં એના તરફ તદ્દન ધ્યાન ન કર્યું અને નફસ "હાય ! ભૂખ ! હાય! ભૂખ !" પોકારતુ રહ્યું. એ અરસામાં હઝરત શયખ અબૂ સઈદ મખ્ઝૂમી رحمۃ اللہ علیہ એ તરફથી પસાર થયા, અને બાતિની ફરાસત (દષ્ટિ) વડે એ શોરથી માહિતગાર થઈને નજીક આવ્યા અને મને પૂછયું, હે અબ્દુલ કાદિર ! આ શોર શાનો છે ?! મેં કહ્યું, આ નફસની બેચૈની છે, પણ રૂહ યાદે ઈલાહીમાં સંતુષ્ઠ છે. તેમણે ફર્માવ્યું, મારા ગરીબખાના (ઘરે) ચાલો ! અને આટલું કહીને ચાલ્યા ગયા. મેં દિલમાં કહ્યું, જ્યાં સુધી અહીંથી કોઈ જાતે ન લઈ જાય ત્યાં સુધી જઈશ નહીં. હજી આ ખયાલમાં હતાં એવામાં ખિઝર علیہ السلام તશરીફ લાવ્યા અને મને હઝરત અબૂ સઈદના મકાન પર લઈ ગયા જ્યાં દરવાજામાં શયખ અબૂ સઈદ રાહ જોઈ રહ્યા હતા. મને જોઈને ફર્માવ્યું, અબ્દુલ કાદિર ! શું મારું કહેવું પૂરતુ ન હતું કે ખિઝર علیہ السلامના કહેવાની જરૂરત પડી ?! આટલુ કહીને મને ઘરમાં લઈ ગયા અને પોતાના હાથ વડે મારા મોઢામાં કોળિયા રાખીને ખવડાવ્યું.

## ★ ગૌષે પાક رضی اللہ عنہની શૈતાન સાથે થયેલી ટક્કરો ! ★

આ દરમ્યાન દુનિયવી તથા શૈતાની શક્તિઓ પણ ગાફેલ નથી રહી. એક રાત્રે કિસ્રાના ખંડેરોમાં દુનિયા પોતાના અનોખા સ્વરૂપમાં સજી ધજીને પોતાના સર્વ આકર્ષણો અને મનમોહકતાની સાથે આપના સમક્ષ આવી અને યાદે ઈલાહીથી ગાફેલ કરવા ચાહ્યું. પણ આપે જદ્દે આ'લા મૌલાએ કાઈનાત સૈયદના અલી کرم اللہ تعالیٰ وجہہ الکریمની સુન્નતની પયરવીમાં ફર્માવ્યું, "મારાથી દૂર રહે ! કેમ કે હું તને તલાક આપી ચૂક્યો છું !" જ્યારે ગયબી મદદથી તે નિરાશ થઈને ચાલી ગઈ તો આપે નેઅમતના શુક્રનો ઈઝહાર કરતાં ફર્માવ્યું :– (અર્થ) : "ઈશ્કે બેપરવા કરી આપ્યો દુનિયા તથા તેમાંની ચીજોથી, આ રસ્તાથી દુનિયાનો નાઝો અંદાઝ કઈ રીતે મને હટાવી શકે ?!"

એકવાર ઈબ્લીસ આપની પાસે આવ્યો અને કહ્યું કે આપે મને તથા મારા અનુયાયીઓને ખૂબ જ તકલીફ આપી છે એટલા માટે હું આવ્યો છું કે આપની ખિદમત તથા તાબેદારીમાં રહું. હજી એ વાત જ કરી રહ્યો હતો એવામાં એક ગેબી હાથ જાહેર થયો અને તેને જમીનમાં ધસાવી દીધો.

એક બીજા અવસરે તે આગવાળા ભાલાથી સજ્જ થઈને આવ્યો તો ગૈબથી એક ખુલ્લી તલ્વાર આપના હાથોમાં આવી ગઈ જેને જોતાં જ તે નાસી છૂટયો.

એ જ પ્રમાણે એક રાતે જ્યારે આપ અનાજ પાણી વિનાના ઈરાકના રણમાં ઈબાદતમાં વ્યસ્ત હતા તો આપને એક રોશની દેખાયી જેણે આખા આસ્માનને રોશન કરી આપ્યું. અને એમાંથી અવાજ આવ્યો, "હે અબ્દુલ કાદિર ! હું તારો પરવરદિગાર છું અને તારી ઈબાદતથી રાજી થઈને તને મારી ઈબાદતની તકલીફ મુક્ત કરું છું !" હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં મારા જાહેરી તથા બાતિની ઈલ્મોમાં નજર દોડાવી તો ક્યાંય પણ આ સ્થિતિનું જાઈઝ હોવું ન દેખાયું, અને મેં વિચાર્યું કે આં હઝરત صلی اللہ علیہ وسلم આટલા મહાન મર્તબે હોવા છતાં જીવનભર ઈબાદત માટે પાબંદ હતા, એમને ઈબાદતની તકલીફથી

માફી ન મળી તો અન્ય કોઈ કેવી રીતે એનાથી આઝાદ થઈ શકે છે ?! એટલા માટે મેં લા હૌલ પઢયું તો શૈતાન અસલ રૂપમાં સામે આવીને કહેવા લાગ્યો, "મેં આ મક઼ામ પર ઘણા આબિદોને ગુમરાહ કર્યા, પણ હે અબ્દુલ ક઼ાદિર ! આપ આપના ઈલ્મ જોરથી બચી ગયા." અને કહ્યું, "દૂર થઈ જા ! મરદૂદ ! હું મારા ઈલ્મના કારણે નહીં, બલ્કે કેવળ અલ્લાહ તઆલાની મદદ અને ફઝ્લો કરમથી મેહફૂઝ રહ્યો છું." એના પર તે માથુ પછાડવા લાગ્યો કે આજે હું આપનાથી તદ્દન નિરાશ થઈ ગયો છું. હવે પછી આપની પાછળ સમય વેડફવો બેકાર છે. મેં કહ્યું, હું તારી કોઈ વાતનો ભરોસો નથી કરતો અને હમેશાં માટે તારા ધોકા પ્રપંચથી અલ્લાહની પનાહ માગુ છું.

આ બનાવોમાં સેંકડો બોધપાઠો સમાયેલા છે કે માનવીએ પોતાની દુનિયા તથા આખેરતને સારી રાખવી હોય તો દુનિયાની તરફ લાલચની નજરો ન કરવી જોઈએ અને રબની નાફર્માનીમાં ડૂબી દુનિયામાં ખોવાવું ન જોઈએ. તે ઉપરાંત તે જાહિલ સૂફીઓ જેઓ અલ્લાહની ઈબાદત તથા નમાઝ વિશે હલકા શબ્દો બોલે છે, તેને મહત્વની નથી ગણતા, તેઓ વિચારે કે **શું તેઓ ગૌષે આ'ઝમ જેવા વલીઓના સરદારથી પણ મહાન થઈ ગયા છે ?!** ગૌષ પાકે તો જ્યારે શૈતાને ધોકો કરી ઈબાદત નમાઝથી મુક્ત થવાનું કહ્યું, પણ આપે નબી કરીમ ﷺનું દષ્ટાંત સામે રાખીને વિચાર્યું કે નબી ﷺને નમાઝ તથા ઈબાદત માફ ન હતી તો હું કોણ ?! સારાંશ કે નમાઝ કે ઈબાદતથી કોઈ મુક્ત નથી, અને એના વિશે હલકી વાતો કહેનાર સૂફી નથી પણ શૈતાનનો અનુયાયી છે, એ વાતને સમજે.

## ★ "મુહ્યુદ્દીન" એટલે દીનને જીવંત કરનાર લક઼બ ક્યાંથી અને શાથી મળ્યો ?! ★

સૈયદના ગૌષે આ'ઝમ رضی اللہ عنہ હિ.સ. ૪૮૯માં ખલીફા મુસ્તઝહર બિલ્લાહ અબ્બાસીના દૌરમાં બગદાદ શરીફ તશરીફ લાવ્યા અને ત્રેવીસ વરસની ઉમરમાં અલ્લાહ તઆલાએ આપની જાહેરી તથા બાતિની દરેક રીતની પરીપૂર્ણતા ફર્માવીને "મુહયુદ્દીન" લક઼બથી નવાઝીને મસ્નદે ઈર્શાદ ઈનાયત ફર્માવી. બેહજતુલ અસ્રારમાં લખેલું છે કે આપે એકવાર આપના આ મશહૂર લક઼બ વિશે એ સ્પષ્ટતા કરી કે હિ.સ. ૫૧૧માં હું એક જુમ્આના દિવસે સફરથી ઉઘાડા પગે બગદાદની તરફ પરત આવી રહ્યો હતો એવામાં એક અતિશય કમજોર લાચાર બીમાર ઉપર મારી નજર પડી. તેણે કહ્યું, અસ્સલામુ અલૈકુમ યા અબ્દલ ક઼ાદિર ! મેં સલામનો જવાબ આપ્યો. તે કહેવા લાગ્યો, "મને ઉઠાવો ! મેં ઉઠાવીને બેસાડી આપ્યો તો અચાનક તેનો ચહેરો રોનકવાળો તથા શરીર જાડુ તાજુ થઈ ગયું. હું આશ્ચર્યમાં પડયો તો તે કહેવા લાગ્યો, "આશ્ચર્યની વાત નથી ! હું આપના નાનાજાન ﷺનો દીન છું અને મુર્દા થઈ રહ્યો હતો, અલ્લાહે આપના ઝરીયે મને નવી જિંદગી અતા ફર્માવી છે. આપ "મુહયુદ્દીન" છો." જ્યારે હું જામા મસ્જિદની હદોમાં પ્રવેશ્યો તો એક શખ્સે પોતાના જોડા ઉતારીને મને પહેરવા માટે આપ્યા અને "યા સૈયદી મુહયુદ્દીન"ના લક઼બથી સંબોધ્યો. જુમ્આની નમાઝ ખત્મ થઈ તો લોકો દોડતા દોડતા મારી તરફ આવ્યા અને "યા મુહયુદ્દીન" પોકારીને હાથોને ચૂમવા લાગ્યા, જ્યારે કે આનાથી પહેલાં કોઈએ મને આ નામ વડે પોકાર્યો ન હતો. એટલે કે રબ તરફથી લોકોના દિલોમાં આ લક઼બથી પોકારવું નાખવામાં આવ્યું.

હે ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہના આશિક઼ો ! કેવળ દાવા આશિક઼ીના ન કર્યા કરો ! અને સમજો કે ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہએ આ લક઼બ પામતાં પહેલાં કેવી કેવી તકલીફો ઈલ્મ પ્રાપ્તિની રાહમાં તથા અલ્લાહની ઈબાદત રિયાઝતની રાહમાં વેઠી છે તેને વારંવાર વાંચો અને કાંઈક દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોવ તો આપની જિંદગીમાંથી બોધ મેળવીને આપના નક઼શે ક઼દમ પર ચાલવા નિશ્ચય કરી લો. રબ્બે કરીમ ગ઼ૌષ પાક رحمۃ اللہ علیہના વસીલાથી આપણને સૌને એ તૌફીક઼ બખ્શે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

ٱلْحَجُّ أَشْهُرٌ
مَّعْلُومَٰتٌ ۚ فَمَن فَرَضَ فِيهِنَّ ٱلْحَجَّ فَلَا رَفَثَ
وَلَا فُسُوقَ وَلَا جِدَالَ فِى ٱلْحَجِّ ۗ وَمَا تَفْعَلُوا۟ مِنْ
خَيْرٍ يَعْلَمْهُ ٱللَّهُ ۗ وَتَزَوَّدُوا۟ فَإِنَّ خَيْرَ ٱلزَّادِ ٱلتَّقْوَىٰ ۚ
وَٱتَّقُونِ يَٰٓأُو۟لِى ٱلْأَلْبَٰبِ ﴿١٩٧﴾ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ
أَن تَبْتَغُوا۟ فَضْلًا مِّن رَّبِّكُمْ ۚ فَإِذَآ أَفَضْتُم
مِّنْ عَرَفَٰتٍ فَٱذْكُرُوا۟ ٱللَّهَ عِندَ ٱلْمَشْعَرِ ٱلْحَرَامِ ۖ
وَٱذْكُرُوهُ كَمَا هَدَىٰكُمْ وَإِن كُنتُم مِّن قَبْلِهِۦ لَمِنَ
ٱلضَّآلِّينَ ﴿١٩٨﴾ ثُمَّ أَفِيضُوا۟ مِنْ حَيْثُ أَفَاضَ ٱلنَّاسُ
وَٱسْتَغْفِرُوا۟ ٱللَّهَ ۚ إِنَّ ٱللَّهَ غَفُورٌ رَّحِيمٌ ﴿١٩٩﴾ فَإِذَا
قَضَيْتُم مَّنَٰسِكَكُمْ فَٱذْكُرُوا۟ ٱللَّهَ كَذِكْرِكُمْ
ءَابَآءَكُمْ أَوْ أَشَدَّ ذِكْرًا ۗ فَمِنَ ٱلنَّاسِ مَن
يَقُولُ رَبَّنَآ ءَاتِنَا فِى ٱلدُّنْيَا وَمَا لَهُۥ فِى ٱلْءَاخِرَةِ
مِنْ خَلَٰقٍ ﴿٢٠٠﴾

## સૂરએ બક઼રહની તફસીર

હજના કેટલાએ મહિના છે જાણીતા[૧૧૯] તો જે એમનામાં હજની નિય્યત કરે[૧૨૦] તો ન સ્ત્રીઓ સામે સંભોગની વાતચીત થાય ન કોઈ ગુનોહ ન કોઈની સાથે ઝઘડો[૧૨૧] હજના સમય સુધી થાય. અને તમે જે ભલાઈ કરો અલ્લાહ તેને જાણે છે[૧૨૨] અને ભાથુ સાથે લો કે બધાંથી શ્રેષ્ઠ ભાથુ પરહેઝગારી છે[૧૨૩] અને મારાથી બ્હીતા રહો અય બુદ્ધિમાનો[૧૨૪] (૧૯૭) તમારા પર કંઈ ગુન્હો નથી[૧૨૫] કે તમારા રબનો ફઝલ ઢુંઢો, તો જ્યારે અરફાતથી પરત થાવ[૧૨૬] તો અલ્લાહની યાદ કરો[૧૨૭] મશઅરે હરામની પાસે[૧૨૮] અને તેનું ઝિક્ર કરો જેમ કે તેણે તમને હિદાયત આપી, અને બેશક ! એ પહેલાં તમે ભટકેલા હતા[૧૨૯] (૧૯૮) પછી વાત એ છે કે હે કુરેશીઓ ! તમે પણ ત્યાંથી જ પરત થાવ જ્યાંથી લોકો પરત થયા છે[૧૩૦] અને અલ્લાહ પાસે માંગો, બેશક ! અલ્લાહ માફ કરનાર મહેરબાન છે (૧૯૯) પછી જ્યારે પોતાના હજના કાર્યો પૂર્ણ કરી ચૂકો[૧૩૧] તો અલ્લાહનું ઝિક્ર કરો જેવું પોતાના બાપ દાદાઓનું ઝિક્ર કરતા હતા[૧૩૨] બલ્કે એનાથી વધારે અને કોઈ એવું કહે છે કે હે અમારા પરવરદિગાર ! અમને દુનિયામાં આપ અને આખેરતમાં એનો કંઈ ભાગ નથી (૨૦૦)

## :: સમજૂતી ::

**૧૧૯.** શવ્વાલ ઝિલકઅદ અને ઝિલહજની દસ તારીખો. હજના કાર્યો આ સમય દરમ્યાન જ થઈ શકે છે.

**મસ્અલો** : જો કોઈએ આ દિવસો પહેલાં હજનો એહરામ બાંધ્યો તો જાઈઝ છે પણ કરાહત સાથે.

**૧૨૦.** અર્થાત હજને પોતાના પર જરૂરી અને વાજિબ કરી લે. એહરામ બાંધીને અથવા તલબિયા પઢીને અથવા કુર્બાની મોકલીને, તેના પર આ વસ્તુઓ જરૂરી છે જેમનું બયાન આગળ આવે છે.

**૧૨૧.** ''રફસ''નો અર્થ સંભોગ અથવા સ્ત્રીઓ સામે સંભોગ સંબંધી વાતચીત કરવાનો અથવા બિભત્સ વાતચીતનો થાય છે. નિકાહની ગણત્રી એમાં થતી નથી.

**મસ્અલો** : એહરામવાળા પુરૂષ કે સ્ત્રીના નિકાહ જાઈઝ છે, સંભોગ જાઈઝ નથી.

''ફુસૂક''નો મતલબ ગુનોહ અને બુરી બાબતોનો છે, ''જિદાલ''થી મુરાદ ઝઘડો છે, ભલે પછી તે પોતાના સાથીદારો કે નોકરો સાથે હોય કે અન્ય સાથે.

**૧૨૨.** ગુનાહોની મનાઈ પછી નેકીઓનું આકર્ષણ બતાડવામાં આવ્યું કે ફિસ્કને બદલે તકવો અને જિદાલને બદલે સારી આદતો કેળવો.

**૧૨૩. શાને નુઝૂલ** : યમનના અમુક માણસો કોઈ પણ જાતનો સરસામાન લીધા વગર જ હજ માટે રવાના થતા હતા અને પોતાને તવક્કુલ કરનાર કહેતા હતા. પછી જ્યારે મક્કા શરીફ પહોંચતા ત્યારે લોકો પાસે માગવાનું શરૂ કરતા, અને અમુક સમયે કોઈના માલ દબાવી લેવાના કે ખયાનત કરવાના ગુનાહ પણ કરી બેસતા હતા. તેમના વિશે આ આયત ઉતરી. અને હુકમ થયો કે ભાથુ લઈને નીકળો બીજાઓને બોજારૂપ ન બનો, સવાલ ન કરો કે શ્રેષ્ઠ ભાથુ પરહેઝગારી છે.

એક મંતવ્ય એવું છે કે તકવાનું ભાથુ સાથે લો. જેવી રીતે દુનિયાની સફર માટે ભાથુ જરૂરી છે એવી જ રીતે આખિરતની સફર માટે પરહેઝગારીનું ભાથુ જરૂરી છે.

**૧૨૪.** અર્થાત બુદ્ધિનો તકાદો એ છે કે અલ્લાહથી ડરવામાં આવે. જે અલ્લાહથી ન ડરે તે મૂર્ખાઓની જેમ છે.

**૧૨૫. શાને નુઝૂલ** : અમુક મુસલમાનોને એવો વિચાર આવ્યો કે જેણે હજ દરમ્યાન વેપાર કર્યો અથવા ઊંટ ભાડા પર ચલાવ્યાં તેની હજમાં શું બરકત ? ત્યારે આ આયત ઉતરી.

**મસ્અલો** : જ્યાં સુધી વેપાર હજના કાર્યોમાં રૂકાવટ ન નાખે ત્યાં સુધી વેપારની છૂટ છે.

**૧૨૬.** અરફાત એક સ્થળનું નામ છે. જ્યાં હાજીઓ મુકામ કરે છે. ઝહહાકનું કહેવું છે કે હઝરત આદમ અને હવ્વા رضی اللہ عنہا વિયોગ બાદ ફરી ૯મી ઝિલ્હજ્જના દિવસે અરફાતમાં મળ્યાં અને એક બીજાની ઓળખ થઈ, એટલે તે દિવસનું નામ અરફા (ઓળખાણનો દિવસ) અને તે જગ્યાનું નામ અરફાત (ઓળખાણનું સ્થાન) થયું. એક મંતવ્ય એવું છે કે તે દિવસે બન્દાઓ પોતાના ગુનાહોનો એઅતેરાફ (સ્વીકાર) કરે છે માટે તેનું નામ અરફાત પડયું. અરફાતમાં મુકામ કરવો હજ કરનાર માટે ફર્ઝ છે.

**૧૨૭.** તલબિયહ (લબ્બૈક...) તકબીર, ષના, દુઆની સાથે અથવા મગરિબ અને ઈશાની નમાઝ સાથે.

**૧૨૮.** જબલે કુઝહનું નામ મશઅરે હરામ છે જેના પર ઈમામ મુક઼ામ કરે છે.

**મસ્અલો** : વાદીએ મુહસ્સર સિવાય આખું મુઝદલફા મુકામ કરવાની જગ્યા છે. એમાં મુકામ કરવો વાજિબ છે. કારણ વગર એમ ન કરવાથી જાનવર કુર્બાન કરવું પડે છે અને મશઅરે હરામની પાસે મુક઼ામ કરવો વધારે સારૂં છે.

**૧૨૯.** ઈબાદત અને ઝિક્રનો તરીક઼ો વિગેરે કશું જાણતા ન હતા.

**૧૩૦.** કુરેશી લોકો મુઝદલફામાંથી મુકામ ઉઠાવતા ન હતા. અને અરફાતમાં બધા લોકોની સાથે મુકામ ન કરતા હતા. જ્યારે બધા લોકો અરફાતથી પરત થતા

ત્યારે તેઓ મુઝદલફાથી થતા હતા અને એમાં પોતાની મોટાઈ સમજતા હતા. આ આયતમાં તેઓને હુકમ કરવામાં આવ્યો કે બધાની સાથે જ અરફાતમાં મુકામ કરે અને એકી સાથે જ પરત થાય. આ જ હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ عليهم السلام ની સુન્નત છે.

**૧૩૧.** હજના તરીકાનું ટૂંકમાં બયાન આ મુજબ છે કે હાજી ૮ ઝિલહજના દિવસે મક્કા શરીફથી મિના તરફ રવાના થાય. ત્યાં અરફાના દિવસ એટલે કે ૯મી ઝિલ્હજ સવાર સુધી મુકામ કરે. તે જ દિવસે મિનાથી અરફાત આવે. ઝવાલ પછી ઈમામ બે ખુત્બા પઢે. આ જગ્યાએ હાજી ઝોહર અને અસરની નમાઝ ઈમામની સાથે ઝોહરના સમયમાં એકઠી કરીને પઢશે. આ બન્ને નમાઝો માટે એક જ અઝાન થશે અને તકબીરો બે પઢાશે. અને બંને નમાઝની વચમાં ઝોહરની સુન્નતો સિવાય બીજા નફ્લ પઢવામાં ન આવે. આ નમાઝો માટે ઈમામે આ'ઝમ જરૂરી છે. જો ઈમામે આ'ઝમ ન હોય અથવા ગુમરાહ કે બદમઝહબ હોય તો દરેક નમાઝ અલગ અલગ પોતાના સમયમાં પઢવામાં આવે અને અરફાતમાં સૂર્યાસ્ત સુધી રોકાઈ જાય. પછી મુઝદલિફામાં જાય અને કુઝહ પહાડ નજીક ઉતરે. મુઝદલફામાં મગરિબ અને ઈશાની નમાઝ ઈશાના સમયમાં એકત્ર કરીને પઢે અને ફજરની નમાઝ સમય શરૂ થતાં જ અંધારામાં પઢી લે. વાદીએ મુહસ્સર સિવાય આખુ મુઝદલફા અને વચલા ભાગ સિવાય આખુ અરફાત મુકામ કરવાનું સ્થળ છે. જ્યારે સવાર ખૂબ પ્રકાશિત થઈ જાય ત્યારે કુર્બાનીના દિવસે એટલે કે ૧૦મી ઝીલહજના દિવસે મિના તરફ આવે અને મેદાનમાં વચલા ભાગથી જમરએ અકબાને ૭ કાંકરા મારે. પછી અગર ઈચ્છે તો કુર્બાની કરે, પાછો મિનામાં આવી ત્રણ દિવસ પડાવ નાખે અને ૧૧મી તારીખે ઝવાલ પછી ત્રણે જમરાઓને કાંકરા મારે. તે જમરાથી શરૂ કરે જે મસ્જિદની નજીક છે, પછી જે એના બાદ છે તેને, પછી જમરએ અકબાને. દરેકને ૭–૭ વખતે. પછી બીજા દિવસે એવું જ કરે. પાછું ત્રીજા દિવસે એવું જ કરે પછી મક્કા શરીફમાં ચાલ્યો આવે. (વિગત ફિકહની કિતાબોમાં દર્શાવવામાં આવેલી છે.)

**૧૩૨.** જહાલતના સમયમાં અરબો હજ પછી કા'બા શરીફની પાસે પોતાના બાપ દાદાઓની મોટાઈ બયાન કર્યા કરતા હતા. ઈસ્લામમાં બતાવવામાં આવ્યું કે આ ખ્યાતિ અને ઘમંડની વાતો બેકાર છે. એના બદલે શોખથી અલ્લાહનું ઝિક્ર કરો.

**મસ્અલો** : આ આયતથી ઝિક્રે ઝહરી (જોરથી ઝિક્ર કરવું) અને ઝિક્રે જમાઅત (ભેગા મળીને ઝિક્ર કરવું) સાબિત થાય છે.

**જશ્ને મુજદ્દિદૈન** رحمۃ اللہ علیہما **દયાદરા** : ખાતે તા. ૮–૧૨–૨૦૧૫ મંગળવારે ૨૫ સફરના રોજ ઉર્સે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ નિમિત્તે અસરની નમાઝ બાદથી મગરિબ સુધી જશ્ને રઝા મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ દયાદરામાં મનાવાયો જેમાં પેશ ઈમામ કારી મકસૂદ કાવીવાળા સાહબે આ'લા હઝરતની લખેલ નઅતે પાક પુલસે ઉતારો.....પઢી માહોલને ઈશ્કે મુસ્તફાની સુવાસ ફેલાવી મોઅત્તર બાદમાં હઝરત મૌલાના તૌસીફરઝા હલદરવીએ શાને રઝામાં શાનદાર બયાન કર્યું હતું.

તેમજ તા. ૧૦–૧૨–૨૦૧૫ ૨૭ સફરના રોજ હઝરત મુજદ્દિદે અલ્ફેષાની સરહિંદી મુજદિદી رحمۃ اللہ علیہ તથા આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની શાનમાં "જશ્ને મુજદ્દિદૈન" મોટા ચકલા પર ઈશા બાદ રાખેલો તેમાં મૌલાના ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર) સાહબે બંને બુઝુર્ગોની શાન જાહેર કરીને ઈમાનની મજબૂતી તથા અમલની ઈસ્લાહ સંબંધે તેમનાં નક્શે કદમ પર ચાલવા અસરકારક બયાન કર્યું હતું. જનાબ હાફિઝ હસન રઝવી (બોલ્ટન, યુ.કે.) સાહબ તેમજ અન્ય ઉલમા, ઈમામોએ હાજરી આપી હતી.

# મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

દર્સે હદીસે પાક એટલે **મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત** કાર્યાલય

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

**હદીષ :** હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺ ને એ પાણીના બારામાં પૂછવામાં આવ્યું જે મેદાની જમીનમાં હોય અને એના પર ચોપગાં અને જંગલી (ફાડી ખાનાર) જાનવર આવતાં હોય. ફર્માવ્યું, જ્યારે પાણી બે કુલ્લા (કૂજા) હોય તો ગંદકીને નથી ઉઠાવતુ[૧]. *(અહમદ, અબૂ દાઊદ, તિર્મિઝી, નિસાઈ, દારમી, ઈબ્ને માજહ)* અબૂ દાઊદની બીજી રિવાયતમાં છે કે તે નાપાક નથી થતુ.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ શું અમે બુઝાઅહ કૂવાથી વુઝૂ કરીએ ?[૨] તે એવો કૂવો હતો જેમાં હૈઝનાં કપડાં, કૂતરાંનો ગોશ્ત તથા ગંદકીઓ નાખવામાં આવતી હતી[3]. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તે પાણી પાક છે, તેને કોઈ ચીજ નાપાક નથી કરતી[૪]. *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, તથા નિસાઈ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, એક શખ્સે રસૂલુલ્લાહ ﷺ ને સવાલ કર્યો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ અમે સમુદ્રમાં સવાર થઈએ છીએ અને અમારી સાથે થોડુ પાણી લઈ જઈએ છીએ. જો એનાથી વુઝૂ કરી લઈએ તો તરસ્યા રહી જઈએ. તો શું અમે સમુદ્રના પાણી વડે વુઝૂ કરતા રહીએ[૫]. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, સમુદ્રનું પાણી પાક છે[૬] અને એનું મુરદાર હલાલ[૭]. *(માલિક, તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આ હદીષ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ની દલીલ છે કે બે માટલાં પાણી ગંદકી પડવાથી નાપાક નથી થતું. માટલાંથી માટીનાં માટલાં મુરાદ લે છે જે અઢી મશકનું હોય છે અને શરઈ પચાસ મણનું. રાફઝીઓ પણ એવું જ કહે છે. આપણા ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ આ હદીષ પર કેટલીક રીતે ચર્ચા કરે છે : એક એ કે આ હદીષ સહીહ નથી, ત્યાં સુધી કે ઈમામ બુખારીના ઉસ્તાદ અલી ઈબ્ને મદયની ફર્માવે છે કે આ હદીષ સહાબાના ઈજમાઅની વિરૂધ્ધ છે કે એકવાર ઝમઝમના કૂવામાં એક હબ્શી પડીને મૃત્યુ પામ્યો તો હઝરત ઈબ્ને અબ્બાસ તથા ઈબ્ને ઝુબેર رضی اللہ عنہما એ તમામ સહાબાની મૌજૂદગીમાં કૂવો પાક કરવાનો હુકમ આપ્યો. કોઈએ ઈન્કાર ન કર્યો. જો કે ઝમઝમના કૂવામાં હજારો કૂજા પાણી હતું. ત્રીજુ એ કે "કુલ્લા" શબ્દ અનેક અર્થવાળો છે, જેના ઘણા અર્થો છે. જેમ કે પહાડની ટોચ, ઊંટની ખાંધ, માથાની ખોપરી, મોટો માટલાં સૌને કુલ્લા કહેવામાં આવે છે. વળી માટલાની માત્રા હદીષમાં નિશ્ચિત નથી. આટલા પ્રમાણમાં અસ્પષ્ટતા હોવા છતાં આ હદીષ પર અમલ કઈ રીતે કરવામાં આવી શકે છે ?! ચોથુ એ કે આ હદીષ ઈમામ શાફઈની પણ વિરૂધ્ધ છે, કેમ કે આપ ફર્માવે છે કે જો ચોખ્ખા પાણીમાં એટલી ગંદકી પડી જાય જેનાથી પાણીનો સ્વાદ અથવા રંગ બદલાય જાય તો પાણી નાપાક થઈ જાય છે. પણ આ હદીષના ભાવાર્થથી માલૂમ પડે છે કે કદી નાપાક નથી થતું ! પાંચમુ એ કે આ હદીષ આ અર્થમાં અન્ય સહીહ હદીષોની વિરૂધ્ધ થશે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે થીજેલા પાણીમાં પેશાબ ન કરો.

તેમજ ઈર્શાદ ફર્માવ્યો કે જ્યારે કૂતરો પાણીના વાસણમાં મોં નાખી દે તો પાણી પણ નાપાક અને વાસણ પણ ગંદુ થઈ ગયું. આ બંનેવ હદીષમાં કુલ્લતૈન (બે કુલ્લા)નો અપવાદ નથી કરવામાં આવ્યો. છઠ્ઠુ એ કે لَمْ يَحْمِلْ નો અર્થ એ પણ થઈ શકે છે કે કુલ્લતૈનમાં પાણી નજાસત (નાપાકી)ને વેઠતુ નથી એટલે કે નાપાક થઈ જાય છે. રબ ફર્માવે છે : مَثَلُ الَّذِيْنَ حُمِّلُوا التَّوْرَاةَ ثُمَّ لَمْ يَحْمِلُوْهَا ઉર્ફમાં કહેવામાં આવે છે કે ફલાણો શખ્સ આઘાત નથી સહી શક્તો. સાતમુ એ કે આ હદીષનો અર્થ આ પણ થઈ શકે છે કે જ્યારે વહેતા પાણીને બે માણસોના કદના બરાબર વહેવાનો મોકો મળી જાય તો ગંદકી પડવાથી નાપાક થશે નહીં, તે વહેતુ પાણી છે, એ રીતે એક ખાડેથી પાણી આવે છે બીજામાં પડી રહ્યું છે. બંને ખાડાઓની વચ્ચે બે માનવ કદ લગભગ ૧૦ ફૂટનું અંતર છે, તો કેમ કે એ પાણી વહેતુ છે જેથી તે ગંદકીથી નાપાક થશે નહીં. આ સ્થિતિમાં હદીષ પર કોઈ વાંધો આવશે નહીં. જેથી ઈમામે આ'ઝમનો મઝહબ ઘણો જ મજબૂત છે. એની સંપૂર્ણ તેહકીક઼ અમારી કિતાબ "જા અલ હક્ક઼" ભાગ–રમાં જુઓ.

**૨.** આ કૂવો મદીના મુનવ્વરા બની સાઅદા મહોલ્લામાં આવેલો છે. બની સાઅદા ખઝરજનો એક ક઼બીલો છે. ફક઼ીરે (લેખકે) આ કૂવાની ઝિયારત પણ કરી છે અને એનું પાણી પણ પીધું છે.

**૩.** એટલે કે આ કૂવો જાણે કચરા વગેરેથી દટાય ગયેલો હતો કે મદીનાના ગલી કૂચા સાફ કરીને કચરો પૂજા ત્યાં નાખી દેવામાં આવતો હતો, જેમ કે આપણે ત્યાં પણ એવા ખાડા જોવામાં આવે છે.

**૪.** اَلْمَاءُમાં અલિફ લામ અહદી છે, એટલે કે એ પાણી પાક છે, આ ગંદકીઓથી નાપાક નથી થતું. ઈમામ શાફઈની નજીક તો એટલા માટે કે તે પાણી કુલ્લતૈનથી વધુ હતું. ઈમામે આ'ઝમની નજીક એટલા માટે કે તે પાણી વહેતુ હતું એટલે દટાયેલી નહેર પર આ કૂવો આવેલો હતો. જેમ કે મક્કા મુકર્રમામાં નહરે જુબૈદા પર અને મદીના તયબહમાં નહરે ઝુરક઼ા પર સર્વ કૂવાઓ છે જે જાહેરમાં કૂવા જણાય છે પણ હક઼ીક઼તમાં ઢંકાયેલી નહેર છે. ઈમામે આ'ઝમનો ક઼ૌલ ક઼વી (મજબૂત) છે કેમ કે કુલ્લતૈન તો શું સેંકડો કુલ્લા (કૂજા) પાણી આટલી ગંદકી પડવાથી બગડી જશે. આપણા કૂવાઓમાં જો એક બિલાડી ફૂલી ફાટી જાય તો પાણી સડી જાય છે, જેથી આ હદીષ ઈમામ શાફઈની ખિલાફ થશે. હા ! વહેતુ પાણી કે જે સર્વ કાંઈ વહાવીને લઈ જશે એટલા માટે એના નાપાક થવાનો સવાલ જ ન ઉભો થતો. આજે પણ બીરે સનાઆ વગેરે (કૂવા)માં ઝાંકીને જુઓ તો પાણી વહેતુ જોવા મળે છે.

**૫.** પ્રશ્ન કરનારને શંકા એ હતી કે સમુદ્રનું પાણી સખત કડવું છે, પીવા લાયક નથી જેથી આ આયત હેઠળ નથી આવતું : وَاَنْزَلْنَا مِنَ السَّمَآءِ مَاءً طَهُوْرًا કેમ કે વરસાદનું પાણી મીઠુ અને પાક કરનાર છે અને સમુદ્રનું પાણી મીઠુ નથી, તો જોઈએ કે પાક કરનાર પણ ન હોય.

**૬.** એટલે કે સમુદ્રના પાણીનો એ સ્વાદ અસલી છે. અથવા વધુ ઠહરવાને કારણે તેની નાપાકીએ એનો સ્વાદ નથી બદલ્યો જેથી પાક છે, પાક કરનાર પણ છે. યાદ રાખશો કે જો કૂવાનું પાણી ખૂબ જ રોકાયેલુ રહેવાના કારણે સ્વાદ વિનાનું અથવા બદબૂદાર થઈ જાય તો પાક રહેશે.

**૭.** હનફીઓ (અહનાફ)ની નજીક એનો અર્થ એ છે કે માછલીને ઝબહ કરવી જરૂરી નથી. જો આપણી પાસે આવીને મરી જાય અથવા સમુદ્રનું મોજુ વહાવીને કિનારે ફેંકી જાય જેનાથી એ મરી જાય તો હલાલ છે, પણ જો પોતાની બીમારીથી મરીને પાણી પર તરવા લાગે તો હરામ છે, કેમ કે હવે તે સમુદ્રનું મુરદાર નથી બલ્કે બીમારીનું મુરદાર છે. કેટલાક ઈમામોએ એનો અર્થ એ સમજ્યો કે પાણીમાંની દરેક ચીજ હલાલ છે ત્યાં સુધી કે દેડકો, કાચબો વગેરે પણ. પરંતુ એ અર્થ દુરુસ્ત નથી, કેમ કે દરિયાઈ ઈન્સાન અને દરિયાઈ સુવ્વરને તેઓ પણ હરામ જાણે છે તો તેમણે હદીષમાં ક઼ૈદ (શર્ત) લગાડવી પડશે.

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

સંપાદક : **મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

### શબે મેઅરાજની ફઝીલત

મઝકૂર મહિનાની (રજબની) ૨૭ તારીખે હિ.સ. ૬૫૫ના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. શયખ જમાલુદ્દીન મુતવક્કિલ અને અન્ય અઝીઝ ખિદમતમાં હાજર હતા. અને શમ્સ તથા બિરાદર નજમુદ્દીન પણ બેઠેલા હતા. શબે મેઅરાજ અને એની ફઝીલતના બારામાં ચર્ચા થઈ રહી હતી. ઝબાન મુબારકથી ફર્માવ્યું કે માહે રજબની ૨૭મી રાત ઘણી મહાન મર્તબાવાળી છે, કેમ કે એ રાત્રે આં હઝરત ﷺને મેઅરાજ નસીબ થઈ હતી. જે શખ્સ (ઈબાદત માટે) એ રાતમાં જાગે છે તે જાણે તેની શબે મેઅરાજ હોય છે અને મેઅરાજની સઆદત (સદ્‌ભાગ્ય) તેને હાંસલ થાય છે, અને તેનો સવાબ એના આમાલનામામાં લખવામાં આવે છે.

પછી ફર્માવ્યું કે એકવાર હું બગદાદની તરફ સફર કરી રહ્યો હતો. એક શહેરમાં બુઝુર્ગો અને તેમના મસ્કન (રહેઠાણ) વિશે પૂછયું, છેવટે એક દુરવેશનો પતો લાગ્યો જે દજલાના કિનારે ગુફામાં રહેતા હતા. જ્યારે ત્યાં પહોંચ્યો તો તેમને નમાઝમાં મશગૂલ પામ્યા. નમાઝથી ફારિગ થતા સુધી ત્યાં જ રોકાયેલો રહ્યો, બાદમાં આદાબ બજાવી લાગ્યો. મને બેસવાનો ઈશારો કર્યો તો હું બેસી ગયો. જે દબદબા તથા અઝમતવાળા એ બુઝુર્ગને જોયા છે એવો કોઈને નથી જોયો. તેમનો ચહેરો ૧૪મીના ચાંદની જેમ ચમકતો હતો. મને પૂછયું કે ક્યાંથી આવો છો ? અર્ઝ કરી, અજોધનથી. ફર્માવ્યું, જે શખ્સ ઈરાદતથી બુઝુર્ગોની ખિદમતમાં હાજર થાય છે તે બુઝુર્ગ થઈ જાય છે. જ્યારે આ વાત ફર્માવી તો હું આદાબ બજાવી લાગ્યો.

ત્યારબાદ પોતાની કહાની આ પ્રમાણે શરૂ કરી કે મૌલાના ફરીદ ! પચાસ વરસથી આ ગુફામાં રહું છું. મારો ખોરાક ઘાસ તથા તણખલાં છે. હું ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہના મુરીદોમાંથી છું. આ રાત જે ગુજરી ગઈ છે એ ૨૭મી રજબ હતી, જો તું ચાહે તો હું એ રાતની ફઝીલત વર્ણન કરું. હું આદાબ બજાવી લાવ્યો. ફર્માવ્યું, ત્રીસ વરસથી મને ખબર નથી કે રાત કેવી હોય છે ! હું કદી નથી સૂતો. પણ ગઈ કાલે રાત્રે હું મુસલ્લા પર સૂઈ ગયો તો શું જોઉં છું કે પહેલા આસ્માનના સિત્તેર હજાર મુકર્રબ ફરિશ્તા જમીન પર આવેલા છે અને મારી રૂહ ઉપર લઈ ગયા છે. જ્યારે પ્રથમ આસ્માન પર પહોંચ્યો તો શું જાઉં છું કે ત્યાં ફરિશ્તા આસ્માનની તરફ આંખો માંડીને આ તસ્બીહ પઢી રહ્યા છે. : سُبحَانَ ذِی المُلْكِ وَالْمَلَكُوتِ (સુબ્હાન ઝિલ્મુલ્કિ

વલ્મલકૂત) અવાજ આવ્યો કે જે દિવસથી એઓ પેદા થયા છે ત્યારથી ઉપરની તરફ આંખો જમાવીને આ જ તસ્બીહ પઢી રહ્યા છે. પછી મારી રૂહને બીજા અસ્માન પર લઈ ગયા. સારાંશ કે એ જ પ્રમાણે દરેક આસ્માનમાં કુદરતની અજાયબીઓ જોતો ગયો.

જ્યારે અર્શની નીચે પહોંચ્યો તો અવાજ આવ્યો કે થોભી જાવ ! તો હું થોભી ગયો. તમામ અંબિયા તથા અવલિયા ત્યાં મૌજૂદ હતા. મારા પીર ખ્વાજા જુનેદ બગદાદી رحمۃ اللہ علیہને પણ જોયા જેઓ માથુ નમાવીને ઉભેલા છે અને કાંઈ બોલતા નથી. અવાજ આવ્યો કે, હે ફલાણા ! મેં કહ્યું, હે બારી તઆલા ! હાજર છું ! હુકમ થયો, ઉમદા મૌક઼ા પર આવ્યો છે, જે ઈબાદતનો હક્ક઼ છે તેને તેં બજાવ્યો છે, હવે તારી ઈબાદતનો બદલો એ જ છે કે ઈલ્લીય્યીનમાં રહે. હું ખુબ જ ખુશ થયો અને શુક્રનો સજદો કર્યો. હુકમ થયો કે માથુ ઉઠાવ ! તો મેં માથુ ઉઠાવ્યું. મેં પૂછયું કે આનાથી ઉપર જાઉં ? અવાજ આવ્યો કે આનાથી ઉપર તું નથી જઈ શક્તો કેમ કે તારી આ જ મેઅરાજ છે. જ્યારે તું કામમાં અધિક તરક્કી કરીશ તો તારો મુક઼ામ અધિક બુલંદ થઈ જશે. જે લોકો તારા જેવા કામિલ છે એમનો મક઼ામ હિજાબે અઝમત સુધી છે. જ્યારે મેં આ અવાજ સાંભળ્યો તો મારા બુઝુર્ગવાર શયખ જેનદ رحمۃ اللہ علیہની ખિદમતમાં આવીને ક઼દમબોસી કરી. મેં પૂછયું કે આપે માથુ કેમ નમાવેલુ છે ? ફર્માવ્યું, "જ્યારે તને ત્યાંથી લાવવામાં આવ્યો ત્યારે હું ચિંતામાં હતો કે ક્યાંક તું અમારી વિરૂધ્ધ ન હોય, અથવા અલ્લાહ તઆલાની બંદગીમાં ઉણપ ન કરી હોય કે જેનાથી મારે શરમિંદા થવું પડે, અને કહેવામાં આવે કે જુનેદનો મુરીદ એનાથી વિરૂધ્ધ હતો. "જ્યારે હું જાગ્યો તો મને આ સ્થળે પામ્યો. તો હે ફરીદ ! જે શખ્સ અલ્લાહ તઆલાના કામમાં છે અલ્લાહ તઆલા એના કામમાં હોય છે. આ સ્થિતિમાં મુરીદે જોઈએ કે કામ કરવામાં પોતે પોતાને આગળ વધારે.

પછી ફર્માવ્યું કે જે શખ્સ રાત્રે (રબની ઈબાદતમાં) જાગતો રહે છે તેને જરૂર આ સઆદત (નેકબખ્તી) હાંસલ થઈ જાય છે. હું એ બુઝુર્ગની ખિદમતમાં રહ્યો જે ઈશાની નમાઝ પછી મઅકૂસ કરતા હતા અને હમેશાં પોતાના પગો બાંધેલા રાખતા અને પોતાને આડા પડેલ રાખતા ત્યાં સુધી કે સવાર થઈ જતી.

ત્યારબાદ શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે આ રાતમાં (૨૭મી રજબમાં) સો રકાત નમાઝ અદા કરવાનો હુકમ છે. દરેક રકાતમાં સૂરએ ફ઼ાતિહા પછી પાંચવાર સૂરએ ઈખ્લાસ પઢે. નમાઝથી ફ઼ારિગ થઈને સો વાર દુરૂદ પઢે. ત્યારબાદ સજદામાં માથુ રાખીને જે દુઆ કરે તે ઈન્શાઅલ્લાહ ક઼બૂલ થશે.

ત્યારબાદ ફર્માવ્યું છે કે શયખ મોઈનુદ્દીન સંજરી رحمۃ اللہ علیہથી સાંભળ્યું છે કે મેઅરાજની રાત રહમતની રાત હોય છે. જે આ રાત્રે (ઈબાદતમાં લાગીને) જાગતો રહે તો ઉમ્મીદ છે કે અલ્લાહની રહમતથી નિરાશ નહીં થાય.

ત્યારબાદ ફર્માવ્યું કે પયગંબરે ખુદા ﷺ ફર્માવે છે કે મેઅરાજની રાતે આસ્માનથી સિત્તેર હજાર મુક઼ર્રબ ફ઼રિશ્તા નૂરના ભરેલા થાળ લઈને નીચે આવે છે અને દરેક ઘરમાં જાય છે. જે શખ્સ આ રાતમાં જાગે છે અને ગુનાહ નથી કરતો, તો હુકમે ઈલાહી થાય છે કે એમનાં માથાં પર આ નૂરના થાય નિછાવર કરવામાં આવે. શયખુલ ઈસ્લામે અશ્રુમય આંખે ફર્માવ્યું કે શા માટે લોકો પોતાને આ નેઅમતથી મેહરૂમ રાખે છે અને અલ્લાહ તઆલાના કામમાં ગફલત કરે છે ?! શયખુલ ઈસ્લામ આ જ ફ઼વાઈદ વર્ણવી રહ્યા હતા એવામાં શયખ બદરુદ્દીન ગઝનવી છ દુરવેશો સાથે ખિદમતમાં હાજર થયા અને આદાબ બજાવી લાવ્યા, તો આપને બેસવાનો હુકમ થયો.

**મુજરિમોંકો ઢુંઢતી હૈ રહમતકી નિગાહ**
**તાલેએ બરગશ્તા તેરી સાઝગારી વાહ ! વાહ**

*(તાલેએ બરગશ્તા = ઉલ્ટા નસીબવાળા, બદનસીબ, સાઝગારી = નિભાવવું)*

**અર્થાત :** આ બાજુ આપણી હાલત તો એવી છે કે દરેક પળે એક નવો ગુનોહ કરી રહ્યા છીએ અને પેલી બાજુ કયામતના દિવસે આપણા આકા ﷺની હાલત એ હશે કે આપની રહમત ખુદ મુજરિમો પર શફાઅતનો સાયો કરવાના માટે શોધી રહી હશે. વાહ રે મુજરિમ ! તું હતો તો બદનસીબ, પરંતુ તારી બદનસીબીની સાથે હુઝૂર ﷺની રહમતે કેવી રીતે નિભાવીને તારો બેડો પાર કર્યો છે !

*જાએગી હંસતી હૂઈ ખલામેં ઉમ્મત ઉન્કી—કબ ગવારા હૂઈ અલ્લાહકો રિક્કત ઉન્કી*
*પાર હો જાએગા એક આનમેં બેળા અપના—કામ કર જાએગી મહશરમેં શફાઅત ઉનકી*

**અર્ઝ બયગી હૈ શફાઅત અફવકી સરકાર મેં**
**છટ રહી હૈ મુજરિમોંકી ફર્દ સારી વાહ ! વાહ !**

*(છટ રહી હૈ = પૂછતાછ થઈ રહી છે, ફર્દ = હિસાબ કિતાબની યાદી,*
*અર્ઝ બયગી હૈ = અહલકાર (કાર્યકર)ની સાથે દરખાસ્ત મોકલી છે)*

**અર્થાત :** અલ્લાહ તઆલાની બારગાહના ખાસ કાર્યકર્તાઓ (ફરિશ્તાઓ) હુઝૂર ﷺની શફાઅતના કારણે યાદીઓ લઈને બેસી ગયા છે અને ધડાધડ હુઝૂરની શફાઅતની ખુશખબરી ગુનેહગારોને સંભળાવી રહ્યા છે. ફલાણો આવી જાય ! ફલાણીની શફાઅત થઈ ગઈ ! ફલાણો પણ બખ્શવામાં આવ્યો ! લો હવે મારી પણ જુર્મના હિસાબ કિતાબની યાદી રજૂ થઈ ગઈ ! આ લો મને પણ શફાઅતની ખુશખબરી સંભળાવવામાં આવી ! કેમ કે હુઝૂર ﷺએ ફર્માવ્યું છે : "મારી શફાઅત મોટા મોટા ગુનેહગારો માટે છે." અને આપ ﷺએ એ પણ ફર્માવ્યું છે કે "હું ત્યાં સુધી રાજી નહીં થાઉં જ્યાં સુધી કે મારો એક ઉમ્મતી પણ દોઝખમાં રહેશે." અને અલ્લાહે તો તેમને ગમે તેમ રાજી કરવાના છે. ولسوف يعطيك ربك فترضىٰ (સુબ્હાનલ્લાહ !)

**ક્યા મદીનેસે સબા આઈ કે ફૂલોંમેં હૈ આજ**
**કુછ નઈ બૂ ભીની ભીની પ્યારી વાહ ! વાહ !**

**અર્થાત :** ત્યારે હું કહીશ કે આજે ફૂલોએથી ઘણી ભીની ભીની તથા પ્યારી પ્યારી ખુશ્બુ શાથી આવી રહી છે ? આ તેમની પોતાની તો નથી લાગતી ?! હા ! હા ! ખબર પડી કે મદીનાથી બાદે સબા (સવારની હવા) ચાલી છે જેણે ફૂલોમાં આટલી ઉમદા પ્રકારની ખુશ્બુ પેદા કરી દીધી છે.

*હૈ તેરે હી દમ કદમસે મેરી ઝિંદગી સુહાની—હૈ ચમનકી તાઝગીમેં તેરે નૂરકા નઝારા*

**ખૂદ રહે પર્દે મેં ઔર આઈના અકસ ખાસકા**
**ભેર કર અંજાનોંસે કી રાઝદારી વાહ ! વાહ !**

*(રાઝદારી = રાઝ છુપુ રાખવું, અમુક નુસ્ખાઓમાં "રાહદારી" છે જેનો અર્થ રસ્તેથી પસાર થવાનો પરવાનો)*

**અર્થાત** : આ શેઅર જો કે અમુક નુસ્ખાઓમાં નથી તેમ છતાં એના બે ભાવાર્થ થઈ શકે છે, એક એ કે અલ્લાહ તઆલા ખુદ તો નજર નથી આવતો પરંતું પોતાના જલ્વા મહબૂબને અતા કરી આપ્યા અને મહબૂબના થકી પોતાની મખ્લૂક઼ની (કે જે ગુમરાહીમાં ફસાતી ફરી રહી હતી) રહનુમાઈ ફર્માવી. કુર્આન મજીદની આયત : **وان كانوا من قبل الفى ضلل مبين** તથા **من رانى فقدراى الحق** હદીષને મિલાવીને અને સમજીને પઢવાથી જમાલના અકસ (પ્રતિબિંબ)નો આઈનો અને અજાણ્યાઓનો તસવ્વુર આયત વડે સારી રીતે સમજમાં આવી જાય છે. ડો. ઈકબાલ ફર્માવે છે :–

*રુએ મુસ્તફા હૈ વો આઈના કે અબ ઐસા દુસ્રા આઈના–ન હમારી બઝ્મે ખયાલમેં ન દુકાને આઈના સાઝમેં*

જ્યારે કે બીજો ભાવાર્થ એ છે કે અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ ખુદ તો પર્દામાં (રોઝા અન્વરમાં) તશરીફ લઈ ગયા, પરંતું પોતાના ખાસ પ્રતિબિંબ (આઈનાએ અકસ ખાસ એટલે સહાબા, અહલે બયતે અત્હાર તથા અવલિયાએ કિરામ)ને લોકોના માર્ગદર્શન માટે દુનિયાના વિવિધ ભાગોમાં મોકલી આપ્યા. તેમની તઅલીમાત, અખ્લાક઼ તથા કિરદાર હુઝૂર ﷺના જલ્વાઓથી ફયઝયાબ છે અને તેમની સૂરતમાં હુઝૂર મદીનામાં રહીને પણ જાણે દરેકના સામે જલ્વાફર્મા (હાજર) છે.

*કૌન કહતા હૈ આક઼ા મદીનેમેં હૈં, મેરી આંખોંમેં હૈં મેરે સીને મેં હૈં*
*જલ્વએ મુસ્તફા હો અગર સામને, લઝ્ઝતેં કિસ ક઼દર અશ્ક પીનેમેં હૈં*

**ઈસ તરફ રોઝેકા નૂર ઉસ સિમ્ત મિમ્બરકી બહાર**
**બીચમેં જન્નતકી પ્યારી પ્યારી કયારી વાહ ! વાહ !**

**અર્થાત** : સુબ્હાનલ્લાહ ! હે મુસ્તફા ﷺના આશિક઼ો ! જરા મદીના શરીફ જઈને તો જુઓ ! એક તરફ રોઝાએ અન્વરનું નૂર છે અને બીજી તરફ મારા આક઼ા ﷺના મિમ્બરની બહારો છે, અને વાહ ! વાહ ! દરમિયાનનો હિસ્સો ફર્માને રસૂલ ﷺ છે : "મારા ઘર (રોઝા) અને મારા મિમ્બરની વચ્ચેની જગા જન્નતના બાગોમાંથી એક બાગ છે." એ તો જન્નતની પ્યારી પ્યારી જમીનનો પ્યારો પ્યારો ટુકડો છે ! આવો હસીન મંઝર વળી તમને ક્યાં જોવા મળશે ?! ત્યાં જાવ અને પોતાના આક઼ા ﷺની બારગાહમાં, રોઝાએ રસૂલ ﷺ અને મિમ્બરે રસૂલ ﷺની વચ્ચે જન્નતની કયારીમાં બાઅદબ માથુ ઝુકાવીને આપણા આક઼ા તથા શબે અસ્રાના દુલ્હાને દુરૂદોના ગજરા અને સલામોના સેહરા ઝુમી ઝુમીને પેશ કરો.

**સદક઼ે ઈસ ઈનામ કે કુર્બાન ઈસ ઈકરામ કે**
**હો રહી હૈ દોનોં આલમમેં તુમ્હારી વાહ ! વાહ !**

**અર્થાત** : હે મારા પ્યારા નબી ! ﷺ અલ્લાહના આ ઈનામ પર નિછાવર થઈ જાઉં ! અને જે તેણે આપને ઈજ્જત અતા કરી છે એના પર કુર્બાન જાઉં કે બંને જહાનમાં આપની જ અઝમતની ચર્ચાઓ થઈ રહી છે, અને કેમ ન થાય કે આપના જ માટે અને આપના જ સદક઼ામાં બંનેવ જહાન બનાવવામાં આવ્યાં છે. આપ ન હોત તો ન ફૂલમાં ખુશ્બુ હોત ન બુલબુલનું તરન્નુમ (ગીત, કલરવ) હોત ન કળીઓનું તબસ્સુમ (સ્મિત) હોત. **لو لاك لما خلقت الا فلاك ـ لولاك لما اظهرت الربوبية**

વધુ પેજ નં. ૨૬....પર

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## જુર્મ અને એના કફ્ફારાનું બયાન

**મસ્અલા** : મુહરિમ જો જાણી બુઝીને કોઈ કારણ વગર જુર્મ કરશે તો કફ્ફારો વાજિબ થશે ઉપરાંત ગુનેહગાર પણ થયો ગણાશે. પરિણામે એવી હાલતમાં તૌબા પણ વાજિબ થશે. ફકત કફ્ફારાથી પાક થશે નહીં ત્યાં સુધી કે તૌબા ન કરે અને જો ભૂલથી અથવા કોઈ કારણસર (જુર્મ) હશે તો કફ્ફારો પૂરતો છે. જુર્મનો કફ્ફારો ગમે તેમ પણ લાઝિમ છે. જાણીને હોય, ભૂલથી હોય, એનો જુર્મ થશે એવું જાણતો હોય કે ન જાણતો હોય, મજબૂરન ઊંઘમાં હોય કે જાગૃત અવસ્થામાં હોય, નશા યા બેહોશી કે હોશમાં હોય, એણે પોતે કર્યો હોય કે બીજાના હુકમથી કર્યો હોય.

**સૂચના** : આ બયાનમાં જ્યાં **દમ** કહેવામાં આવે ત્યાં એનાથી મુરાદ એક બકરી યા ઘેટું હશે અને **બદના** થી મુરાદ ઊંટ યા ગાય હશે. આ જાનવરો કુર્બાનીની શરતો પ્રમાણેના જાનવરો હોવા જોઈશે અને **સદક઼ા**થી મુરાદ અડધો સાઅ ઘઉં અથવા એક સાઅ જવ અથવા ખજૂર અથવા એની કિંમત છે.

**મસ્અલા** : જ્યાં દમ હુકમ લાગુ પડતો હોય અને તે જુર્મ મજબૂરન કરવો પડયો હોય તો એમાં એવું થઈ શકે છે કે દમના બદલામાં છ (૬) ફકીરોને દરેકને એક એક સદકો આપી દે અથવા છ (૬) ફકીરોને બે વખત પેટ ભરીને ખવડાવે અથવા ત્રણ રોઝા રાખે. અને જે જુર્મમાં સદકો આપવાનો હુકમ છે અને તે જુર્મ મજબૂરન કરવામાં આવ્યો હોય તો એમાં સદક઼ાને બદલે એક રોઝો રાખી લેવો.

**મસ્અલા** : જ્યાં એક દમ અથવા એક સદક઼ો (આપવાનો) છે ત્યાં કારિન માટે બે છે (બે આપવાના રહેશે).

**મસ્અલા** : શુક્રાનાની કુર્બાનીને પોતે ખાવ, ગનીને ખવડાવો, મિસ્કીનોને ખવડાવો, કફ્ફારાની (કુર્બાનીમાં) ફક્ત મોહતાજોનો હક્ક છે.

## ★ ખૂશ્બૂ અને તેલ લગાડવું ★

જો ઘણી ખૂશ્બૂ લગાવવામાં આવી કે જેથી ઘણા લોકો (ખૂશ્બૂ) મેહસૂસ કરી શકે ભલે પછી તે શરીરના કોઈ અવયવના થોડા ભાગમાં અથવા કોઈ મોટા અવયવ પર જેમ કે માથુ, મોઢું, જાંઘ, પીંડીઓ પર લગાડેલ હોય અથવા ભલે ખૂશ્બૂ થોડી હોય. એ બંને હાલતમાં દમ આપવો (પડશે) અને જો થોડીક ખૂશ્બૂ કોઈ અવયવના થોડા ભાગ પર લગાડવામાં આવી હોય તો સદક઼ો આપવો પડશે. *(આલમગીરી)*

**મસ્અલા** : કપડાં અથવા પથારી પર (બિસ્તરા પર) ખૂશ્બૂ મસળવામાં આવી હોય તો ખુદ ખૂશ્બૂનું માપ જોવામાં આવશે. જો વધારે હશે તો દમ અને ઓછી હશે તો સદક઼ો આપવો પડશે. *(આલમગીરી)*

**મસ્અલા** : જો ખૂશ્બુદાર ફળ અથવા ફૂલને સુંઘવામાં આવ્યું હોય જેમ કે લીંબુ, નારંગી, ગુલાબ, ચમેલી, બેલે, જૂહી વગેરેનાં ફૂલ તો એને માટે કોઈ કફ્ફારો નથી, પરંતુ મુહરિમે ખૂશ્બૂ સુંઘવી મકરૂહ છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : એહરામ બાંધતા પહેલાં ખૂશ્બૂ લગાડવામાં આવી હોય અને એહરામ બાંધ્યા

પછી તે ખૂશ્બૂ શરીરના કોઈ ભાગને લાગી જાય તો કફ્ફારો નથી. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : એક કે બે વખત ખુશ્બોદાર સૂરમો લગાડવામાં આવ્યો તો સદકો આપો. એનાથી વધારે લગાડવામાં દમ આપવો. જે સૂરમામાં ખૂશ્બૂ ન હોય તેનો ઉપયોગ કરવામાં વાંધો નથી. જો કે જરૂરત હોય તો જ બાકી જરૂરત વગર ઉપયોગ કરવો મકરૂહ છે. *(મનાસિક, આલમગીરી, બહાર)*

**મસ્અલા** : જો ફક્ત ખૂશ્બૂ જેમ કે મુશ્ક, જાફરાન, લવીંગ, એલચી, દાળ વરીયાળી વગેરે એટલા પ્રમાણમાં ખાધી કે જેનાથી મોઢાના મોટા ભાગમાં લાગી ગઈ તો દમ આપવાનો છે, નહીંતર સદકો.

**મસ્અલા** : પીવાની વસ્તુમાં જો ખૂશ્બૂ મેળવવામાં આવી જેમાં ખૂશ્બૂ વિશેષ પ્રમાણમાં છે. અથવા ત્રણ વખત અથવા વધારે પીવામાં આવી તો દમ આપવાનો છે, નહીંતર સદકો (આપવાનો છે). *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : તમાકુ ખાવાવાળા એ વાતનો ખયાલ રાખે કે એહરામમાં સુગંધી તંબાકુ ન ખાય. કારણ કે પત્તામાં આમ પણ કાચી સુગંધ મેળવવામાં આવે છે અને તમાકુના ભૂસામાં પણ મોટેભાગે પકાવ્યા પછી મુશ્ક વગેરે મેળવવામાં આવે છે.

**મસ્અલા** : ખમીરા તંબાકુ (એક પ્રકારની સુગંધી તંબાકુ)ને ન પીવી બેહતર છે કેમ કે એમાં ખૂશ્બૂ હોય છે. તેમ છતાં પીવામાં આવી તો તેનો કફ્ફારો નથી.

**મસ્અલા** : ચમેલીનું તેલ વગેરે ખૂશ્બૂદાર તેલ લગાડવા બાબત તે જ હુકમ છે જે ખૂશ્બુદારના ઉપયોગ કરવા માટેનો હતો. *(આલમગીરી)*

**મસ્અલા** : તલ અને ઝૈતૂનનું તેલ ખૂશ્બૂના હુકમમાં છે. જો એમાં સુગંધ ન હોય તો એને ખાવામાં, નાકમાં નાખવામાં, ઘા પર લગાડવામાં તેમજ કાનમાં ટીપાં પાડવામાં સદકો વાજિબ નથી. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : મુશ્ક, અંબર, જાફરાન વગેરે જે જાતે જ સુગંધિત છે તેનો ઉપયોગ કરવાથી કફ્ફારો લાઝિમ થાય છે ભલે પછી તેનો દવા તરીકે ઉપયોગ કેમ ન કરવામાં આવ્યો હોય !

**મસ્અલા** : મુશ્ક, અંબર વગેરે ખૂશ્બૂ બીજી કોઈ ખૂશ્બૂ વગરની ચીજ સાથે મેળવીને તેનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તો એ જોવામાં આવશે કે ખૂશ્બૂદાર ચીજનું પ્રમાણ વધારે છે તો આખી વસ્તુની ગણતરી ખૂશ્બૂદારની ગણતરીમાં આવશે.

**મસ્અલા** : જ્યારે ખૂશ્બૂ લગાડવી જ જુર્મ સાબિત થાય છે ત્યારે શરીર અથવા કપડા પરથી એને દૂર કરવી વાજિબ છે અને કફ્ફારો આપ્યા પછીથી એને દૂર કરવામાં નહીં આવે તો દમ વગેરે વાજિબ થશે. *(આલમગીરી)*

## ★ સીવેલાં કપડાં પહેરવાં ★

મુહરિમે આખો દિવસ સીવેલાં કપડાં પહેર્યાં તો દમ વાજિબ છે અને જો એનાથી થોડા સમય માટે પહેર્યાં તો સદકો (આપવો પડશે) ભલે પછી થોડી વાર માટે પહેર્યાં હોય ! અને જો લગતાર કેટલાયે દિવસો સુધી પહેરી રાખ્યાં હોય તો પણ એક જ દમ વાજિબ છે. જ્યારે કે આ લગાતાર પહેરી રાખવું કોઈ કારણસર હોય કે વગર કારણે હોય. દા.ત. એક દિવસ કોઈ કારણ વગર પહેર્યાં અને બીજા દિવસે કોઈ કારણસર પહેર્યાં તો બે કફ્ફારા વાજિબ થશે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલા** : આંતરિયો તાવ આવતો હોય તેવા વખતે જે દિવસે તાવ આવ્યો તે દિવસે કપડાં પહેર્યાં, બીજા દિવસે ઉતારી નાખ્યાં, ત્રીજા દિવસે ફરી પાછા પહેર્યાં, તો જ્યાં સુધી આ પ્રકારનો તાવ

આવે ત્યાં સુધી એક જ જુર્મ ગણાશે. *(મનાસિક, બહાર)*

**મસ્અલા** : જો સીવેલું કપડું પહેર્યું અને તેનો કફ્ફારો અદા કર્યો પરંતુ કપડું ઉતાર્યું નહીં, બીજા દિવસે પણ પહેરી રાખ્યાં તો બીજો કફ્ફારો વાજિબ છે. એ જ રીતે જો એહરામ બાંધતી વખતે સીવેલું કપડું ન ઉતાર્યું તો એ જુર્મ છે. *(દુર્રે મુખ્તાર, બહાર, આલમગીરી)*

**મસ્અલા** : મુહરિમે બીજા મુહરિમને સીવેલું અથવા ખુશ્બુદાર કપડુ પહેરાવ્યું તો તે પહેનારને કાંઈ નથી. *(આલમગીરી)*

**મસ્અલા** : પુરૂષ અથવા સ્ત્રીએ મોઢાની ટકલી પૂરેપૂરી ઢાંકી અથવા ચોથા ભાગની ઢાંકી અથવા પુરૂષે પૂરેપૂરું અથવા ચોથા ભાગનું માથુ ઢાંકયું અને તે આખા દિવસ માટે કે તેથી વધારે વખત એમ કર્યું (છુપાવ્યું) તો એને દમ લાગુ પડશે અને એનાથી ઓછા સમય માટે સદકો લાગુ પડશે. ચોથાઈથી ઓછા ભાગને આખો દિવસ ઢાંકી રાખ્યો તો સદકો આપવો પડશે અને આખા દિવસથી ઓછા સમય માટે કફ્ફારો લાગુ પડશે નહીં પરંતુ ગુનોહ છે. *(આલમગીરી વગેરે)*

**મસ્અલા** : મુહરિમે માથા પર કપડાંની પોટલી રાખી તો કફ્ફારો લાગુ પડશે અને જો અનાજની પોટલી, યા તખ્તો યા ધાતુનુ વાસણ વગેરે કોઈ વાસણ માથા પર રાખ્યું તો કફ્ફારો લાગુ પડશે. *(મનાસિક, આલમગીરી, બહાર)*

**મસ્અલા** : કાન અને બોચીને ઢાંકવામાં વાંધો નથી. એ જ રીતે નાક પર ખાલી હાથ રાખવામાં વાંધો નથી. જો હાથમાં કપડું હોય અને કપડાં સહિત નાક પર હાથ રાખ્યો તો કફ્ફારો લાગુ નહીં પડે પરંતુ મકરૂહ અને ગુનોહ છે.

**મસ્અલા** : પહેરવાનો મતલબ એ છે કે કપડાંને રાબેતા મુજબ જે રીતે પહેરવામાં આવે છે તે નહીંતર જો કુર્તાને તેહબંદની જેમ બાંધવામાં આવે અથવા તો પાયજામાને તેહબંદની જેમ પાયચામાં પગ ઘાલ્યા વગર લપેટવામાં આવે તો કંઈ વાંધો નથી.

## ★ બાલ દૂર કરવા ★

**મસ્અલા** : માથા અથવા દાઢીના ચોથા ભાગના બાલ અથવા એથી વધારે જો કોઈ પણ રીતે દૂર કર્યા તો દમ લાગુ પડશે અને થોડા માટે સદકો.

**મસ્અલા** : આખી ગરદન અથવા પૂરેપૂરી એક બગલ માટે દમ લાગુ પડશે અને એનાથી ઓછા માટે સદકો. ભલે પછી અડધી કે તેથી વધારે કેમ ન હોય ! દૂંટીની નીચેના વાળ માટે પણ એ જ હુકમ છે. બન્ને બગલો પૂરેપૂરી મૂંડાવે તો પણ એક જ દમ લાગુ પડશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહતાર, બહાર)*

**મસ્અલા** : મૂંછને પૂરેપૂરી મૂંડાવે કે કતરાવે એને માટે સદકાનો હુકમ છે.

**મસ્અલા** : રોટી પકાવવામાં થોડાક વાળ બળી ગયા તો સદકો આપવો પડશે. વુઝૂ કરવામાં, યા ખજવાળવામાં યા કંગી કરવામાં (માથુ ઓળવામાં) બાલ ખરી પડયા તો એના પર પૂરેપૂરો સદકો આપવો પડશે. કેટલાકનું કહેવું એમ છે કે બે ત્રણ વાળ સુધી દરેક વાળના બદલામાં એક મુટ્ઠી અનાજ અથવા એક ટુકડો રોટી અથવા એક છોહારા (એક પ્રકારની સૂકી ખજૂર = ખારેક) છે. *(આલમગીરી, રદ્દુલ્ મુહ્તાર, બહાર)*

**મસ્અલા** : હાથ લગાવ્યા વગર એની જાતે જ વાળ ખરી પડે અથવા કોઈ બિમારીને કારણે બધા વાળ ખરી પડે તો કંઈ વાંધો નહીં. *(મનસક, બહાર)*

**મસ્અલા** : ઔરત જો આખા માથાના વાળ યા તો ચોથા ભાગના વાળ એક બેડકા બરાબર કાતરે તો દમ આપે એનાથી ઓછા માટે સદકો. *(મનાસિક, બહાર)*

## ★ નખ કાપવા વિશે ★

એક હાથ અને એક પગના (પાંચે પાંચ) નખ કાપવા અથવા તો બન્ને હાથ તથા બન્ને પગના કુલ વીસે વીસ નખ એકી સાથે કાપ્યા તો એક દમ લાગુ પડશે અને જો કોઈ એક હાથ કે પગના પૂરા પાંચ નખ ન કાપ્યા તો દરેક નખના બદલામાં એક સદકો લાગુ પડશે. એટલે સુધી કે ચારે હાથ પગના ચાર–ચાર નખ કાતર્યા તો સોળ સદકા અદા કરે. પરંતુ જો એ સદકાની (સોળની) કિંમત એક દમ બરાબરની થઈ જતી હોય તો થોડુંક ઓછું કરે અથવા એક દમ આપી દે અને જો એક હાથ કે એક પગના પાંચે નખ એક બેઠકમાં અને બીજાના પાંચે નખ બીજી બેઠકમાં કાપ્યા તો બે દમ લાગુ પડશે અને ચાર હાથ પગના નખ ચાર બેઠકમાં કાપ્યા તો ચાર દમ લાગુ પડશે. *(આલમગીરી)*

**મસ્અલા** : કોઈ નખ તૂટી ગયો અથવા જે નખ વધવા લાયક ન રહ્યો હતો તેનો બાકીનો ભાગ કાપી લીધો તો કંઈ લાગુ પડશે નહીં. *(આલમગીરી)*

## ★ ચૂમવું તથા બગલગીર કરવું ★

**મસ્અલા** : હમબિસ્તરી કરવામાં તેમજ આનંદ–મોજ (લિજ્જત) મેળવવા માટે ચૂમવું તથા શરીરને અડકવું, બગલમાં લેવું વગેરે માટે દમ લાગુ પડશે. જો નફસને આનંદ આપવા માટે ન હોય અને વિર્ય સ્ખલિત ન થયું હોય તો (એ હાલતમાં શરીરને અડકવામાં) કોઈ વાંધો નથી. આ વાત ઔરતની સાથે હોય કે મરદની સાથે હોય બન્ને માટે એક જ હુકમ છે (લાગુ પડશે). *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : મરદની જે વાતોથી ઔરતને લિજ્જત આવે તો તે પણ દમ આપે. *(જૌહર, બહાર)*

**મસ્અલા** : શરમગાહ પર નજર કરવાથી કંઈ લાગુ નહીં પડે. ભલે વારંવાર નજર નાખવાના કારણે વિર્ય બહાર નીકળે, એ જ રીતે ખ્યાલ જમાવવા (તસવ્વુર)ને કારણે જો વિર્ય સ્ખલિત થઈ જાય તો પણ કંઈ લાગુ નહીં પડે. *(હિંદીયા, રદ્દુલ્ મુખ્તાર)*

**મસ્અલા** : હસ્ત મૈથૂનને કારણે વિર્ય સ્ખલિત થઈ જાય તો દમ આપવો નહીંતર મકરૂહ ગણાશે. એહતેલામ થઈ જાય તો કંઈ વાંધો નથી. (કંઈ લાગુ પડશે નહીં) *(હિંદીયા, બહાર)*

## ★ સંભોગ વિશે ★

**મસ્અલા** : અરફાતના રોકાણ પહેલાં જો સંભોગ કરવામાં આવ્યો તો હજ ફાસિદ થઈ ગઈ. હજની રીતે એને પૂરી કર્યા બાદ દમ આપવો અને આગામી વર્ષે (બીજે જ વર્ષે) એની કઝા કરવી. ઔરત પણ હજના એહરામમાં હતી એના પર પણ આ જ હુકમ લાઝિમ થશે. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : અરફાતના રોકાણ બાદ સંભોગ કરવાથી હજ તો નહીં જાય (ફાસિદ નહીં થાય) પરંતુ જો મૂંડાવતા પહેલાં તથા તવાફ કરતા પહેલાં કરવામાં આવ્યો તો બદનહ (ઊંટ યા ગાય) આપે અને માથુ મૂંડાવ્યા પછી કર્યો તો દમ આપે. બેહતર એ છે કે આમાં પણ બદનહ આપે. જો માથું મૂંડાવ્યા તથા તવાફ કર્યા પછી કર્યો તો કંઈ નહીં.

**મસ્અલા** : ઉમરહમાં ચાર ફેરાથી પહેલાં સંભોગ કર્યો ઉમરહ જતો રહ્યો ગણાશે, દમ આપવો તેમજ ઉમરહની કઝા કરવી અને જો ચાર ફેરા પછીથી કર્યો તો દમ આપે, ઉમરહ સહીહ ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : સંભોગથી એહરામ તૂટતું નથી. જે ચીજો મુહરિમ માટે નાજાઈઝ છે તે બધી (આ હાલતમાં) પણ નાજાઈઝ રહે છે અને તમામ એહકામો તે પ્રમાણે જ રહેશે. *(રદ્દુલ્ મુહ્તાર)*

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

## સ્ત્રીઓનું નામેહરમ મનિયારાઓના હાથે બંગડીઓ પહેરવું

આ હરામકારી (હરામ કામ) ખૂબ જ પ્રચલિત છે. સ્ત્રીઓએ મનિયારાઓના હાથમાં હાથ આપીને (તેના હાથ વડે) બંગડીઓ પહેરવી સખ્ત હરામ છે. બલ્કે તેમાં બે હરામ છે, એક તો ગૈર મર્દને હાથ બતાવવું અને બીજુ હરામ કે તેના હાથમાં હાથ આપવો.

આપણી ઈસ્લામી માઓ અને બહેનોએ જોઈએ કે તેઓ અલ્લાહથી ડરે, તેના અઝાબથી બચે અને આ હરામ કામને તરત જ છોડી દે. બજારમાંથી બંગડીઓ મંગાવી લે અને ઘરમાં ક્યાં તો એકબીજીને બંગડીઓ પહેરાવી દે અથવા ઘરવાળાઓમાં જે મેહરમ હોય તેના હાથે પહેરી લે, અથવા તો પતિ તેની પત્નીને પહેરાવી દે તો ગુનાહોથી બચી જવાશે. જે પુરૂષો તેની સ્ત્રીઓને મનિયારાઓના હાથે બંગડીઓ પહેરાવે છે અથવા તેણીઓને રોકતા નથી તેઓ ખૂબ જ બેશરમ અને "દય્યૂષ" છે. સૈયદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ આ મસ્અલા બાબત ફર્માવે છે, "હરામ, હરામ, હરામ **ગૈર મર્દને હાથ બતાવવું હરામ** છે, તેના **હાથમાં હાથ આપવો હરામ** છે. જે પુરૂષો તેમની સ્ત્રીઓ સાથે તેમને ચાલુ રાખે છે તેઓ "દય્યૂષ" છે. *(ફતાવા રઝવિય્યહ, જિલ્દ–૧૦, અડધા થી છેલ્લુ પેજ–૨૦૮ સુધી)*

## સ્ત્રી પુરૂષોએ એકબીજાની મુશાબેહત (મળતાપણુ) કરવી

આજકાલ પુરૂષોમાં સ્ત્રીઓની અને સ્ત્રીઓમાં પુરૂષોની મળતાપણ ધારણ કરવાની અને તેમના અંદાઝ, પોશાક અને ચાલ ચલન અપનાવવાની બીમારી ફેલાઈ ગયેલ છે. જો કે હદીષેપાકમાં રસૂલુલ્લાહ ﷺએ એવા લોકો ઉપર લા'નત ફર્માવી છે જે પુરૂષ થઈને સ્ત્રીઓની અને સ્ત્રી થઈને પુરૂષોની રીતભાત અપનાવે છે.

એક હદીષમાં છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, "અમારા ગ્રુપ (જમાઅત)થી નથી તે સ્ત્રી કે જે પુરૂષો જેવો રંગ ઢંગ અપનાવે, અને તે પુરૂષ કે જે સ્ત્રીઓ જેવો ઢંગ અપનાવે."

અબૂ દાઊદની હદીષમાં છે કે એક સ્ત્રીની બાબતમાં સૈયદા આઈશા સિદીક઼ા رضی اللہ عنہا ને બતાવવામાં આવ્યું કે તેણી પુરૂષ જેવા જોડા પહેરે છે, તો તેમણે ફર્માવ્યું કે રસૂલૂલ્લાહ ﷺએ મર્દાની ઔરત (ભાયડાછાપ સ્ત્રી) પર લાનત ફર્માવી છે.

ખુલાસો એ જ કે જે રીતભાત, રંગ ઢંગ, પોશાક વગેરે પુરૂષો માટે ખાસ છે તેને સ્ત્રીઓ ન અપનાવે અને આ જ પ્રમાણે જે સ્ત્રીઓ માટે ખાસ છે તેને પુરૂષો અપનાવે નહીં.

આજકાલ કેટલીક સ્ત્રીઓ પુરૂષોની જેમ વાળ કપાવે છે તે તેણીઓ માટે "હરામ" છે. અને આવી સ્ત્રીઓને મર્યા પછી "સખ્ત અઝાબ" આપવામાં આવશે.

એ જ પ્રમાણે કેટલાક પુરૂષો સ્ત્રીઓની જેમ વાળ વધારે છે, સૂફી બનવા માટે મોટી મોટી લતો રાખે છે, ચોટલીઓ ગુંથે છે અને અંબોડા ગુંથે છે. આ બધું જ "નાજાઈઝ" અને "શરીઅતથી વિરૂધ્ધ" છે. તસવ્વુફ (સૂફીપણુ) અને ફકીરી વાળ વધારવાનું અને રંગીન કપડાં પહેરવાનું નામ નથી, પરંતુ

રસૂલુલ્લાહ ﷺના સાચા અનુકરણ અને ખ્વાહિશાતે નફસાની (મનની ઈચ્છાઓ)ને મારવાનું નામ છે. *(બહારે શરીઅત, ભાગ-૧૬, પેજ-૧૯૮)*

## અક઼ીક઼ાનું ગોશ્ત દાદા દાદી અને નાના નાની માટે નાજાઈઝ સમજવું

કેટલાક લોકો અક઼ીક઼ાના ગોશ્તને દાદા, દાદી, નાના, નાનીને માટે ખાવાનું નાજાઈઝ સમજે છે, આ ઘણી જ અજ્ઞાનતા, નાદાની (મૂર્ખામી) અને ગેર સમજણ છે. અક઼ીક઼ાનું ગોશ્ત દાદા, દાદી, નાના નાની માટે ખાવું નિઃશંકપણે જાઈઝ છે. બલ્કે જ્યાં જ્યાં એને ખાવાનું ખરાબ (નાજાઈઝ) સમજતા હોય ત્યાં તો તેઓએ તેનું ખાવું જરૂરી છે.

જો તેઓ ખાશે તો આ રિવાજ (ખોટી પ્રણાલિ) મિટાવવાનો સવાબ પણ મેળવશે. આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત મૌલાના અહમદ રઝાખાન رحمۃ اللہ علیہને આ વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, "બધા ખાઈ શકે છે. અકુદુદરિય્યહમાં છે : **احکامُھا احکام الاضحیۃ** *(અલ્મલ્ફૂઝ, ૧/૪૬)*

## નસબ (વંશ) અને બિરાદરી બદલવી

આ બીમારી પણ ઘણી જ ફેલાઈ ચૂકી છે કે એક ક઼ોમ (જાતિ) અને બિરાદરી (જ્ઞાતિ)ના માણસો પોતાને બીજી ક઼ોમ અને બિરાદારીના જાહેર કરી રહ્યા છે, અને આમ કરવાનું કારણ પોતાને માટે શ્રેષ્ઠતા, ફઝીલત અને ઈજ્જત મેળવવાનું છે. ફઝીલત, ઈજ્જત અને ઝિલ્લત તો અલ્લાહના દસ્તે કુદરત (મરજી)માં છે, જેને જે ચાહે તે અતા ફર્માવે છે, આથી પોતાનું નસબ (વંશ) બદલવાવાળાઓ બેવકૂફ મૂર્ખ અને અજ્ઞાનીઓ છે, ગયરત અને શરમ વગરના છે.

હદીષ શરીફમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે જાણવા છતાં પોતાના બાપ સિવાય બીજાને પોતાનો બાપ બતાવે, તેના ઉપર **જન્નત હરામ** છે." *(સહીહ બુખારી, કિતાબુલ ફરાઈઝ, જિલ્દ-૨, પેજ-૧૦૦૧, સહીહ મુસ્લિમ, જિલ્દ-૧, પેજ-૪૪૨)*

અને બીજી એક હદીષમાં પોતાનું વંશ બદલવાવાળાઓ અને પોતાના બાપ સિવાય બીજાને પોતાનો બાપ બતાવવાવાળાઓના સંદર્ભે હુઝૂરે ફર્માવ્યું, એમના પર અલ્લાહ તઆલા, ફરિશ્તાઓ અને બધા લોકોની લા'નત છે. *(સહીહ મુસ્લિમ, જિલ્દ-૧, પેજ-૪૯૫)*

આજકાલ પોતાને "સૈયદ" કહેવડાવવાનો અને આ'લે રસૂલ બનવાનો શોખ ખૂબ જ વધી ગયેલ છે ! જોત જોતામાં તો અનેક લોકો જેઓ સૈયદ ન હતા તેઓ સૈયદ બની ગયા, જેને કારણે હવે સૈયદો (સાચા)ની ઈજ્જત કરવાનું પણ મુશ્કેલ થઈ ગયું છે, કેમ કે નકલી સૈયદોની ભરમાર થઈ ગઈ છે. ખુદ મારી જાણમાં એવા ઘણા લોકો છે જેઓ હમણા સુધી બીજા કાંઈક હતા અને હવે ચાલીસ કે પચાસ વરસની ઉમર થતાં તેઓ સૈયદ અને આ'લે રસૂલ બની ગયા ! આ બધા ઘણા જ મહાન મક્કાર, ધોકેબાઝ, ઠગ, દગાખોર અને બદમાશ છે જેની ઉપર ખુદાએ તઆલાની લઅનત છે.

મુરાદાબાદ શહેરમાં હજુ થોડા સમય પહેલાં એક મોલ્વીએ ૫૫ વરસની ઉમર થતાં પોતાને સૈયદ અને આ'લે રસૂલ કહેડાવવાનું શરૂ કર્યું છે અને તે કહે છે કે મારા પીરે મને સૈયદ બનાવી દીધો ! જાણે સિયાદત (સૈયદપણા)ની સાથે મજાક થઈ રહી છે.


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**સુન્ની મુસ્લિમ યુવતી** : ઉમર-૨૩ વર્ષ, ઊંચાઈ-૫ ફૂટ ૫-ઈંચ, અભ્યાસ-MBBS Doctor, ઈન્ટરન્સશીપ ચાલુ છે. સુન્ની મુસ્લિમ છોકરી માટે સુન્ની દીની દુન્યવી સારા અભ્યાસવાળા MBBS કે તેથી વધુ અભ્યાસ કરેલ છોકરાઓના વાલીઓએ સંપર્ક કરવો.

સંપર્ક : મો. 9510811234 (ભરૂચ તરફ)

# મશ્અલે રાહ : મારી વાત..... સૌના ફાયદાની વાત ?

❑ અઝ : અલ્હાજ સૈયદ નૂરૂદ્દીન જુનૈદબાબા રિફાઈ અમુદી સાહેબ–અમદાવાદ ❑

રોજ સવારે લગભગ ચાર (૪) ન્યુઝ પેપર વાંચવાનો મારો રૂટિન છે. દુનિયા સાથે જોડાઈ રહેવાનો આ એક સરળ માર્ગ છે. દુનિયાની ખબરથી બા ખબર રહેવા માટે કોઈ પણ મીડીયા સાથે તમે જોડાએલ હોવ તે જરૂરી છે અને કદાચ આ કારણથી વર્ષોથી સમાચાર પત્રો વાંચવા એ મારી ટેવ બની ગઈ છે. દુનિયામાં બનતા વિવિધ બનાવો, રાજકીય ખટપટો અને બિઝનેશ માટેની જાહેરાતો બધું જ લગભગ મારી નજરેથી ગુજરે છે.

પોતાની પ્રોડકટ સારી રીતે વેચાય તે માટે જાહેર ખબરોમાં સાચી જૂઠી ખરી ખોટી ઘણી માહિતી આપવામાં આવે છે. ગ્રાહકોને આકર્ષવા માટે લાલચો પણ આપવામાં આવે છે, ''એકની સાથે એક ફ્રી'' જેવા વાક્યો પણ લખવામાં આવે છે.

''ઈલ્મ'' ફેલાવવાની વસ્તુ છે, વેચવાની નહીં. કુર્આને મજીદમાં દુનિયાની તમામ સમસ્યાઓનું નિરાકરણ છે, ઉપાય છે, દરેક બીમારીનો ઈલાજ પણ છે. સંકટ અને મુસીબતો, તંગદસ્તી અને આસેબ કે બુરી અસરથી બચવાના ઉપાયો છે. કુર્આને પાકની પવિત્ર આયતો નામુમકિનને મુમકિન કરે તેવી અસર રાખે છે.

હવે મુદ્દાની વાત કે એવી જાહેરાતો પણ નજર સામેથી ગુજરી છે જેમાં ''સૂફીબાબા'', ''આલિમ સાહબ,'' ફક્ત બે કલાકમાં તમામ સમસ્યાઓના નિરાકરણની ગેરન્ટી આપે છે. લખે છે, ફક્ત એક વાર મુલાકાત કરો. મુઠ, ચોટ, મેલી વિદ્યા, વશીકરણ, ધન પ્રાપ્તિ, સંતાન સુખ, સાસુ વહુના ઝગડા બધા જ પ્રશ્નોનો નિકાલ ફકત બે કલાકમાં કરી આપવામાં આવશે ! ૧૦૦ ટકા નહીં પણ ૧૦૦૦ ટકા ગેરંટી આપવામાં આવે છે. ગેર કૌમના જ્યોતિષ મહારાજો આ બધુ કરે છે જ પણ હવે મુસલમાનોમાં પણ આ ભયંકર રોગ ખૂબ ફુલ્યો ફાલ્યો છે. આવી ઘણી બધી જાહેરાતો મેં જોઈ છે. અને મુસલમાનો તેમનો સંપર્ક પણ કરે છે. મારી જાણ મુજબ અમદાવાદમાં જ બે થી ત્રણ આવા બાપુ, બાવાનો હમણાં જ પર્દાફાશ થયો છે અને હાલ તેઓ જેલમાં છે.

મારા વહાલા દિકરા દિકરીઓ ! આવા લંપટો, જૂઠા, ધુતારા, લોભિયા અને ખાસ તો બેઈલ્મ બાવા બાપુઓની વાતોમાં આવતા નહીં, છેતરાતા નહીં અને બીજાને પણ છેતરાતાં રોકજો.

આ ઢોંગી ધુતારા બાપુ બાવાઓ, ખુદાઈનો દા'વો કરી ૧૦૦૦ ટકાની ગેરંટી આપે છે અને મનગમતી વાતો કરીને તમને પૈસે ટકે પાયમાલ કરે છે. દરેક રીતે આવનારને ખંખેરી લે છે. એ તો ઠીક આવા નજૂમીઓ જેમનો દીન અને શરીઅત સાથે કોઈ સંબંધ જ નથી તેવા બાપુ બાવાઓની વાતો ''શિર્ક'' અને ''ખુદાઈ દાવા'' હોવાથી જો તમે તેમના પાસે જશો કે કામ કરાવશો, તો તમે પણ ''ઈમાન''થી હાથ ધોઈ નાખશો, માટે હમેશાં ચેતતા રહેજો. તમારા મિત્ર વર્તુળમાં સગા સંબંધીઓ કે જાણીતા લોકો આવા ધુતારાઓ પાસે જતા હોય તો તેમને અટકાવજો, રોકજો. આ પણ તમારી એક મહાન ''નેકી'' ગણાશે.

વાત નાની છે, સામાન્ય છે, પણ ડૂબતો માણસ જેમ ઘાસનું તણખલું પકડે તેમ ભોલાભાલા સુન્ની મુસલમાનો દુ:ખના માર્યા આવા બાપુ બાવાઓની જાળમાં ફસાઈ રહ્યા છે. માટે ડૂબતા માણસે તણખલું પકડવાની જરૂર નથી પણ નમાઝ પઢી ખુદાની મદદ માંગવાની જરૂર છે, કુર્આને પાકની આયતો પઢી આપણા દુ:ખ દર્દને દૂર કરવાની જરૂર છે, અલ્લાહ તેના પ્યારા રસૂલ અને બુઝુર્ગાને દીનનો દામન પકડી મુસીબતોનો દરિયા પાર કરવાનો છે.

અલ્લાહ આવા ઢોંગી ધુતારા, બાપુ બાવાઓના ઘટીંગથી તમને, મને અને સૌને દૂર રહેવાની, બચવાની નેક તૌફીક અને હિદાયત આપે.

*[માસિક બિસ્મિલ્લાહ કી બરકત–અમદાવાદ, નવેમ્બર–૨૦૧૫ માંથી સાભાર]*



# ત્રાસવાદ (ટેરરિઝમ)ના

## ઈતિહાસમાં એક ડોકીયુ !

**આ**તંકવાદ (ત્રાસવાદ) અથવા આતંકવાદી (ત્રાસવાદી) આ શબ્દ સૌ પ્રથમ ક્યાં વપરાયો ? શું આ શબ્દની ઉપજનો સબબ મુસલમાન બન્યા ? આવું તો બિલ્કુલ નથી ! કારણ કે ૧૭૯૦માં ફ્રાન્સિસી ક્રાંતિના દરમિયાન ૧૭૯૩ અને ૧૭૯૪ બન્નેવ વરસોને ત્રાસવાદનાં વરસ ઠરાવવામાં આવ્યાં. આ રીતે દુનિયામાં પહેલીવાર આતંકવાદ શબ્દનો ફ્રન્સિસીઓએ ઉપયોગ કર્યો. જયારે કે સુપ્રસિધ્ધ ઓક્સફોર્ડ ડિક્ષનરીમાં "ટેરરિઝમ" શબ્દનો આ અર્થ લખવામાં આવ્યો છે :–

"રાજકીય હેતુઓને મેળવવા અથવા કોઈ સત્તાને કોઈ કાર્ય કરવા પર મજબૂર કરવા માટે હિંસાત્મક પ્રવૃત્તિઓના આચરણને ટેરરિઝમ કહેવામાં આવે છે."

ફ્રાન્સિસી ક્રાંતિના દરમિયાન મેક્સ મેલન રોબેસ્પેરીએ પાંચ લાખથી અધિક લોકોને બંધક બનાવ્યા જેમાંથી **ચાલીસ હજારને કત્લ કરવામાં આવ્યા અને બે લાખથી વધુ લોકોને ભૂખ્યા રાખી મારી નાખવામાં આવ્યા** હતા. એટલા માટે એ વરસોને "આતંકવાદનાં વરસ" કહેવામાં આવે છે. આ કેવળ એક ઘટના નથી, આવી અનેક ઘટનાઓ છે જેમના તરફ ન તો આપણુ મીડિયા જુએ છે ન કોઈનું ધ્યાન એ તરફ જવા દેવામાં આવે છે ! મીડિયા મુસલમાનોના હક્માં માત્ર એટલું જ કહે છે કે, "બધા જ મુસલમાનો આતંકવાદથી નથી પરંતુ બધા જ આતંકવાદી મુસલમાન છે." જયારે કે આતંકવાદનો ઈતિહાસ કાંઈક જુદુ જ દર્શાવે છે !

૧૮૮૦માં ષાર એલેક્ઝેન્ડર, સેંટ પ્રિટસબર્ગમાં એક બુલેટપ્રુફ ગાડીમાં સફર કરી રહ્યો હતો અને ત્યાં બે વિસ્ફોટ થયા. પહેલા વિસ્ફોટમાં આસપાસ ઉભેલા ૨૧ લોકો મૃત્યુ પામ્યા અને બીજા વિસ્ફોટમાં એલેકઝેન્ડર પોતે હલાક થયો. આ વિસ્ફોટોનો જવાબદાર એગ્નાસી ગ્રેનોયત્સકી હતો જેનો સબંધ રૂસથી હતો અને **તે મુસલમાન ન હતો.** ત્યારબાદ **ઈ.સ. ૧૮૮૬માં** હય માર્કેટ શિકાગોમાં એક લેબર રેલીના દરમિયાન વિસ્ફોટ થયો જેમાં ૧૨ લોકોનાં ઘટના સ્થળે જ મૃત્યુ થયાં, સાત પોલીસ કર્મીઓ ઘાયલ થયા, પરંતુ બાદમાં તે પણ મૃત્યુ પામ્યા. આ હમ્લો દંગલખોરોએ કર્યો હતો, જેમનામાંથી કોઈ **મુસલમાન ન હતો . ત્યારબાદ ૬ સપ્ટેમ્બર ૧૯૦૧માં** અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ વિલિયમ મેકેન્લે, લેવિન ફ્રેંક નામના એક વ્યક્તિના હાથે માર્યા ગયા, **મારનાર મુસલમાન ન હતો.** ત્યારબાદ **૧ ઓક્ટોબર ૧૯૧૦માં** લોસ એંજલસમાં ટાઈમ્ઝ અખ્બારની બિલ્ડિંગમાં વિસ્ફોટ થતાં ૨૧ લોકો મૃત્યુ પામ્યા. આ વિસ્ફોટ બે ઈસાઈઓ જેમ્ઝ અને જોઝેફે કર્યો હતો. એઓ ઈસાઈ હતા અને **ઈસાઈ મુસલમાન નથી હોતા ! ત્યારબાદ ૨૮ જૂન ૧૯૧૪માં** ઓસ્ટ્રિયાના રાજાપુત્ર અને તેની પત્નીને મારી નાખવામાં આવ્યાં, મારનાર બોસ્નિયાના અમુક લોકો હતા **જે મુસલમાન ન હતા.** તે ઉપરાંત **૧૬ એપ્રિલ ૧૯૨૫માં** બલ્ગારિયાના મુખ્ય મથક સૂફિયાના એક ચર્ચમાં વિસ્ફોટ થયો જેમાં દસ હજાર પચાસ લોકો મૃત્યુ પામ્યા, અને પાંચસો લોકો ઝખ્મી થયા. આ વિસ્ફોટ બલ્ગારિયાની કોમ્યુનિસ્ટ પાર્ટીએ કર્યો હતો **જે મુસલમાન ન હતા.** ત્યારબાદ **૧૯૩૪માં** યુગોસ્લેવિયાના રાજાની હત્યા કરવામાં આવી અને **હત્યારા મુસલમાન ન હતા.** તે ઉપરાંત **૧૯૬૧માં** પહેલુ અમેરીકન જહાઝ હાઈજેક થયું જેનો જવાબદાર એક રૂસી હતો **જે મુસલમાન ન હતો.** તેમજ

❑ રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**૧૯૯૫માં** ઓક્લા હોમાની બિલ્ડિંગમાં પાંચસો પાઉન્ડ વિસ્ફોટક સામગ્રીથી ભરેલ ટ્રક અથડાયો જેના કારણે પાંચસોથી અધિક લોકો ઈજાગ્રસ્ત થયા. આ વિસ્ફોટ પાછળ ઈસાઈઓનો હાથ હતો, **મુસલમાનોનો નહીં.** બીજા વિશ્વ યુદ્ધ પછી **૧૯૪૧ થી લઈ ૧૯૪૮ સુધી** યહૂદીઓએ ૨૫૯ થી અધિક આતંકી ગતિવિધિઓ કરી અને જેવું કે આપ જાણો છો યહૂદી કાંઈ પણ હોય શકે છે **મુસલમાન તો બિલ્કુલ નથી હોઈ શકતા !** ૧૬ જુલાઈ **૧૯૪૬માં કિંગ ડેવિડ હોટલમાં** આતંકી કાર્યવાહી કરવામાં આવી. જેમાં ૯૧ લોકો મૃત્યુ પામ્યા, જેમાં ૨૮ બ્રિટનના, ૪૧ અરબના, ૧૭ યહૂદી અને ૫ અન્ય લોકો હતા. આ હુમ્લો મનાખિમ બેકીનના નેતૃત્વમાં થયો હતો જેને **બ્રિટનનો ત્રાસવાદી નંબર વન** કહેવામાં આવ્યો. બાદમાં એ જ ત્રાસવાદી નંબર વનને શાંતિનો નોબલ પ્રાઈઝ મળ્યું ! અને **એ જ ત્રાસવાદી નંબર વન ઈઝરાઈલનો વડાપ્રધાન પણ બન્યો !** આશ્ચર્ય છે, પરંતુ સવાલ એ છે કે **શું તે મુસલમાન હતો ?!** હિટલરે સાઈઠ લાખ યહૂદીઓને કત્લ કર્યા, પેલેસ્ટાઈની મુસલમાનોએ તેમને પનાહ આપી જેનો બદલો એ મળ્યો કે યહૂદીઓએ પેલેસ્ટાઈનીઓને તેમના પોતાના વતનથી વંચિત કરી દીધા ! અને હવે જ્યારે એ જ પેલેસ્ટાઈનીઓ પોતાનું જ ઘર વતન પરત માગે છે તો તેઓ ત્રાસવાદી તથા આંતકવાદી કહેવાયા ! સ્પેનમાં જ્યાં અલ્લાહુ અકબરનો નારો મારી હુમ્લો કરનારાઓને મુસલમાન કહેવામાં આવી રહ્યા છે ત્યાં જ E.T.A નામના એક આંતકવાદી સંગઠને **૩૬ આતંકવાદી હુમ્લા કર્યા તે મુસલમાન ન હતા.** આફ્રિકામાં પ્રસિધ્ધ આતંકવાદી સંગઠન જેનું નામ લોર્ડઝ ઓફ સેલ્વેશન આર્મી છે જે કાચી વયના બાળકોને આતંકી પ્રવૃત્તિઓ માટે ઉપયોગ કરે છે અને **આ સંગઠન ઈસાઈઓનું છે.**

આજે મુસલમાનોના માથે આત્મઘાતી હુમ્લાઓની જવાબદારી નાખી દેવામાં આવે છે, જ્યારે કે શ્રીલંકાના તમિલ ટાઈગર્ઝ સંગઠને તેને રિવાજ આપ્યો અને તેમણે આત્મઘાતી હુમલા માટે નાના બાળકોને ઉપયોગ કરવાની શરૂઆત હતી. ૧૯૮૪માં ભારતી સિકયુરિટી ફોર્સિસે શીખ લોકોના ગોલ્ડન ટેમ્પલમાં હુમ્લો કરેલો જેમાં ૧૦૦થી અધિક લોકો માર્યા ગયા, જેના પરિણામે ભારતીય વડાપ્રધાન ઈંદિરા ગાંધીની હત્યા થઈ. જેમના ખાત્મા માટે આ હુમ્લો થયેલો તે ભીંડરાનવાલે આવી પ્રવૃત્તિઓમાં પ્રખ્યાત છે. તે તથા સાથીઓ પણ **મુસલમાન ન હતા.**

ભારતમાં U.L.F.A. (ઉલ્ફા) નામનું સંગઠન એટલુ પ્રખ્યાત છે કે તેણે **૧૯૯૦ થી ૨૦૦૬ સુધી સફળતાપૂર્વક ૭૪૯ હુમ્લા કર્યા.** જો કે આપણુ મીડિયા ભારત વિરૂધ્ધ થતી કશ્મિરી પ્રવૃત્તિઓ વિશે તો બૂમાબૂમ કરે છે જ્યારે કે એ ભૂલી જાય છે કે ખુદ ભારતીય સરકારના આંકડા મુજબ તેના ૬૦૦ જિલ્લાઓમાંથી ૧૫૦ જિલ્લાઓમાં માઓવાદીનાં સંગઠનો કાર્યરત છે ! **આ સર્વ ઘટનાઓમાં ક્યાંય મુસલમાનોનું નામ નથી.**

આ તે ઘટનાઓ છે જે ૯/૧૧ થી પહેલાં થઈ હતી. તે પછી ઈસ્લામને બદનામ કરવાના ષડયંત્રો ઘડવાનો પ્રારંભ થયો. મુસલમાનોને કતલ કરવામાં આવે છે, જ્યારે તેઓ તેના વિરૂધ્ધ અવાજ ઉઠાવે તો તેમને ત્રાસવાદી અને કટ્ટરવાદી કહેવામાં આવે છે. ફ્રિડમ ઓફ એક્સપ્રેશન (વાણી સ્વતંત્રતાના અધિકાર)ના નામે મુસલમાનની ઈજ્જતની ધજ્જીઓ ઉડાડવામાં આવે છે અને જો મુસલમાનો તે જ ફ્રિડમ ઓફ એક્સપ્રેશનના નામે વિરોધ પ્રદર્શન કરે તો તેમને આતંકવાદી કહેવામાં આવે છે ! કાયદા કાનૂન મૌજૂદ છે પરંતુ જો મુસલમાનો કાયદાનો ઉપયોગ કરે તો તેઓ આતંકવાદી છે !

ઈસ્લામ શું છે ? અલ્લાહ તઆલા ફર્માવે છે : એ જ કારણથી અમે બની ઈસ્રાઈલ પર એ લખી

આપ્યું કે, ''જે વ્યક્તિ કોઈને એના વિના કે તે કોઈની હત્યા કરનાર હોય અથવા જમીનમાં ફસાદ મચાવનાર હોય (તેને) કત્લ કરી નાખે, તો તેણે સર્વ લોકોને કત્લ કરી નાખ્યા. અને જે વ્યક્તિ કોઈ એકની જાન બચાવી લે તેણે જાણે સર્વ લોકોને જીવંત કરી દીધા અને તેમની પાસે અમારા ઘણા બધા રસૂલો દલીલો લઈને આવ્યા પરંતુ તે પછી પણ તેમનામાં અધિકતમ લોકો જમીનમાં અત્યાચાર અને જબરદસ્તી કરવાવાળા જ રહ્યા.'' આપ જાણો છો **દુનિયામાં સૌથી અધિક લોકોની હત્યા કોણે કરી ?** હિટલર **સાઈઠ લાખ યહૂદીઓનો હત્યારો** જે એક ઈસાઈ હતો, જોસેફ સ્ટાલિને **બે કરોડ લોકોની હત્યા** કરી, તે મુસલમાન ન હતો. ચીનના માઓત્સેતુંગે **દોઢથી બે કરોડ લોકોની હત્યા** કરી, જેમાંથી **દોઢ કરોડ લોકોને ભૂખ્યા રાખી મારી નાખવામાં આવ્યા !** તે પણ મુસલમાન ન હતો. ઈટાલીના મુસોલીનીએ **ચાર લાખ હત્યા** એક એવી વ્યક્તિએ કરી જે મુસલમાન ન હતો ! સદ્દામ હુસૈન વિશે કહેવામાં આવે છે કે તેણે લાખો લોકોની હત્યા કરી જ્યારે કે અમેરીકાના જ્યોર્જ બુશે તેના વિરૂધ્ધ કાર્યવાહીમાં **પાંચ લાખ તો કેવળ બાળકોની હત્યા કરી ! શું જ્યોર્જ બુશ મુસલમાન હતો ?** રાજા અશોક જેને હિંદુઓ બહુ માને છે ઈતિહાસ સાક્ષી છે કે તેણે **એક લાખ લોકોનો નરસંહાર કર્યો** હતો, **તે મુસલમાન ન હતો.**

આંતકવાદ વિરૂધ્ધ જંગ (જો **C.I.A.**ના ડ્રગ બિઝનેસને સામે રાખી જોવામાં આવે તો તેની સ્થાપના જ લાશો પર થઈ છે)માં કેવળ **એક ઓસામા બિન લાદેનના લીધે અફઘાનિસ્તાનમાં લાખો લોકોને મોતને ઘાત ઉતારવામાં આવ્યા ! અને હજુ સુધી એ ક્રમ ચાલુ છે,** શું અમેરીકી, બ્રિટન અને નાટો ફોજો મુસલમાનના હાથમાં છે ? લિબિયા, મિસર, ઈરાકમાં કેટલા બેગુનાહ લોકોને કત્લ કરવામાં આવ્યા ? પાકિસ્તાનમાં કેટલા ડ્રોન હુમ્લા કરવામાં આવે છે ? શું અમેરીકી સત્તા એ વાતની પુષ્ટિ કરાવી શકે છે કે મૃત્યુ પામનાર નાના બાળકો આતંકવાદી હતાં ? અમેરીકી વોર ઓન ટેરરના કાયદા મુજબ ફ્રિડમ ઓફ એક્સપ્રેશનનો મતલબ જ મુસલમાનોને આતંકવાદી સાબિત કરવાનો છે. અમેરીકાની ઘરતી પર થતો હુમ્લો માનવતા પર હુમ્લો છે પછી એના માટે સમગ્ર માનવતાને જ કેમ ખત્મ ન કરવી પડે !

આપણે મુસલમાન છીએ આપણને મનાઈ કરવામાં આવી છે કે બીજા ધર્મોના મઅબૂદો વિશે કાંઈ કહીએ, પરંતુ જ્યારે નામૂસે રિસાલત પર હુમ્લો કરવામાં આવશે તો કોણ એવો મુસલમાન છે જે આ ફ્રિડમ ઓફ એક્સપ્રેશનની આરતી ઉતારશે ?! જે લોકો ઈસ્લામ અને મુસલમાનોને આતંકવાદી કહે છે તેમણે ઈસ્લામ અને કુર્આનનો અભ્યાસ કરવો જોઈએ. *–(જામે નૂર, ડિસે–૨૦૧૫, અઝ: ઓબૈદુલ્લાહખાં આ'ઝમી, માજી, MLA)*

પેજ નં. **૧૬** નું ચાલુ...

**પારાએ દિલ ભી ન નિકલા દિલસે તોહફે મેં ''રઝા''**
**ઉન સગાને કૂસે ઈત્ની જાં પ્યારી વાહ ! વાહ !**

**અર્થાત :** હે અહમદ રઝા ! (પોતે પોતાને કહે છે) તમે કેવા આશિકે રસૂલ છો કે સૈયદે આલમ ﷺની ગલીના કૂતરાઓના માટે પોતાના દિલનો એક ટુકડો પણ ન કાઢી શક્યા ?! વાહ ! વાહ ! પોતાની જાનથી આટલો પ્યાર ?! અને મદીનાની ગલીના કૂતરાઓથી પોતાના દિલને બચાવી બચાવીને રાખી રહ્યા છો ! શું તમે જાણતા નથી કે એમના દરના કૂતરાનો શો મકામ છે ?!

*સર વહી જો ઉન્કે કદમોંસે લગે – દિલ વહી જો ઉનપે શયદા હો ગયા*
*ઉસકો શૈરોં પર શરફ હાસિલ હુવા – આપકે દરકા જો કુત્તા હો ગયા*

# ફિક્હે હનફીમાં સમય તથા સંજોગોનો લેહાઝ

**અઝ** : મુહક્કિકે મસાઈલે જદીદા **(હપ્તો : ૫)** :: **અનુવાદક** ::
**હઝરત મુફ્તી મુહમ્મદનિઝામુદ્દીન રઝવી** **હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી**
*(સદર મુફ્તી : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)* *(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## :: (ત્રીજો પ્રકાર) ::

**હન્ફી મઝહબના એવા પરિવર્તન થયેલ મસાઈલ જેના મુજબ ફક઼ીહે બેમિષાલ ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ફત્વાઓ આવ્યા અથવા આપના ફત્વાથી પહેલાના હુકમમાં બદલાવ (ફેરફાર) થયો :–**

આ પ્રકારના મસાઈલ પણ ઘણા બધા છે. પહેલા અને બીજા પ્રકારમાં વર્ણવેલ મસાઈલ પણ આ (ત્રીજા) પ્રકારની સાથે એક પ્રકારની સાથે એક પ્રકારે સબંધ ધરાવે છે. અને નિમ્નલિખિત મસાઈલનો સબંધ આ પ્રકારની સાથે અધિક છે.

### ★ (૧) સ્પિ્રટ મિશ્રિત પડીકી પાક હોવાનો હુકમ અને વારંવાર હુકમમાં થતું પરિર્વતન ★

ફતાવા રઝવિય્યહ્માં છે કે સ્પિ્રટ સૌથી ખરાબ પ્રકારની શરાબ તથા હરામ અને પેશાબની જેમ નજાસતે ગલીઝા છે. *(ફતાવા રઝવિય્યહ્, ૨/૧૩૬)*

ફતાવા રઝવિય્યહ્માં જ એક અન્ય જગ્યાએ છે :–

''સમર્થન પ્રાપ્ત થયેલ તથા પસંદ કરવામાં આવેલ ક઼ૌલમાં દરેક નશાવાળા પ્રવાહીનું એક એક ટીપુ શરાબની જેમ હરામ તથા નાજાઈઝ છે, અને ન માત્ર હરામ બલ્કે પેશાબની જેમ બિલ્કુલ નજાસતે ગલીઝા છે. આ જ મઝહબ (ક઼ૌલ) ભરોસાપાત્ર તથા તેના મુજબ જ ફત્વો છે. ''તન્વીરુલ અબસાર''માં છે : حرّم محمد مطلقاً۔ وبه یفتی۔ : ઈમામ મુહમ્મદે (તેને) મુત્લક઼ન (બિલ્કુલ) હરામ ઠરાવ્યું છે અને તેના મુજબ જ ફત્વો આપવામાં આવે છે. *(ફતાવા રઝવિય્યહ્, ૧૧/૫૧)*

અસલ (મૂળ) મઝહબ જે શૈખૈનનો છે એટલે કે ઈમામે આ'ઝમ તથા ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہماનો મઝહબ તેનાથી અલગ છે અને તે પણ દલીલ તથા પુરાવાના એતેબારથી ઘણો ઠોસ છે. પરંતુ અમુક કારણોના આધારે હન્ફી મશાઈખે તથા ખુદ ઈમામે અહમદ રઝા رحمۃ اللہ علیہએ તે મૂળ મઝહબથી હટીને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہના ક઼ૌલ મુજબ ફત્વો આપ્યો. ત્યારબાદ સંજોગોમાં પરિવર્તન થવાના કારણે ઈમામ અહમદ રઝાએ ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہના ક઼ૌલથી રજૂઅ કરીને (હટીને) (મૂળ) શૈખેનના મઝહબ મુજબ ફત્વો આપ્યો. એટલે કે **એકવાર** મૂળ (અસલ) મઝહબથી હટીને ઈમામ મુહમ્મદના ક઼ૌલ મુજબ ફત્વો આપવામાં આવ્યો, અને **બીજી વાર** ઈમામ મુહમ્મદના ક઼ૌલથી હટીને ફરી પાછો મૂળ મઝહબ (શૈખૈનના ક઼ૌલ) મુજબ ફત્વો આપવામાં આવ્યો. જે આપણો અસલ (મૂળ) મઝહબ છે. હવે તેનું એક ઉદાહરણ જુઓ.

આજથી ૧૧૮ વર્ષ પહેલાં આ'લા હઝરત رحمۃ اللہ علیہને આ સવાલ કરવામાં આવ્યો કે :–

"મિસ્રી (સાકર) એક લાલ રંગના કાગળમાં બાંધેલી હતી. જે કાગળ વિશે પ્રબળ અનુમાન (ક઼વી ગુમાન) છે કે પડીકીના રંગમાં રંગવામાં આવી હશે તેનો લાલ રંગ મિસ્રી (સાકર)માં આવી ગયો. તો શું આવી મિસ્રીને ખાવામાં આવે કે નહીં ? અને ન ખાઈએ તો શું ફેંકી દઈએ ? શું કરીએ ?"

આ સવાલ એટલા માટે થયો હતો કે લોકો પડીકામાં (ઉપયોગ થતા કાગળમાં) સ્પ્રિટની મિલાવટનું ગુમાન (આશંકા) રાખતા હતા. અને જેમ કે ફતાવા રઝવિય્યહના હવાલાથી (ઉપર) વર્ણન થયું છે કે સ્પ્રિટ પેશાબની જેમ નાપાક તથા હરામ છે. આ સવાલના જવાબમાં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

"પડીકીમાં સ્પ્રિટની મિલાવટ (મિશ્રિત) હોવું જો શરઈ તરીક઼ાથી સાબિત પણ હોય તો તેમાં શંકા નથી કે હિન્દુસ્તાનીઓનું તેની રંગતમાં સપડાવું સામાન્ય થઈ ગયું છે. (તે પડીકીઓના રંગથી બચી શકવું મુશ્કેલ છે) અને "ઉમૂમે બલ્વા" (લોકોનું મોટાભાગે સામાન્યપણે કોઈ કામમાં સપડાવું) સર્વ સંમતિથી સાબિત થયેલ નજાસત (નાપાકી)માં તખ્ફીફ (હુકમમાં સહૂલત થઈ જવા)નું કારણ છે.

**حتیٰ فی موضع النص القطعی کمافی ترشُّش البول قدرَ رُؤس الابرِ، کما حقّقه المحقق علی الا طلاق فی فتح القدیر۔**

*(ત્યાં સુધી કે જે વસ્તુઓનું નાપાક હોવું તથા હરામ હોવું નસ્સે ક઼તઈ (કુર્આનો હદીષની ઠોસ દલીલ)થી સાબિત હોય તેમાં પણ તખફીફ થઈ જાય છે. જેમ કે સોયના નાકા બરાબર પેશાબના છાંટામાં. મોહક્ક઼િક઼ે અલલ ઈત્લાકે (શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہએ) ફત્હુલ ક઼દીરમાં તેની તેહક઼ીક઼ ફર્માવી છે. –નિઝામ)*

- એવો મસ્અલો કે જે સહાબાએ કિરામના જમાનાથી લઈને મુજતહીદોના દૌર સુધી બરાબર ઈખ્તેલાફી (વિવાદાસ્પદ) રહ્યો હોય.
- જ્યાં સાહિબે મઝહબ હઝરત ઈમામે આ'ઝમ તથા ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہماનો અસલ (મૂળ) મઝહબ પાક હોવું હોય અને ત્યાં જ ત્રીજા ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہથી પણ એક રિવાયત (તે પ્રમાણે જ હોય) અને તેને જ ઈમામ તહાવી વગેરે જેવા તરજીહો તથા તસ્હીહના ઈમામોએ પસંદ કર્યો હોય અને પ્રાથમિકતા આપી હોય.
- એવી પરિસ્થિતિમાં જેમાં તે મસ્લેહત (કારણ)ને પણ (હુકમમાં) દખલ ન હોય જે મસ્લેહત બાદના એહલે ફતવા ઈમામોને અસલ મઝહબથી હટીને તથા ઈમામ મુહમ્મદની રિવાયતને ક઼બૂલ કરવા પ્રેરિત કરે.
- જ્યારે મસ્લેહત ઉલટા તેને (હુકમને) છોડવા તથા અસલ (મૂળ) મઝહબ મુજબ ફત્વો આપવાનું જરૂરી ઠરાવી આપે.

(તો જો આ ઉપરોક્ત મુજબની સ્થિતિઓ ન હોય) તો એવી સ્થિતિમાં વિના કોઈ કારણે બલ્કે કોઈ કારણ વિરૂધ્ધ સાહિબે મઝહબ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہના મઝહબને છોડીને મુસલમાનોને તંગી તથા પરેશાનીમાં નાખવા તથા હિંદુસ્તાનના દરેક જગ્યાના તમામ મો'મિન મર્દો તથા સ્ત્રીઓની નમાઝો મઆઝલ્લાહ બાતિલ કરવી તથા તેમને ગુનેહગાર ઠરાવવા તેમ જ કબીરા ગુનાહો પર ઈસ્રાર (વારંવાર ગુનો કરવો) કરવાવાળા બનાવી દેવા ફિક઼્હી રવિશ તથા માર્ગ (કાર્ય પદ્ધતિ)થી દૂર રહેવું છે. **وبا للّٰہ التوفیق۔** *(ફતાવા રઝવિય્યહ, ૨/૪૯)*

આ ફત્વામાં આ'લા હઝરત رحمۃ اللہ علیہએ એ સ્પષ્ટતા ફર્માવી છે કે અસલ (મૂળ) મઝહબથી હટીને ઈમામ મુહમ્મદ رحمۃ اللہ علیہના ક઼ૌલ પર જે મસ્લેહતના આધારે હન્ફી મશાઈખે ફત્વો આપ્યો હતો તે મસ્લેહત અહિંયા બદલાય ગઈ છે. અને હિન્દુસ્તાનીઓ સ્પ્રિટ મિશ્રિત પડીકીઓની રંગતમાં સામાન્ય રીતે સપડાયેલા છે. એટલા માટે હવે સાહિબે મઝહબ

ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના (મૂળ) મઝહબથી હટીને ફત્વા આપવાનું કોઈ કારણ નથી. અને ઈમામે આ'ઝમના મઝહબ મુજબ આવી પડીકીઓ પાક છે. જેથી ઉમૂમે બલ્વાના આધારે ફકીરનો ફત્વો એ જ છે કે (આવી) મિસ્રી પાક છે અને તેનું ખાવું જાઈઝ છે.

જુઓ ! અસલ મઝહબે હન્ફી ઈમામે આઝમ رحمۃ اللہ علیہનો મઝહબ છે પરંતુ સંજોગોના પરિવર્તનથી મસ્લેહતનો તકાઝો ઈમામ મુહમ્મદની રિવાયત મુજબ ફત્વો આપવાનો થયો, તો ફુક઼હાએ કિરામે અસલ મઝહબથી હટીને ઈમામ મુહમ્મદની રિવાયત મુજબ (આવી પડીકીઓના નાપાક હોવાનો) ફત્વો આપવાનું શરૂ કરી આપ્યું. અને ફરી એકવાર ત્યારે ઈમામ અહમદ રઝાના જમાનામાં મસ્લેહત બદલાય ગઈ તો આપે ફરીથી અસલ મઝહબે હન્ફી તરફ પલ્ટીને ફત્વો આપ્યો.

વારંવાર હુકમમાં થતા આવા પરિવર્તનને જોઈને એક સામાન્ય વ્યક્તિ તેને મઝહબથી ઈખ્તેલાફ તથા ફરી જવું સમજશે, પરંતુ ફિક઼્હી મસ્લેહતો તથા આધારો પર ગેહરી નિગાહ (દષ્ટિ) ધરાવનાર સારી રીતે સમજે છે કે આ મઝહબથી ઈખ્તેલાફ તથા ફરી જવું નથી બલ્કે હક઼ીક઼તમાં સાહિબે મઝહબની પૈરવી છે.

**★ (૨) ગામડાઓમાં જુમ્આની નમાઝની ઈજાઝત તથા અસલ મઝહબને છોડવું ★**

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ પોતાના કેટલાયે ફત્વાઓમાં એ સ્પષ્ટતા કરી છે કે ગામડાઓમાં જુમ્આની નમાઝ નથી. ઈમામે આ'ઝમ عَلَیۡہِ الرَّحۡمَۃُ وَ الرِّضۡوَانُનો મઝહબ એ જ છે. પરંતુ એક ફત્વામાં આપે અમુક મસ્લેહતોના આધારે તેનાથી (ઈમામે આ'ઝમના મઝહબથી) હટીને ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہની એક નાદિર (દુર્લભ) રિવાયત પર અમલ કરવાની ઈજાઝત આપી છે, તે ફત્વો તમે પણ વાંચો.

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : હન્ફી ઈમામોની સંમતિથી હક઼ીક઼તમાં ગામડાઓમાં જુમ્આ તથા ઈદૈનની નમાઝો મનાઈ તથા નાજાઈઝ છે કે જે નમાઝ શરીઅતની દષ્ટિએ સહીહ નથી તેનું પઢવું પણ જાઈઝ નથી.

**فی الدر المختار: وفی القنیة: صلاة العید فی القری تکرہ تحریما أی لأنه اشتغال بما لا یصح۔ اہ فی ردالمحتار: ومثلُہ الجمعة۔ ح۔**

"દુરે મુખ્તારમાં છે કે કિનીયામાં છે કે ઈદની નમાઝ ગામડાઓમાં મકરૂહે તહરીમી છે. કેમ કે તે એવી નમાઝ પઢવી કે જે (ગામડાઓમાં) સહીહ નથી. અને રદ્દુલ મોહતારમાં છે, જુમ્આ પણ ઈદની જેમ જ છે."

જુમ્આમાં તેના સિવાય પણ નાજાઈઝ હોવાનું અન્ય કારણ છે. જેમ કે અમારા ફતાવાઓમાં છે.

હા ! ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہથી એક નાદિર રિવાયત પણ આવી છે કે **જે વસ્તીમાં એટલા મુસલમાન આકિ઼બ, બાલિગ મર્દો રહેતા હોય જેઓ એવા તંદુરુસ્ત કે જેમના ઉપર જુમ્આની નમાઝ ફર્ઝ થઈ શકે જો તેઓ તે આ વસ્તીની મોટી મસ્જિદમાં જમા થાય તો તેમાં ન સમાય શકે ત્યાં સુધી તેઓને જુમ્આ માટે જામે મસ્જિદ બનાવવી પડે તો જુમ્આના સહીહ થવા માટે વસ્તીને શહેર સમજવામાં આવશે.** ઈમામ અકમલુદીન બાબરતી હિદાયહની શરહ ઈનાયહમાં એ પ્રમાણે જ ફર્માવે છે :–

**(وعنه) ای عن ابی یوسف انهم ( إذا اجتمعوا) ای اجتمع من تجب علیهم الجمعة لا کلُّ من یسکن فی ذلك الموضع من الصبیان والنساء والعبید۔ قال ابن شجاع: أحسنُ ما قیل فیه: اذا کان اهلها بحیث لو اجتمعوا (فی اکبر مساجدهم لم یسعهم) ذلك حتی احتاجوا الی بناء مسجد اخر للمجمعة الخ۔**

જે ગામડામાં એવી સ્થિતિ હોય તો તે ગામમાં

નાદિર રિવાયતના આધારે જુમ્આ તથા ઈદૈન થઈ શકે છે. ભલે અસલ મઝહબના વિરૂધ્ધ છે પરંતુ તેને પણ બાદમાં આવનાર ઈમામોની એક જમાઅતે અપનાવેલ છે. અને જ્યાં સ્થિતિ તે મુજબ ન હોય ત્યાં હરગિઝ જુમ્આ અથવા ઈદની નમાઝ હન્ફી મઝહબમાં જાઈઝ નથી થઈ શકતી, બલ્કે ગુનો છે. *(ફતાવા રઝવિય્યહ્, ૩/૭૦૧, ૭૦૨, સુન્ની દારુલ ઈશાઅત, મુબારકપુર)*

આ ફત્વા પછી આ'લા હઝરત رحمۃ اللہ علیہ એ ગામડાઓમાં જુમ્આની નમાઝના નાજાઈઝ હોવાનો હુકમ આપ્યો છે. તેનું કારણ મુઝ નાચીઝ (મૂળ લેખક)ના ખયાલમાં એ છે કે જાઈઝ હોવાનો ફત્વો કોઈ મહત્વની મસ્લેહતના આધારે આપ્યો હતો એટલા માટે જ્યાં તે મસ્લેહત હશે તો જાઈઝ હોવાનો હુકમ આપવામાં આવશે, અને જ્યાં તે મસ્લેહત ન હોય ત્યાં હુકમ અસલ મઝહબ મુજબ નાજાઈઝ હોવાનો રહેશે.

**★ (3) ઘઉંની લે વેચમાં વજનનો અતેબાર ★**

આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે : ચાર વસ્તુઓને અલ્લાહના રસૂલ ﷺ એ ''કૈલી'' (માપીને વેચાય એવી) ફર્માવી છે : ઘઉં, જવ, ખારેક, નમક. આ ચાર વસ્તુઓ હમેશાં કૈલી (એટલે કે માપીને વેચાય એવી) રહેશે, ભલે લોકો તેને વજન કરીને વેચવા લાગે. તો હવે જો ઘઉંના બદલામાં ઘઉં બરાબર તોલીને વેચે તો હરામ કહેવાશે, બલ્કે માપમાં બરાબર હોવું જોઈએ. અને બે વસ્તુઓને હુઝૂરે અક્દસ ﷺ એ વજની ફર્માવી છે : સોનું અને ચાંદી. આ બે વસ્તુ હમેશાં વજની જ રહેશે. આ વસ્તુઓ સિવાય (દરેક વસ્તુની લે વેચનો આધાર) ઉર્ફ તથા આદત મુજબ રહેશે. અને જે ગજો (મીટર, ફૂટ વગેરે) અથવા ગણતરી કરીને (નંગ પર) વેચાય છે તે અંદાજાથી ખારિજ ગણાશે. (એટલે કે કૈલી તથા વજની નહીં ગણાય) *(ફતાવા રઝવિય્યહ્, ૭/૮૦, સુન્ની દારૂલ ઈશાઅત, મુબારકપૂર)*

પરંતુ તેના વિરૂધ્ધ આપે પોતાના એક ફત્વામાં ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ ના કૌલ મુજબ ઘઉંમાં વજનનો એતેબાર કર્યો છે. જેમ કે ફતાવા રઝવિય્યહ્માં છે : ''શુ ફર્માવે છે ઓલમાએ દીન આ મસ્અલામાં કે બકરે ઈદથી કારતક મહિનામાં એક મણ ઘઉં વાવેતર માટે લીધા. અને પાક થવા પર ચૈત્ર મહિનામાં એક મણના બદલામાં એક મણ ઘઉં પાછા આપ્યા. એટલે કે કાંઈ પણ વધઘટ ન થઈ. તો શું આ પ્રમાણે કરવું જાઈઝ છે કે નહી ?

**અલ જવાબ** : જાઈઝ છે.

**عملاً بقول الامام ابی یوسف مِن اعتبار العرف فی الکیل والوزن مطلقاً وقد تعامل به الناس وشاع بینهم استقراض الحنطة وزناً۔ ولا حول ولا قوة الا بالله العلی العظیم۔**

*(આ હુકમ ઈમામ અબૂ યૂસુફ رضی اللہ عنہ ના કૌલ મુજબ આપ્યો છે કે માપ તથા વજનમાં મુત્લક્ન ઉર્ફનો એતેબાર થશે. અને તેના પર નિશ્ચિત રીતે લોકોનો અમલ તથા ઉર્ફ છે. અને લોકોમાં ઘઉંની ઉધાર લે વેચ વજનથી પ્રચલિત છે. –નિઝામ)*


**ત્રણ કિતાબો મંગાવો**

**અસ્માઉન્નબી ﷺ**
**મઝહબી સવાલ જવાબ**

**વેપારનું મહત્વ અને તેના નિયમો**
લેખક : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર)
અનુવાદક મૌલાના મુહમ્મદ રઊફ રઝવી (પાલેજ)

બંને કિતાબોના સંપાદક : **મુહમ્મદ અમીન ચોલા નૂરી (જામનગર)**

**પ્રકાશક : ગરીબ નવાઝ કમિટી**, રેલ્વે કોલોની, ક્વાર્ટર નં. ૨૮–એ, ત્રણ માળ પાસે,
મુ. હાપા, પિન : ૩૬૧ ૧૨૦, જિ. જામનગર, મો. ૯૩૨૮૦૮૮૩૭૮

# રોજી પ્રાપ્ત કરવાના આધ્યાત્મિક (રૂહાની) ઝરીયાઓ

રજૂકર્તા : હાફિઝ ઉષ્માન સાહબ કોલવનવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત સૂરએ ઝારિયાતમાં ઈર્શાદ ફર્માવે છે :–

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنَ "અને મેં જિન્નાત અને માનવીને કેવળ અને કેવળ મારી ઈબાદત માટે પેદા કર્યા." *(સૂરએ ઝારિયાત, આ–૫૬)*

આ આયતે કરીમાનો સાફ મતલબ એ છે કે માનવીની જિંદગીનો એક જ હેતુ છે અને તે છે અલ્લાહની બંદગી, પણ માણસ પોતાની થોડા દિવસની જિંદગી માટે બંદગીનું બલિદાન આપી દે છે. દુનિયા માટે આખેરતને ભૂલાવી દે છે, રોજી મેળવવાના બહાને રિઝ્કના માલિકથી ગાફેલ થઈ જાય છે. કારોબાર રોજગારની ચિંતા અને બીવી બચ્ચાંના ભરણ પોષણની જવાબદારીના નામ પર ફરાઈઝ અને વાજિબાતને અદા કરવામાં બેદરકારી વર્તે છે.

આજે આપણા સમાજમાં એવા માણસોની ખોટ નથી જે એવી કલ્પના કરીને કે અલ્લાહની બંદગી, મસ્જિદમાં હાજર રહેવું, પાંચ ટાઈમની નમાઝનું આયોજન અને બીજાં સારાં કામો એ દુનિયાના વિકાસના રસ્તાઓમાં સૌથી મોટી આડ છે, એટલા માટે નમાઝના સમયમાં પણ કામોમાં વ્યસ્ત છે. નજીકમાંની મસ્જિદથી અઝાન અને ઈકામત જ નહીં પણ આખી નમાઝ સાંભળે છે, પણ દુકાનથી નીકળીને ખુદાના દરબારમાં હાજર નથી થતા. હદ તો એ છે કે **જુમ્આની અઝાન પછી પણ દુનિયા કમાવાના કામને છોડતા નથી** અને રાબેતા મુજબ દુકાનો ખુલ્લી રાખે છે અને કારોબારમાં પરોવાયેલા રહે છે.

આજે હું તમોને સાફ શબ્દોમાં બતાવવા માગુ છું કે અલ્લાહ عَزَّوَجَلَّ અને તેના રસૂલ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ની નાફર્માની, ફરાઈઝ અને વાજિબાત અદા કરવામાં ઉણપ વર્તવી અને **નમાઝોમાં આળસ એ આપણી રોજીમાં બે બરકતી, દુનિયામાં મેહરૂમી અને આખેરતમાં અસફળતાનું સૌથી મોટુ કારણ છે.** એથી ઉલ્ટુ અલ્લાહ અને રસૂલ صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ની તાબેદારી, ફરાઈઝ અને વાજિબાતની અદાયગી અને નમાઝનો બંદોબસ્ત રોજીમાં બરકત અને દુનિયા તથા આખેરતમાં સફળતાની ઝમાનત છે.

રોજી મેળવવાના અમુક જાહેરી ઝરીયાઓ છે અને અમુક આધ્યાત્મિક (રૂહાની) સ્ત્રોત છે, અને કુર્આન અને હદીષમાં બન્નેવનો વિગતવાર ઉલ્લેખ થયો છે. પણ એક જ દર્સમાં બન્નેવનો ઉલ્લેખ મુશ્કેલ છે, અને બાહ્ય સબબો તો લગભગ બધાને ખબર છે, એટલા માટે આજે રિઝ્ક મેળવવાના અમુક આધ્યાત્મિક સ્ત્રોત (રૂહાની ઝરીયા) તમારી સમક્ષ રજૂ કરું છું.

## રોજી પ્રાપ્ત કરવાનો પહેલો ઝરીયો

રોજી પ્રાપ્ત કરવાનો પહેલો ઝરીયો **પરહેઝગારી** છે. પરહેઝગારીનો અર્થ એ છે કે વ્યક્તિ એ કામ કરે જેનો રબ તરફથી એને આદેશ આપવામાં આવ્યો હોય અને એ કામથી રોકાય જાય જેનાથી એને રોકવામાં આવ્યો હોય. એટલે કે દરેક કામ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّم ની

ફર્માંબરદારીના મુજબ કરવું પરહેઝગારી (તક્વો) છે. અને આ જ પરહેઝગારી રોજી પ્રાપ્ત કરવાનો સૌથી મહત્વનો સ્ત્રોત (ઝરીયો) છે. રબ્બે ઝુલજલાલ સૂરએ અઅરાફની આયત નં. ૯૬માં ફર્માવે છે :–

"અને જો વસ્તીવાળાઓ ઈમાન લાવત અને ડરત તો અમે અવશ્ય તેમના માટે આસ્માન અને જમીનમાંથી બરકતોના દરવાજા ખોલી આપત, પણ તેમણે તો જૂઠાડયા, તો અમે તેમને તેમના કર્યા બદલ પકડયા." *(સૂરએ અઅરાફ, આ–૯૬)*

આ આયતે મુબારકામાં સફળતા અને નિષ્ફળતા બન્નેવનાં કારણોનું વર્ણન કરેલુ છે અને એ સ્પષ્ટ કરી દીધું છે કે ઈમાન અને પરહેઝગારી (તક્વા)ના આધારે જ આકાશમાંથી વરસાદ વરસે છે, જમીનમાંથી ઘાસ ઉગે છે જેના કારણે સુખ ચૈનવાળી અને સફળતાવાળી જિંદગી મળે છે. જો શોએબ عليه السلامની કૌમના લોકો ઈમાન લાવતા અને તક્વો અપનાવતા તો ખુદાના કહેર તથા અઝાબથી મેહફૂઝ રહેતા અને સુકૂનવાળી જિંદગીમાં સલામત રહેતા, પણ એમણે ઈમાન પર કુફ્રને અને પરહેઝગારી પર દુશ્મનાવટને અગ્રતા આપી તો પરિણામ એ થયુ કે એમનાં ખરાબ કામ એમને લઈને ડૂબ્યાં અને અલ્લાહના અઝાબમાં સપડાયને બીજાઓ માટે બોધનો સામાન બની ગયા. આયતે મુબારકથી આપણને એ બોધ મળે છે કે **આપણી નજાત અને આપણી રોજી બંનેવનું ઉદભવ સ્થાન ઈમાન અને પરહેઝગારી છે.**

આ જ પરહેઝગારીના બારામાં સૂરએ તલાક્ની આયત નંબર ૨ તથા ૩માં ફર્માવવામાં આવ્યું :–

"અને જે અલ્લાહથી ડરે અલ્લાહ તેના માટે છૂટકારાના માર્ગો કાઢી આપશે અને તેને ત્યાંથી રોજી આપશે જ્યાં તેનું અનુમાન પણ નહીં હોય." *(સૂરએ તલાક્, આ. ૨, ૩)*

આજે પણ આપણે જોઈએ છીએ કે અલ્લાહના નેક બંદાઓ મોટા મોટા માલદારો કરતાં પણ સંતોષ અને આરામની જિંદગી જીવે છે, અને એમના દસ્તરખ્વાન પર શ્રેષ્ઠ અને સ્વાદિષ્ટ ખાણુ જોવામાં આવે છે જે ખાસ કરીને બીજાઓને ત્યાં જોવા નથી મળતું. પૂર્વજો અને બુઝુર્ગોને દીનની પવિત્ર અને સુખદ જિંદગીઓને જોઈને આપણુ ઈમાન એ વાતની ગવાહી આપે છે કે આ સુખી જિંદગી, આ રોજીમાં વધારો અને માલની વિપુલતા એમની પરહેઝગારીની બરકતો છે. અને જે પણ એમના નક્શે ક્દમ પર ચાલીને પરહેઝગારી પસંદ કરશે અલ્લાહ એને હિસાબ વગર રોજી અતા ફર્માવશે.

## રોજી પ્રાપ્ત કરવાનો બીજો ઝરીયો

રોજી પ્રાપ્ત કરવાનો બીજો સ્ત્રોત નેક (સારાં) કામો છે. જેમ કે અલ્લાહ તઆલા સૂરએ નહલની આયત નં. ૯૭માં ઈર્શાદ ફર્માવે છે : જે સારૂં કામ કરે પુરૂષ હોય કે સ્ત્રી અને હોય મુસલમાન તો જરૂર અમે તેને સારૂ જીવન જીવડાવીશું અને જરૂર તેમને તેમના સારા અમલનો બદલો આપીશું. *(સૂરએ નહલ, આ–૯૭)*

આ આયતે મુબારકામાં નેક લોકોને બે વસ્તુઓનું વચન આપવામાં આવ્યું, એક : હયાતે તયૈબા એટલે સારી જિંદગી, બીજુ : નેક કામોનો બદલો અને સવાબ. પાછળના લખાણથી સ્પષ્ટ છે કે સારી જિંદગીનો સબંધ દુનિયાની જિંદગીથી છે, અને નેક કામોનો સંબંધ આખેરતથી. હવે આયતે કરીમાનો અર્થ એ થયો કે અલ્લાહ પોતાના નેક બંદાઓને દુનિયામાં સારી અને સુખી જિંદગી અતા ફર્માવી દે છે, અને જ્યારે આ લોકો દુનિયાથી વિદાય થશે તો આખેરતમાં એમનાં સારાં કાર્યોનો બદલો અતા ફર્માવશે, અધિક સવાબથી માલામાલ ફર્માવશે.

અફસોસની વાત એ છે કે આજે મુસલમાન રોજીમાં વધારો અને દુનિયા અને આખેરતમાં સફળતાના

આ સરળ રસ્તાઓને છોડીને એવા રસ્તાઓ પર ચાલી નીકળ્યો છે જેમાં અલ્લાહની નારાઝગી અને દુનિયા, આખેરતમાં નિષ્ફળતા સિવાય કશું જ નથી. તો પછી એ કેવી રીતે થઈ શકે કે **જેના અધિકારમાં રોજીના ખજાના છે એને નારાજ પણ કરવામાં આવે અને એનાથી રોજીમાં વધારાની અને બરકતની ઉમ્મીદ પણ કરવામાં આવે ?!** રોજીમાં બરકતો તો એ સમયે થશે જ્યારે આખા જગતને રોજી આપવાવાળો રઝ્ઝાક્ રાજી થશે. એટલા માટે જ ફર્માવવામાં આવ્યું કે **નેક અમલોના થકી એને રાજી કરી લો તો તમારી રોજીમાં પુષ્કળ બરકત થશે, દુનિયામાં સારી જિંદગી આપવામાં આવશે અને આખેરતમાં અધિક પ્રમાણમાં નેક કામનો બદલો અને સવાબ આપવામાં આવશે.**

## રોજી પ્રાપ્ત કરવાનો ત્રીજો ઝરીયો

રોજી પ્રાપ્ત કરવાનો ત્રીજો સ્ત્રોત (ઝરીયો) ઈસ્તિગફાર (તૌબા) પણ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : તમારા રબ પાસે માફી માંગો તે મહાન માફ કરનાર છે. તમારા પર મૂશળધાર **વરસાદ મોકલશે** અને **દૌલત** તેમજ **દીકરાઓ** વડે તમારી મદદ કરશે અને તમારા **બગીચાઓ બનાવી દેશે** અને તમારા માટે **નહેરો બનાવશે.** *(સૂરએ નૂહ, આ–૧૦, ૧૧, ૧૨)*

આ આયતે કરીમામાં ઈસ્તિગફારનો (રબની બારગાહમાં ગુનાહોની માફી માગવાનો) આદેશ આપવામાં આવ્યો અને ઈસ્તિગફાર કરવાવાળાઓથી પાંચ મોટી નેઅમતોનું વચન આપવામાં આવ્યું, જેમાંથી ત્રણનો સંબંધ દુનિયાથી અને બેનો સંબંધ આખેરતથી છે. દુનિયાની ત્રણ નેઅમતોમાં એક મૂશળધાર વરસાદ છે, અને બીજુ માલની વિપુલતા, ત્રીજુ નર ઔલાદ. અને આખેરતની બે નેઅમતોમાંથી એક જન્નત છે અને બીજુ એમાં વહેતી નહેરો છે.

પ્રિય વાંચકો ! જ્યારે માણસ ગુનો કરે છે તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત નારાજ થઈ જાય છે, જેના પરિણામે મહેરબાનીની પરંપરા બંધ થઈ જાય છે, દયા અને કૃપાના દરવાજા બંધ થઈ જાય છે, પછી આખી જિંદગી મજા વગરની રહી જાય છે. હવે એ કૈફિયત વગરની જિંદગીને પુરકૈફ બનાવવા માટે એના સિવાય કોઈ રસ્તો નથી કે બંદો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના દરબારમાં માફી માગે, પોતાના કરેલાં કાર્યો પર દિલગીર, શર્મિન્દો થઈને ઈસ્તિગફાર કરે, માફી માગે.

જ્યારે બંદો ઈસ્તિગફાર કરે છે, પોતાના ગુનાહોની તૌબા કરે છે તો રબની રહમતને જોશ આવે છે, પછી ગુનાહોની નહૂસત નષ્ટ થઈ જાય છે, ગુનાહોની છાપ ઝાંખી થઈ જાય છે, દયા અને બક્ષિસના દરવાજા ખુલી જાય છે, રહમતનો વરસાદ વરસે છે, રોજીમાં બરકત થાય છે, માલ અને દૌલતની વિપુલતા થાય છે, બાળકો, સંતાનોમાં વધારો થાય છે. સારાંશ કે **માણસ જે જે નેઅમતોની શોધમાં રાત દિવસ એક કરી દે છે એ બધી નેઅમતો માત્ર તૌબા અને ઈસ્તિગફારની બરકતથી પ્રાપ્ત થાય છે.**

વિચાર કરો કે આપણો પરવરદિગાર આપણા પર કેટલો દયાળુ છે, આપણાથી કેવળ એક સરળ કામ ઈસ્તિગફારની માગણી કરીને બદલામાં પાંચ નેઅમતોનું વચન આપ્યું અને એ પણ એવી નેઅમતો જેનાથી દુનિયા પણ સફળ થાય અને આખેરત પણ સફળ થઈ જાય.

*હમ તો માઈલ બકરમ હૈ કોઈ સાઈલ હી નહીં*
*રાહ દિખલાએઁ કિસે રહ રવે મંઝિલ હી નહીં*

## રોજી પ્રાપ્ત કરવાનો ચોથો ઝરીયો

રોજી પ્રાપ્ત કરવાનો ચોથો સ્કોપ છે કુર્આનના ઉપદેશો પર અડગતાપૂર્વક અમલ કરવો. સૂરએ માએદહની આયત નંબર ૬૬માં છે : અને જો તેઓ

કાયમ રાખત તવરાત અને ઈન્જીલ અને તે જે કાંઈ એમના રબ તરફથી ઉતર્યું, તો એમને રોજી મળત ઉપરથી અને એમના પગો નીચેથી. *(સૂરએ માએદહ, આયત–૬૬)*

આ આયતની સમજૂતીમાં ઈમામ રાઝી رحمۃ اللہ علیہ ફર્માવે છે, યહૂદીઓએ નબીએ કરીમ ﷺને સતત જૂઠલાવ્યા તો અલ્લાહ તઆલાએ એમને દુષ્કાળમાં સપડાવી દીધા અને ફર્માવ્યું કે જો આ લોકો તૌરાત, ઈન્જીલ અને કુર્આન પર અમલ કરીને નબીએ આખિરૂઝ્ઝમાં ﷺ પર ઈમાન લાવતા તો આ દિવસો જોવા ન પડતા, એટલું જ નહીં તૌરાત, ઈન્જીલ અને કુર્આન શરીફ પર અમલની બરકતથી એમના પર રહમતોના દરવાજા ખુલી જતા, આકાશમાંથી વરસાદ વરસતો, જમીનથી ઘાસ ઉગતું, ચો તરફ ખુશહાલી રહેતી. પછી એ એક પુર સુકૂન જિંદગીમાં મેહફૂઝ રહેતા.

યહૂદી અને નસ્રાની (ઈસાઈ)ઓએ આસ્માની કિતાબોના ઉપદેશોને પીઠ પાછળ રાખી દીધા તો દુષ્કાળ અને ગરીબીમાં સપડાવી દીધા. **આજના મુસલમાનોએ પણ કુર્આનના ઉપદેશોને પીઠ પાછળ રાખી દીધા છે તો રોજીમાં બેબરકતી તથા દરેક જગ્યાએ નિષ્ફળતાનો સામનો કરી રહ્યા છે. આજે આપણી સમસ્યાઓનો ઉકેલ એ જ છે જે કાલના પરેશાનહાલ લોકોનો હતો, અને તે એ કે કિતાબ (કુર્આન) અને સુન્નત (હદીષ)ની તાલીમાત પર અડગતાથી અમલ કરવો.** કેમ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આન અને હદીષના ઉપદેશો પર અમલ કરવાવાળાઓને પોતાના ફઝ્લો કરમથી **માલામાલ કરી દે** છે અને એમને **હિસાબ વગરની રોજી આપે** છે.

## રોજી પ્રાપ્ત કરવાનો પાંચમો ઝરીયો

રોજી પ્રાપ્ત કરવાનો પાંચમો સ્ત્રોત (સ્કોપ) શુક્ર છે. પરવારદિગાર ઈર્શાદ ફર્માવે છે : ''જો મારી નેઅમતોનો **શુક્ર કરશો તો હું તમને અધિક અતા કરીશ.** અને જો તમે નાશુક્રી કરી, તો યાદ રાખો કે મારો અઝાબ ઘણો જ સખત છે.'' પ્રિય વાંચકો ! કુર્આને પાકમાં અનેક જગ્યાએ શુક્રનું શિક્ષણ આપવામાં આવ્યું, શુક્રના ફાયદા વર્ણન કરવામાં આવ્યા. આ આયતે મુબારકામાં પણ શુક્રનું શિક્ષણ આપવામાં આવ્યું અને શુક્રનો એક અતિ મહાન ફાયદો એ વર્ણન કરવામાં આવ્યો કે શુક્ર કરવાવાળા લોકોથી અલ્લાહ તબારક વ તઆલા ખુશ થાય છે અને વધારે અર્પણ કરે છે. એનાથી ઉલ્ટુ નાશુક્રી કરનારાઓથી નારાજ થાય છે, તદ્‌ઉપરાંત દુનિયામાં તેમનાથી નેઅમતો છીનવી લેવામાં આવે છે અને આખેરતમાં સખ્ત અઝાબ વેઠવો પડશે.

શુક્રની બરકતો અને નાશુક્રીનો બદલો જોવો હોય તો ''સૂરએ સબા''નો અભ્યાસ કરો અને જુઓ કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે હઝરત દાઊદ علیہ السلام અને હઝરત સુલૈમાન علیہ السلامને એમના સબ્ર અને શુક્રના બદલામાં કેવી મોટી નેઅમતો અતા ફર્માવી. હઝરત દાઊદ علیہ السلام માટે લોખંડ નરમ બનાવી દીધું, જેનાથી આપ બખ્તર વગેરે બનાવતા હતા. હઝરત સુલૈમાન علیہ السلام માટે હવાઓને તેમના તાબામાં કરી દીધી જેના આધારે આપ થોડા સમયમાં મહિનાઓનો સફર કરી લેતા હતા. જિન્નાત અને શૈતાનોને આપના તાબેદાર બનાવી દીધા હતા જેનાથી આપ જુદાં જુદાં કામો લેતા હતા. સારાંશ કે અલ્લાહ તઆલાએ આપને ઘણી બધી નેઅમતો અર્પણ કરી હતી. આપ અલ્લાહ તઆલાની અર્પણ કરેલી નેઅમતોને જોઈને કદી પણ ઘમંડ ન કરતા અને ક્યારેય ગર્વ ન કરતા, હમેશાં તેનો શુક્ર અદા કરતા. ક્યારેક આ શબ્દોમાં શુક્ર અદા કરતા :–

**اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ فَضَّلَنَا عَلٰی كَثِیْرٍ مِّنْ عِبَادِهِ الْمُؤْمِنِیْنَ**

''બધા જ વખાણ એ રબ માટે છે જેણે આપણને પોતાના ઘણા બધા બંદાઓ પર ફઝીલત આપી.''

ક્યારેક શુક્રના શબ્દો આ હોતા :–

اِنَّ هٰذَا لَهُوَ الْفَضْلُ الْمُبِيْنُ ''આ મારા રબનો ઉઘાડો કરમ છે.''

જ્યારે આપના માટે પળવારમાં એટલું જ નહીં પણ એનાથી પહેલાં રાણી સબા બિલ્કીસની રાજગાદી હાજર કરી દીધી તો ફર્માવ્યું : هٰذَا مِنْ فَضْلِ رَبِّيْ ''આ મારા રબનો ફઝ્લ (કરમ) છે.''

આપના આ શુક્ર અદા કરવાના માટેના શબ્દો એટલા પ્રચલિત થયા કે આજે પણ હજારો લોકો આ મુબારક વચનને પોતાની દુકાનો અને મકાનો પર લખે છે, અને આપના જ કૌલમાં પોતાના રબનો આભાર માને છે. એટલા બધા શુક્ર કરવાવાળા હોવા છતાં પોતાના રબથી દુઆ કરે છે :–

''હે મારા રબ ! મને તૌફીક આપ કે હું શુક્ર કરું તારા એહસાનોનો જે તેં મારા પર અને મારાં માબાપ પર કર્યા અને એ કે હું એ સારું કામ કરું જે તને પસંદ આવે, અને મને પોતાની રહ્મતથી પોતાના તે બંદાઓમાં દાખલ કર જે તારા ખાસ કુર્બના પાત્ર છે.'' *(સૂરએ નમલ, આ. ૧૯)*

આ અલ્લાહનો આભાર માનવાવાળા બંદા અને જલીલુલ કદ્ર પયગંબર હતા જે દરેક સમયે રબના ઝિક્ર અને શુક્રમાં વ્યસ્ત રહેતા હતા. રબ્બે ઝુલજલાલે એમના ઝિક્ર અને શુક્ર (આભાર) અને એમની આજીજીનાં વખાણ કર્યા, અને એમને પોતાની મહબૂબિયતની સનદ આપીને ફર્માવ્યું :–

''અને અમે સુલૈમાનને દાઊદનો બેટો બનાવ્યો અને સુલૈમાન કેટલો બેહતર બંદો છે, પુષ્કળ તૌબા કરનાર અને ખૂબ જ માફી માગનાર.'' *(સૂરએ સ્વાદ, આ. ૩૦)*

પ્રિય વાંચકો ! પરવરદિગારે આલમે ''સૂરએ સબા''માં બન્નેનું વર્ણન ફર્માવ્યું, એટલે કે એનું પણ વર્ણન ફર્માવ્યું જે એનો શુક્ર માને છે અને એનું પણ વર્ણન કર્યું જે એનો શુક્ર નથી માનતો. આયત નંબર ૧૦થી આયત નંબર ૧૪ સુધી હઝરત દાઊદ, હઝરત સુલૈમાન અને એમનાં સંતાનોનું વર્ણન કર્યું, ત્યારબાદ એમનું વર્ણન કર્યું જે એહસાન ફરામોશ (ભલાઈને ભૂલી જવુ) અને નાશુક્રા છે. એ જ ''સૂરએ સબા''ની આગળની બે આયતોમાં ફર્માવવામાં આવ્યું. એ આયતોનો સારાંશ એ છે કે સબા કબીલાની ડાબી અને જમણી બાજુ બે બગીચાઓ હતા. એઓને આદેશ થયો કે બન્ને બગીચાઓમાંથી ખાવ અને અલ્લાહનો શુક્ર કરો. એમણે એક કામ કર્યું અને એક ન કર્યું. અલ્લાહની નેઅમતોમાંથી ખાતા રહ્યા અને ખુશ થતા રહ્યા, પણ જ્યાં સુધી વાત છે શુક્રની તો એમાં ઘણી આળસ કરી, અલ્લાહના હુકમથી ફરી ગયા. તો અલ્લાહ તઆલાએ એમના પર બર્બાદ કરવાવાળુ પૂર મોકલ્યું અને તેમના સ્વાદિષ્ટ બગીચાઓને એકદમ કડવા તથા અસ્વાદિષ્ટ બનાવી દીધા. તેમને બદલી આપ્યા અને ઝાડવાં અને અમુક બોરડીઓ ઉગાડી દીધી અને ફર્માવ્યું કે આ તેમની નાશુકરીની સજા છે અને અમે નાશુકરાઓને જ સજા આપીએ છીએ.

વિચાર કરો ! અલ્લાહ તઆલાએ ''સબા'' કબીલાના લોકોને કેવી આનંદની જિંદગી આપી ! કેટલી મોટી નેઅમતો અર્પણ કરવામાં આવી ! પણ જ્યારે એમણે શુક્ર અદા ન કર્યો તો એમનાથી બધી નેઅમતો છીનવી લેવામાં આવી અને એમના પર આફત ઉતારવામાં આવી કે દુનિયાના અસ્તિત્વ સુધીના માટે બોધપાઠ બનાવી દેવામાં આવી.

આપણે પણ દરેક સમયે અલ્લાહનો શુક્ર કરતા રહેવું જોઈએ, એટલા માટે કે આપણો રબ આપણાથી રાજી રહે અને આપણને પોતાની નેઅમતોથી સરફરાઝ ફર્માવે, અને સાથોસાથ તેની નાશુક્રીથી બચતા રહેવું જોઈએ, એટલા માટે કે તેની નારાઝગી અને તેના અઝાબથી સુરક્ષિત રહીએ.

જો કુર્આને કરીમનો અભ્યાસ કરવામાં આવે તો એવી આયતો ઘણી મળશે જેમાં અલગ અલગ ભલાઈનાં કામોના બદલામાં ખુશહાલ જિંદગી, માલની વિપુલતા અને રોજીમાં વધારાનું વચન આપવામાં આવ્યું છે. અત્રે આટલેથી અટકીએ છીએ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મુંબઈ, ડિસે–૨૦૧૫)*

# ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન કે ફિત્નાની દુકાન ?!

રજૂકર્તા : **ઉસ્માનભાઈ કુરૈશી** (તંત્રી : આમીન મંથલી–અમદાવાદ)

ઈસ્લામના ઈતિહાસમાં કોઈકને પણ ઈસાઈ ધર્મની જેમ માર્ટીન લ્યુથર બનીને નવો સુધારાવાદી પંથ ફેલાવવાનો શ્રેય નથી જતો કેમ કે ઈસ્લામ ધર્મ એક પ્રાકૃતિક ધર્મ છે જે સમગ્ર માનવજાત માટે છે અને કયામત સુધીનો ધર્મ છે, ઈસ્લામ એ અલ્લાહના કાનૂનથી પ્રસ્થાપિત કાયદાશાસ્ત્ર જે કુર્આન તેમજ હદીષોથી જેની સમજ પ્રાપ્ત થાય છે તે જ મુજબ ચાર ઈમામોએ તેમાંથી ઈસ્લામી કાયદાશાસ્ત્ર બનાવ્યું છે. જેને અરબી ભાષામાં "ફિક્હ" કહેવાય છે.

ચાર સ્ત્રી કે પુરૂષ ભેગા થઈને એક અલગ પંથ રચીને પોતાના મરજી મુજબનું ધર્મ ફેલાવવા માગે તે ઈસ્લામ ન કહેવાય પણ ખુલ્લી ગુમરાહી અને ફિત્નાઓનો પટારો કહેવાય તેવી વિચારધારાને ગળે લગાવીને આજે ભારતીય મુસ્લિમ સમાજ વિરુદ્ધ એક સંસ્થા પડી છે તેનું નામ છે : "ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન."

ભારતીય મુસ્લિમ મહિલા આંદોલનના મુખ્ય કર્તા ધર્તાઓમાં બેનામ તેના સહસ્થાપક તરીકે ચગે છે તેવી બે સ્ત્રીઓ એક મુંબઈની અને બીજી અહમદાબાદની છે આ સંસ્થાનું સરનામુ છે :–

ભારતીય મુસ્લિમ મહિલા આંદોલન, ૩૫/બી, રોયલ હિલ સોસાયટી, નવી મહાડા કોલોની, ગોરેગાંવ, મુંબઈ

મુંબઈની સ્ત્રીનું વૈવાહિક જીવન કેવું છે તેની જાણકારી આ સંસ્થાના વેબ પેજ ઉપર કે અન્ય કોઈ જગ્યાએ માહિતી નથી પણ જે બીજા સહ સ્થાપક છે તે અહમદાબાદના વતની છે અને તેમના જીવનનાં અનેક પાસાંઓથી આ લેખક માહિતગાર છે. આ સ્ત્રીના ત્રણ રૂપ જોયાં છે, જ્યારે તેઓ કોલેજમાં ભણતાં હતાં ત્યારે તેઓ પોતાનું નામ નિઝામીની પુત્રી તરીકે લખાવતાં, પછી તેમનાં પહેલા લગ્ન પછી તેમનું નામ જોહરની બીવી થયું. તલાક થઈ અને હવે એક ગૈર મુસ્લિમ સાથે લગ્ન કર્યા પશ્ચાત તેમનું નામ આજકલ "મેડમ સોમન" લખાવે છે.

અત્રે મોટો પ્રશ્ન એ ઉઠે છે કે કોઈક હિંદુ સ્ત્રી મુસ્લિમ સાથે લગ્ન કરી લ્યે અને તે પશ્ચાત હિંદુ કાયદામાં ફેરફારની વાત કરે ત્યારે તેણીને આપણે શું કહીશું ?! બસ આવું જ કાંઈક કરી રહ્યાં છે "મેડમ સોમન" કે જેઓએ એક ગૈર મુસ્લિમ સાથે લગ્ન કરી લીધા છે તો શું શરીઅતના કાયદા પ્રમાણે તેઓ હવે મુસ્લિમ છે ? તેમને ઈસ્લામી કાયદાનો વિરોધ કરવાનો હક્ક તેમને પ્રાપ્ત થાય છે ? કયા મોઢે તેઓ પ્રધાનમંત્રીને ઉદ્દેશીને પત્ર લખે છે અને મોડલ કાયદાનો નમૂનો બનાવીને પ્રધાનમંત્રીને પોતાની સહીથી મોકલાવે છે કે ઈસ્લામી કાનૂનમાં ફેરફાર તેમની સીમિત સુઝબુઝ, સમજ અને જ્ઞાનથી લાવવા માગે છે ? મેડમ સોમન તમો અરબી ભાષાથી અવગત છો ? શું તમો બધી જ કુર્આન શરીફની આયતોના શાને નુઝૂલ (પાશ્વભૂમિ)થી વાકેફ છો ? શું તમોને બધીયે હદીષો લગ્ન અને તલાક બાબતોની યાદ છે ? શું તમોએ કોઈક માન્યતા પ્રાપ્ત મદ્રેસા કે કોલજમાંથી ઈસ્લામ ધર્મના જ્ઞાનની પદવી મળેવેલ છે ?

જો આ બધા પ્રશ્નોનો જવાબ "ના"માં હોય તો બહેન ખૂબ જ વિન્રમતાથી કહીશ કે આપનો ઈસ્લામી કાયદાનો વિરોધ એ ફક્ત સસ્તી લોકપ્રિયતા હાંસલ કરવા માટેનું તુત છે અને સર્વોત્તમ ઈસ્લામને ન્યુનતમ બનાવવાના કાવત્રા સમાન આપની આ હકીકત છે. જ્યારે તમો રાજી છો તમારી મરજીમાં અન્ય ધર્મમાં

લગ્ન કરીને પછી તમારું આ કારસ્તાન મને ''પગ વિનાનું પગલું'' અને ''મલિન મંતર'' સમાન લાગે છે.

આ સંસ્થા દ્વારા તા. ૨૬મી નવેમ્બર ૨૦૧૫ના રોજ પ્રધાનમંત્રીને ઉદ્દેશીને પત્ર લખીને મુસ્લિમ ફેમિલી ક઼ાયદાના નવનિર્માણની માંગ કરે છે અને તેમાં જણાવે છે કે બહુપત્નિત્વ, ત્રણ તલાક઼ અને હલાલાને ગેરક઼ાયદેસર ઠરાવવામાં આવે !

અહીં આટલું જણાવી દઉં કે ઈસ્લામ અને મુસ્લિમ ક઼ાયદો એ બાવાનો બગીચો નથી કે કોઈક વ્યક્તિ ઊભી થઈ જાય અને પરીઓના દેશના દંતકથા જેવા ક઼ાયદાનું મોડલ ડ્રાફટ બનાવીને પ્રસ્તૃત કરી દે અને કહે કે આની ઉપર અમલ કરવું એ આઝાદી છે ! આ આઝાદી નથી પણ તમારી ખાનગી સંસ્થાની ગુલામી કરવાની મૂર્ખામણી છે. *(ઈસ્લામી ક઼ાનૂન રબની વહીથી બનેલા છે.)*

આજે તમો નિકાહ પઢાવનાર મોલ્વીને તલાક઼ અને બહુપત્નિત્વ માટે આરોપી બનાવવા માગો છો ! કેવી મૂર્ખતાભર્યો આપનો આ (સુ)કુવિચાર છે. મૌલાના રૂમ رحمۃ اللہ علیہ પોતાની મસ્નવી નામના પુસ્તકની પાંચમી પ્રતમાં લખે છે કે જ્યારે તમે કૂતરાને પથ્થર ફેંકીને મારો છો ત્યારે તે કૂતરો પથ્થર તરફ ભસીને હુમલો કરવા દોડે છે કે તેના મારનારને ! સ્વભાવિક છે કે કૂતરો પણ આટલી સમજ ધરાવે છે કે તે પથ્થરો ખાધા પછી પથ્થર વિરુદ્ધ નથી ભસતો પણ પેલા વ્યક્તિની તરફ દોટ મૂકે છે. જેણે તેના ઉપર પથ્થર ઉગામ્યો છે. પથ્થર ગુનેહગાર નથી પણ પથ્થર ફેંકવાનું કાર્ય કરનાર વ્યક્તિ તેના માટે જવાબદાર છે. તેવી જ રીતે તમો જણાવો છો કે મોલ્વીને સજા થવી જોઈએ એટલે હવે તમારી અદાલતમાં પથ્થર મારનાર આરોપીની સાથે પેલા પથ્થરને પણ સજા કરવામાં આવશે જેનાથી નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. વાહ રે ! આપની સમજ અને બુદ્ધિની હક઼ીક઼ત !!!

તમો તમારા આવેદનમાં કુર્આની ક઼ાયદાઓથી વિરુદ્ધ જઈને ''હિબા'' (ભેટ) અને વીલ (મૃત્યુપત્રક) દ્વારા માલમિલ્કતની વહેંચણીની ભલામણ કરો છો. શરીઅતથી વિરુદ્ધ જઈને તલાક઼ પશ્ચાત ભરણપોષણ માગો છો, એવી તો કેટલીયે ધડ માથા વગરની માગણીઓ તમે આ મોડલ ડ્રાફટમાં કરી છે જેને ઈસ્લામ સાથે સીધો કે આડકતરો કોઈ સંબંધ નથી પણ એક કુંઠીત ભેજાની ફળદ્રુપ ઉપજ કહેવાય !

ઈસ્લામી ક઼ાયદા વિરુદ્ધ આંગળી ચીંધતા પહેલાં પોતાના જીવનમાં ડોકીયું કરવાની જરૂર લાગે છે. અલ્લાહનો લાખ લાખ શુક્ર છે કે ભારતમાં ૭ કરોડ મુસ્લિમ સ્ત્રીઓ છે અને તેમાંથી ૭૦,૦૦૦ હજાર તમારી સાથે છે તેવો તમો દાવો કરો છો, પણ જો તમો ફક્ત ૭૦૦૦ સ્ત્રીઓના હસ્તાક્ષર પ્રધાનમંત્રીને લખેલા પત્ર ઉપર નામ સરનામા, ફોન નંબર સાથે સમર્થન આપનાર સ્ત્રીઓની સહી લઈ આપશો, તો આ લેખક જીવનભર લેખ લખવાથી સન્યાસ લઈ લેશે તેવો વચન આપે છે.

તમો ભારતના ઈર્શાદ મંજી કે બાંગ્લાદેશની તસ્લીમા નસરીન જેવાં બનવા ઈચ્છો તો અમે રોકનાર કોણ ?! ભારતીય બંધારણ પણ તમોને આવું કરવાની છૂટ આપે છે, પણ તમો આખાયે સમાજના પ્રતિનિધિ છો અને આખાયે સમાજ ઉપર તમારો ખાનગી ક઼ાયદો ઠોકી બેસાડવાની વાત કરો છો ત્યારે એટલું જણાવી દઈએ કે **મુસ્લિમ સમાજમાં તમારુ અસ્તિત્વ જ નથી ! તેથી મુસ્લિમ સમાજ વતી બોલવાનો તમને રતીભર પણ અધિકાર નથી.**

આ સંસ્થા સાથે જોડાયેલ ઈસ્લામ ધર્મમાં સાચા દિલથી આસ્થા ધરાવતી બહેનોને એટલી જ વિનંતિ કે આ ભેજાગેપ નિવેદનો આપવાના ધંધા બંધ કરો અને ભારતીય સમાજમાં મુસ્લિમ સ્ત્રીઓ રચનાત્મક વિકાસ કરે તેવા પ્રયાસો તરફ તમારી શક્તિઓને કામે લગાડો, નહીં કે ફિત્નાના પટારા ખોલવામાં મદદ કરો.

સામાજિક સંસ્થાઓના કાર્યકરો અને શાંતિપ્રિય મુસ્લિમ આગેવાનોને અપીલ છે કે તેઓ આ સંસ્થાના સરનામે, સાચુ ઈસ્લામી દષ્ટિકોણ પીરસતુ સાહિત્ય મોકલાવે તેમજ મોડલ આ સંસ્થાના સરનામે તેમની દરખાસ્તના મોડલ ક઼ાયદાનો વિરોધ ગાંધી ચિંધ્યા માર્ગે કરી બંધારણે આપેલ છૂટ મુજબ વિરોધ પત્રો મોકલાવો કે ભારતીય મુસ્લિમ સ્ત્રીઓને તમારા કોઈ ખટપટીયા આંદોલનની જરૂર નથી.

*–(આમીન મંથલી, તા. ૧–૧૨–૨૦૧૫, અમદાવાદ)*

સોશિયલ મીડિયા પર હોય કે હાર્ડ કોપી હોય

# બદ્અક઼ીદાઓની કિતાબો

## વાંચવા સાંભળવાથી દૂર રહો !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*"સાંભળો સૌનું અને કરો આપણા મનનું"* આ વાક્ય આપણે ન કેવળ સામાન્ય લોકોથી બલ્કે કેટલાક "મોટા" બુદ્ધિજીવીઓથી પણ સાંભળ્યું છે. શબ્દોની સુંદરતા અને લોભામણા અર્થને પોતાનામાં સમાવેલ આ વાક્ય સાંભળવામાં ઘણુ ભલુ જણાય છે. અરબીમાં પણ અમુક આવાં વાક્ય મળી જાય છે, જેમ કે :–

*"ખુઝ્ મા સફ઼ા, દઅ્ મા કદિર"* એટલે "સારું લઈ લો અને બુરુ છોડી દો." અહીંયાં પણ એ જ ભાવાર્થ ભરપૂર રીતે મૌજૂદ છે. પરંતુ આ પ્રકારની વાતો ઈસ્લામી તા'લીમાતથી ટકરાતી જોવા મળે છે, કેમ કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ને યહૂદીઓની વાતો સાંભળવા, લખવા અને તૌરાત પઢવાથી ખૂદ બાનીએ ઈસ્લામ હુઝૂર નબીએ કરીમ ﷺ એ રોકી દીધા હતા. *(શર્હુસ્સુન્નહ્, ૧/૨૧૯, સુનને દારમી, ૧/૧૨૬)*

### દીનમાં સારુ નરસુ પારખવા જાતે જજ ન બનો !

જાણવા મળ્યું કે "સૌનું નથી સાભળવાનું" અને "સારા, બુરા" બંનેવના મિશ્રણવાળાં લખાણો નથી પઢવાનાં. **જ્યારે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ** رضی اللہ عنہ **જેવી હસ્તી જેમના મંતવ્ય મુજબ કેટલાય પ્રસંગોમાં કુર્આને પાકની મુબારક આયતો નાઝિલ થઈ, તેમને મના કરવામાં આવ્યું તો આપણે કઈ ગણત્રીમાં છીએ?!** માટે દરેક સુન્ની સહીહુલ અક઼ીદા મુસલમાન પર વાજિબ છે કે **બદ્મઝહબોની કિતાબો પઢવું તો દૂરની વાત તેમને હાથ પણ ન લગાડે, ન તેમની મહેફિલો મજલિસોમાં બેસે, ન તેમની કોઈ વાત સાંભળે, પોતાને તેમનાથી અને તેમની કિતાબોથી દૂર રાખે, કારણ કે એ ઈમાન માટે ક઼ાતિલ ઝહેરથી અધિક વિનાશક અને ખતરનાક છે.** ઈમાન અને અક઼ીદાની તબાહી તથા બર્બાદીનું કારણ છે, સાંભળવું હોય તો અહલે સુન્નત વલ જમાઅતના ભરોસાપાત્ર અને મુસ્તનદ ખતીબો તથા મુક઼ર્રિરોને સાંભળો, અને અભ્યાસ કરવો હોય તો સુન્ની લેખકો અને સંપાદકોની ઈમાન અફરોઝ કિતાબોનો અભ્યાસ કરો. અહીંયાં એ વાત ધ્યાનમાં રહે કે વર્તમાન યુગમાં ઈસ્લામ અને સુન્નિયતના દુશ્મનોને વળતા જવાબ આપવા અને ઘરની ગવાહી એટલે "મુદ્દઈ લાખ પે ભારી હૈ ગવાહી તેરી" માટે ઉલમા અને જાણકારો માટે અનૂમતિ છે.

આજે આ બાબતનો પ્રચાર કરવાની જેટલી જરૂરત છે એટલી કદાચ પહેલાં કદી ન હતી, કારણ કે બાતિલ તાક઼તો પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક અને સોશિયલ મીડિયા (ફેસબુક, ટ્વિટર, વ્હાટસએપ, ટેલીગ્રામ) વગેરે દરેક ક્ષેત્રે બદ્અક઼ીદગી અને ગુમરાહીના વિનાશક હથિયારોથી સજ્જ સંપૂર્ણ તાક઼ત સાથે મૌજૂદ છે. જ્યારે કે અહલે હક઼્ક઼ અહલે સુન્નત વલ જમાઅતના મજબૂત નેટ વર્કસ આટામાં નમક બરાબર છે ! ગણત્રીના અમુક જણ જ પોતાની શક્તિ અનુસાર આ યુધ્ધ એકલા લડી રહ્યા છે ! આજે સોશિયલ મિડિયા પર બદ્મઝહબોનાં સેંકડો ગ્રુપો પોતાના બાતિલ અક઼ીદાઓના પ્રચારમાં લાગેલા છે. બદ્મઝહબીથી ભરેલા લિટ્રેચરને લખાણ અને તક઼રીરો દ્વારા ફેલાવવામાં આવી રહ્યું છે, **અસંખ્ય વિડિયો ક્લિપ્સ અને ઈમેજ ફેસબુક તથા વોટસ્એપ વગેરે પર શેર થઈ રહ્યાં છે. જેમને આપણા ઘણા બધા સુન્ની ભાઈઓ ન કેવળ વાંચે, સાંભળે છે,**

**બલ્કે અન્યોને ફોરવર્ડ પણ કરે છે. અને આ રીતે પોતે જ બદ્‌મઝહબીના પ્રચાર પ્રસારના માધ્યમ બની જાય છે!**

યાદ રહે કે બદ્‌મઝહબોની તક્‌રીર સાંભળવી અને લખાણ વાંચવાની બાબત કોઈ સામાન્ય બાબત નથી, બલ્કે તેનો સંબંધ દીન અને ઈમાનની સાથે છે. જેમ કે આ લખાણના અભ્યાસથી ધોળા દિવસની જેમ સ્પષ્ટ થઈ જશે.

આ મસ્અલાની સંવેદનશીલતાના અનુક્રમે અત્રે અમો કુર્આન, હદીષ અને પૂર્વજ બુઝુર્ગોનાં કથનો તથા પ્રસંગો, મુસ્તનદ વાકિ઼આ, ફુકહા અને મશાઈખના ફત્વા અને કથનોની રોશનીમાં બાતિલ ફિર્કવાળા અને બદ્‌મઝહબોની વાતો વાંચવા અને સાંભળવા સંબંધે વિશેષતઃ અને તેમની સાથે મેલજોલ અને સામાજિક સંબંધો રાખવા વિશે સામાન્યતઃ ચર્ચા કરીશું. આ લખાણમાં અમારું સંબોધન અહલે સુન્નતના તે સામાન્ય લોકો છે જેમને જોઈને બદ્‌મઝહબી ફેલાવનાર દરિંદાઓની લાળ ટપકવા લાગી જાય છે. અને અમારો હેતુ એ છે કે સામાન્ય લોકોને ખિઝરના રૂપમાં છુપાયેલા લૂટારાઓથી ખબરદાર કરવામાં આવે અને તેમને મધ દેખાડી ઝહેર પીવડાવવાવાળાઓની ચાલબાજીઓથી બચાવવામાં આવે. અલ્લાહ તબારક વ તઆલા હક્ક઼ અને સત્ય રજૂ કરવાની તૌફીક઼, અતા ફર્માવે. (આમીન)

## દરેક અંગના ઉપયોગ વિશે સવાલ થશે!

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કુર્આને કરીમમાં ઈર્શાદ ફર્માવે છે :–

إِنَّ السَّمْعَ وَالْبَصَرَ وَالْفُؤَادَ كُلُّ أُولَٰئِكَ كَانَ عَنْهُ مَسْئُولًا

"બેશક ! કાન અને આંખ અને દિલ એ સૌના વિશે સવાલ થવાનો છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ. ૩૬)*

ઈમામ મુહમ્મદ બિન અહમદ શમ્સુદ્દીન કુર્તબી رحمۃ اللہ علیہ એ આ આયતના હેઠળ ફર્માવ્યું : "એમનામાંથી જે અવયવે જે આચર્યું હશે તેના વિશે પૂછવામાં આવશે. **દિલથી પૂછવામાં આવશે, કઈ બાબતમાં ચિંતન કર્યું અને કઈ વાત પર અક઼ીદો રાખ્યો ? કાનથી પૂછવામાં આવશે, શું સાંભળ્યું હતું ? અને આંખથી પૂછવામાં આવશે, શું જોયું હતું ?** અને એ અર્થ પણ વર્ણવવામાં આવ્યો છે કે અલ્લાહ તઆલા ઈન્સાનથી દરેક તે વસ્તુ વિશે પૂછશે જેનો તેના દિલ, કાન અને આંખે ઘેરાવ કર્યો હશે, અને તેનું દષ્ટાંત આ ઈર્શાદે રસૂલ ﷺ છે : તમારામાંથી દરેક હાકિમ છે અને તેનાથી તેના હેઠળના લોકો વિશે પૂછવામાં આવશે." એ જ પ્રમાણે ઈન્સાન પોતાના અંગો પર હાકિમ છે." *(તફ્સીરે કુર્તબી, ૧૦/૧૮૯)*

ઈમામ અબ્દુલ્લાહ બિન અહમદ હાફિઝુદ્દીન નસફી رحمۃ اللہ علیہ ઉપરોક્ત આયતેપાકના હેઠળ ફર્માવે છે : "ક઼યામતના દિવસે ઈન્સાનથી કહેવામાં આવશે, તેં શા માટે તેને સાંભળ્યું જેનું સાંભળવું તારા માટે હલાલ ન હતું ?! તેં શા માટે તે જોયું જેનું જોવું તારા માટે હલાલ ન હતું ?! અને તેં એવી વસ્તુનો ઈરાદો શા માટે કર્યો જેનો ઈરાદો તારા માટે હલાલ ન હતો ?!" *(તફ્સીરે નસફી, ૬૨૩)*

પોતાના પરવરદિગારના ફર્માન અને તેની તફસીર પર ચિંતન કરો કે, "જ્યારે દિલ, કાન, આંખ સારાંશ કે દરેક અવયવ વિશે સવાલ થશે તો પછી **ક઼યામતના દિવસે એ પણ પૂછવામાં આવશે કે ફલાણા બદ્‌મઝહબનું લખાણ શા માટે વાંચ્યું ?! બદ્‌મઝહબીથી ભરેલું લિટ્રેચર શા માટે જોયું, વાંચ્યું અને આગળ વધાર્યું ? ફલાણા બદ્‌મઝહબની તક઼રીર શા માટે સાંભળી ?** શું તે સમયે કોઈ જવાબ બની પડશે ? હરગિઝ નહીં ! જો આ બાબતે ફસાય ગયા તો છૂટકારાના માર્ગો બંધ થઈ જશે. હોશમાં આવો ! તેની કલ્પના પણ રુંવાટાં ઊભાં કરી દેનાર છે !

وَاِذَا رَاَیۡتَ الَّذِیۡنَ یَخُوۡضُوۡنَ فِیۡۤ اٰیٰتِنَا فَاَعۡرِضۡ عَنۡہُمۡ حَتّٰی یَخُوۡضُوۡا فِیۡ حَدِیۡثٍ غَیۡرِہٖ ؕ وَاِمَّا یُنۡسِیَنَّکَ الشَّیۡطٰنُ فَلَا تَقۡعُدۡ بَعۡدَ الذِّکۡرٰی مَعَ الۡقَوۡمِ الظّٰلِمِیۡنَ

"અને હે સાંભળનાર ! જ્યારે તું એમને જુએ જે અમારી આયતોમાં પડે છે તો એમનાથી મોઢું ફેરવી લે જ્યાં સુધી અન્ય વાતમાં પડે અને જો ક્યાંક તને શૈતાન ભૂલાવી દે તો યાદ આવતાં જાલિમ સાથે ન બેસ." *(સૂરએ અન્આમ, આ. ૬૮)*

હઝરત સદરુલ્ અફાઝિલ મુફ્તી નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ આ આયતના હેઠળ ફર્માવે છે :

આ આયતથી જણાયું કે બેદીનોની જે મજલિસમાં દીનનો એહતેરામ ન કરવામાં આવતો હોય ત્યાં મુસલમાન માટે બેસવું જાઈઝ નથી. આનાથી સાબિત થઈ ગયું કે કાફિરો અને બેદીનોના જલ્સા જેમાં તેઓ દીનના વિરુદ્ધ તક્રીરો કરે છે તેમાં જવું, સાંભળવા માટે શરીક થવું જાઈઝ નથી, અને રદ તથા જવાબ આપવા માટે જવું, બેસવું નથી બલ્કે હક્કને જાહેર કરવું છે અને એ મના નથી. એટલે કે ઉલ્મા જે એ બદ્મઝહબોનો રદ કરવા માટે જાય છે તેઓ આ હુકમમાં દાખલ નથી." *(ખઝાઈનુલ ઈર્ફાન)*

શૈખુલ હદીષ વત્તફસીર મુફ્તી મુહમ્મદ કાસિમ કાદરી સાહબ ઝીદ મજ્દુહુ તફસીરે સિરાતુલ જીનાન, ભાગ–૩, પેજ–૧૩૪માં આ આયતના હેઠળ ફર્માવે છે : **યાદ રાખશો કે બદ્મઝહબોની મેહફિલમાં જવું અને તેમની તક્રીર સાંભળવી નાજાઈઝ અને હરામ છે, અને પોતાને બદ્મઝહબી તથા ગુમરાહી માટે રજૂ કરવું છે. તેમની તક્રીરો કુર્આનની આયતો પર આધારિત હોય, ચાહે અહાદીષે મુબારકા પર, સારી વાતો લેવાના આશયથી પણ તેમને સાંભળવું હરગિઝ જાઈઝ નથી. બિલ્કુલ શક્ય છે બલ્કે અધિકત્તમ એવું બન્યું છે કે ગુમરાહ વ્યક્તિ પોતાની તક્રીરમાં કુર્આન તથા હદીષની સમજૂતીની આડમાં જરૂર**

اللّٰھم احفظنا من کل بلاء الدنیا والاخرۃ

"હે અલ્લાહ ! દુનિયા અને આખેરતની દરેક મુસીબતથી અમને બચાવ !"

## આસ્માની કિતાબ તૌરાત પઢવાની મનાઈ કરી !

અલ્લાહ તઆલાએ એક અન્ય સ્થળે ફર્માવ્યું :

یٰۤاَیُّہَا الَّذِیۡنَ اٰمَنُوا ادۡخُلُوۡا فِی السِّلۡمِ کَآفَّۃً ۪ وَّلَا تَتَّبِعُوۡا خُطُوٰتِ الشَّیۡطٰنِ ؕ اِنَّہٗ لَکُمۡ عَدُوٌّ مُّبِیۡنٌ

"હે ઈમાનવાળાઓ ! ઈસ્લામમાં સંપૂર્ણપણે દાલખ થાવ અને શૈતાનના પગલે ન ચાલો, બેશક ! તે તમારો ઉઘાડો દુશ્મન છે." *(સૂરએ બક્રહ, આ. ૨૦૮)*

ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہ નક્લ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ બિન સલામ رحمۃ اللہ علیہએ દરખાસ્ત કરી કે ઈજાઝત હોય તો નમાઝમાં અમુક આયતો તૌરાત શરીફની પણ અમે લોકો પઢયા કરીએ ? તેના પર આ આયતે મુકદસા ઈર્શાદ ફર્માવી. *(તફસીરે દુર્રે મન્ષૂર, ૧/૫૭૯)*

## બદઅકીદાની મેહફિલમાં જવાથી તેમનું સાંભળવાથી બચો !

આપે જોયું કે તૌરાત શરીફ કે જે અલ્લાહનું કલામ હોવામાં કોઈ શંકા નથી, પરંતુ જ્યારે ફેરબદલની શિકાર થઈ ગઈ અને મન્સૂખ હોવાના દાયરામાં ચાલી ગઈ તો તેને પઢવાથી મનાઈ ફર્માવી દેવામાં આવી. તો પછી બદ્મઝહબોની ઈમાનને બર્બાદ કરનારી કિતાબ અને સોશિયલ મીડિયા પર ફરતા તેમના વીડિયો, ઈમેજ વગેરે કોઈ ગણત્રીમાં છે ? તેમને પઢવું, જોવું તો અધિક રૂપે શૈતાનના પગલે ચાલવું ઠરશે. તો હે અક્કલવાળાઓ ! સમજો !

અલ્લાહ તબારક વ તઆલા અન્ય એક જગાએ ફર્માવે છે :–

**અમુક વાતો પોતાની બદ્‌મઝહબીની પણ મિલાવી દીધા કરે છે, અને મોટો ભય રહે છે બલ્કે (એવું) થવાનો અનુભવ છે કે તે વાતો તક્‌રીર સાંભળનારાના દિમાગમાં બેસીને દિલમાં ઘર કરી જાય છે. એ જ કારણે ગુમરાહ અને બેદીનની તક્‌રીરો અને વાતો સાંભળનાર સામાન્યતઃ પોતે પણ ગુમરાહ થઈ જાય છે.** આપણા બુઝુર્ગો પોતાના ઈમાન વિશે અત્યંત સાવધાન રહેતા હતા તેઓ અક્‌ીદામાં ઘણા જ ચુસ્ત અને પાકા રહેતા હતા તો પણ તેઓ કોઈ બદ્‌મઝહબની વાત સાંભળવાને હરગિઝ પસંદ ન ફર્માવતા, ભલે તે બદ્‌મઝહબ સો વાર વિશ્વાસ અપાવતો કે હું કેવળ કુર્આન તથા હદીષ વર્ણન કરીશ.

## બુઝુર્ગો બદમઝહબથી કાંઈ સાંભળવા તૈયાર ન થતા

જેમ કે આ'લા હઝરત, મુજદ્દિદે આ'ઝમ, ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ખાન رضی اللہ عنہ આ વિશે બુઝુર્ગોનો અમલ નક્‌લ કરતા ફર્માવે છે : હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما ના શાર્ગિદ સૈયદુના સઈદ બિન જુબૈર رضی اللہ عنہ ને રસ્તામાં એક બદ્‌મઝહબ મળ્યો, તેણે કહ્યું, કાંઈક અર્ઝ કરવા ઈચ્છું છું. આપે ફર્માવ્યું, : હું સાંભળવા નથી ઈચ્છતો ! તેણે કહ્યું, એક શબ્દ ?! અંગૂઠો નાની આંગળીના બેડકા પર રાખી ફર્માવ્યું, એક અડધો શબ્દ પણ નહીં ! લોકોએ કહ્યું, એનું શું કારણ છે ? ફર્માવ્યું, આ તે લોકોમાંથી છે એટલે કે ગુમરાહોમાંથી છે.

ઈમામ મુહમ્મદ બિન સીરીન હઝરત અનસ رضی اللہ عنہ ના શાગિર્દની પાસે બદમઝહબ આવ્યા : અર્ઝ કરી : કુર્આનની અમુક આયતો આપને સંભળાવીએ ?! ફર્માવ્યું, હું સાંભળવા નથી ચાહતો. અર્ઝ કરી : નબી ﷺ ની અમુક હદીષો સંભળાવીએ ! ફર્માવ્યું : હું સાંભળવા નથી ઈચ્છતો. તેઓએ જીદ કરી, તો ફર્માવ્યું : તમે બંનેવ ચાલ્યા જાવ, નહીં તો હું ચાલ્યો જાઉં છું ! છેવટે તેઓ બેઈજ્જત થઈને ચાલ્યા ગયા. લોકોએ અર્ઝ કરી : હે ઈમામ ! તેઓ થોડીક આયતો અથવા હદીષો સંભળાવતા તો આપને શું વાંધો હતો ? ફર્માવ્યું : મને ડર લાગ્યો કે તેઓ આયતો અને હદીષોની સાથે પોતાનું અર્થઘટન મિલાવી દે અને તે મારા દિલમાં રહી જાય તો હું હલાક થઈ જાઉં !

પછી ઈમામે એહલે સુન્નત આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવ્યું : **ઈમામોને તો આ ડર ! અને હવે અવામ (સામાન્ય લોકો)ની આ હિંમત છે !** જુઓ ! સલામતનીનો માર્ગ એ જ છે જે તમને તમારા પ્યારા નબી ﷺ એ બતાવ્યો :–

ایکم و ایاھم لا یضلو نکم و لا یفتنو نکم

"એ (બદમઝહબ) લોકોથી દૂર રહો અને તેમને પોતાનાથી દૂર કરો, ક્યાંક તેઓ તમને ગુમરાહ ન કરી દે, ક્યાંક તે તમને ફિત્નામાં ન નાખી દે".

જુઓ ! નજાતનો રસ્તો તે જ છે જે તમારા રબે બતાવ્યો : فَلَا تَقْعُدْ بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ

"યાદ આવતાં જાલિમો પાસે ન બેસ." ભૂલથી તે લોકોમાંથી કોઈની પાસે બેસી ગયા છો તો યાદ આવવા પર તુરંત ઉભા થઈ જાવ. *(સૂરએ અન્આમ, ફતાવા રઝવિય્યા–૧૫/૧૦૬)*

મારા ભોળા સુન્ની ભાઈઓ ! બહેનો ! વિચારો કે આપણને આપણો પરવરદિગાર રબ તઆલા આવા લોકોની સંગત અપનાવવા અને તેમની ઈમાનને બર્બાદ કરનારી વાતો સાંભળવાથી મના ફર્માવી રહ્યો છે, એટલા માટે **ભલાઈ અને સલામતી એમાં જ છે કે આપણે તેમની સંગત, તેમના ઈજતેમા, જલ્સા અને તક્‌રીર તથા લખાણથી સંપૂર્ણ રીતે બચીને રહીએ.** કુર્આન શરીફની સાથે સાથે હદીષોમાં પણ આ બધી બાબતોની નિંદા કરવામાં આવી છે. આવો! એ વિશે રસૂલે અકરમ ﷺ ના આદેશો સાંભળો:–

## હઝરત ઉમરને જ્યારે ગૈરની વાતો સાંભળવાથી મનાઈ થઈ તો !

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી : અમે યહૂદીઓથી કેટલીય એવી વાતો સાંભળીએ છે જે અમને સારી લાગે છે, શું અમને ઈજાઝત છે કે અમે એમનામાંથી અમુક વાતો લખી લીધા કરીએ ? હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : શું તમે દીને ઈસ્લામના સંપૂર્ણ અને પૂરતા હોવા વિશે મુંઝવણમાં છો કે અન્યોની વાતો તરફ ધ્યાન આપો છો ?! જેમ કે યહૂદી અને ઈસાઈ પોતાના ધર્મમાં પરેશાન થઈ ગયા. હું તમારી પાસે આ સ્પષ્ટ અને પવિત્ર શરીઅત લઈને આવ્યો છું. *(શર્હુસ્સુન્નહ, ૧/૨૧૯)*

હઝરત મઆઝ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : જે કોઈ બદમઝહબ તરફ એટલા માટે ચાલીને ગયો કે તેની તાઝીમ તથા ઈજ્જત કરે તેણે નિઃસંકોચ ઈસ્લામને વિધ્વંસ (વિરાન) કરવામાં મદદ કરી. *(હિલ્યતુલ ઔલિયા, ૬/૯૭)*

## બદમઝહબથી દૂર રહેવાના લાભાલાભ

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : જેણે કોઈ બદમઝહબથી અદાવતના કારણે પોતાનું મોઢું બીજી તરફ ફેરવી લીધું તો અલ્લાહ તઆલા તેના દિલને અમન અને ઈમાનથી ભરી દેશે, અને જેણે કોઈને બદમઝહબ પાસે જવાથી રોકી લીધો અલ્લાહ તઆલા તેને ક્યામતના દિવસે મોટી ગભરાહટથી સુરક્ષિત રાખશે. અને જેણે કોઈ બદમઝહબને સલામ કરી, તેની સાથે ખુશીથી મળ્યો અને ખુશીની સાથે તેનું સ્વાગત કર્યું તો તેણે એ ચીજની તૌહીન અને બેઈજ્જતી કરી જે અલ્લાહ તઆલાએ (હઝરત) મુહમ્મદ ﷺ પર ઉતાર્યું છે. *(હિલ્યતુલ ઔલિયા, ૮/૧૯૯)*

એક રિવાયત આ પ્રમાણે છે : જેણે કોઈ બદ્‌મઝહબને ઠપકો આપ્યો તેને અલ્લાહ તઆલા મોટી ગભરાહટથી સુરક્ષિત રાખશે, અને જેણે કોઈ બદમઝહબને બેઈજ્જત કર્યો તેના અલ્લાહ તઆલા સો (૧૦૦) દરજ્જા બુલંદ કરશે. *(અસ્સવાઈકુલ મુહર્રિકા, ૨૫૦)*

તદઉપરાંત એક રિવાયતમાં આ પ્રમાણે આવ્યું છે : જેણે કોઈ બદ્‌મઝહબની બેઈજ્જતી કરી અલ્લાહ તઆલા જન્નતમાં તેનો એક દરજ્જો બુલંદ ફર્માવી દેશે. *(હિલ્યતુલ અવલિયા, ૮/૨૦૭)*

હઝરત અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : અલ્લાહ તઆલા બદમઝહબનો કોઈ અમલ કૂબૂલ નથી ફર્માવતો ત્યાં સુધી કે બદ્‌મઝહબી છોડી દે. *(અસ્સવાઈકુલ મુહર્રિક઼ા, ૨૫૦)*

હઝરત અબૂ હુરૈરહ્‌ رحمۃ اللہ علیہથી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "આખરી જમાનામાં જૂઠા દજ્જાલ થશે જે તમારી સમક્ષ તે હદીષો લાવશે જે ન તમે સાંભળી હશે, ન તમારા બાપ દાદાઓએ, તેમને પોતાનાથી અને પોતાને તેમનાથી દૂર રાખો, તેઓ તમને ગુમરાહ ન કરી દે, ફિત્નામાં ન નાખી દે." *(સહીહ મુસ્લિમ, મુક઼દમા, પ. ૫૬)*

મારા પ્યારા ભાઈઓ ! વિચારો કે આપણા પ્યારા નબીએ કરીમ ﷺએ પોતાની ઝબાને હક્ક઼ તર્જુમાનથી **બદ્‌મઝહબની કેટલી નિંદા ફર્માવી કે એવા લોકો પાસે જવાને અને તેમની ઈજ્જત કરવાને ઈસ્લામને તોડી પાડવા સમાન અને તેમને સલામ કરવા અથવા ખુશીથી મળવાને કે તેમનું સ્વાગત કરવાને દીનની તૌહીન ઠરાવી.** જ્યારે કે બદ્‌મઝહબોથી મોઢું ફેરવવાને અલ્લાહ તઆલાના અમાનની ખુશખબરી અને તેમને ઠપકો આપનારને જન્નતમાં દરજ્જાઓની બુલંદીની બશારત આપી. અને એ પણ નિર્દેશ ફર્માવ્યો કે જ્યારે

તેમના પોતાના અમલો કબૂલ નથી થતા તો તેમની પાસે જવાવાળાઓ, તેમનાં લખાણ વાંચનારાઓ અને તક્રીર સાંભળનારાઓને શો ફાયદો થશે ? અંતિમ વર્ણન થયેલ હદીષમાં તો સ્પષ્ટ ફર્માવી દીધું કે તમારી પાસે એવી હદીષો અને દીનની વાતો લાવશે જે ન તમે સાંભળી હશે, ન તમારા બાપદાદાઓએ. પાછલી અમુક સદીઓમાં બાતિલ ફિર્કાઓ અને બદ્મઝહબોએ. ઈસ્લામમાં ઘણા બધા નવા અકીદા અને માન્યતાઓ ઉપજાવીને સાદિકો મસ્દૂક હુઝૂર નબીએ કરીમ ﷺની આ ગૈબી ખબર પર સત્ય હોવાની મહોર લગાડી દીધી. અલ્લાહ તબારક વ તઆલા તેમના પ્રપંચ અને તેમના બાતિલ અકીદાઓના ધોકાથી સૌને બચાવે. આમીન)

**બદમઝહબથી દોસ્તી તથા મહોબ્બતનો અંજામ !**

અહીંયાં એ વાત ધ્યાન કરવા પાત્ર છે કે આપણા બુઝુર્ગોનો બદ્મઝહબો સાથે કેવો વર્તાવ રહ્યો, તેઓ તેમને કેટલા નાપસંદ કરતા હતા અને તેમની સંગત, તેમની તક્રીર અને લખાણોથી કેટલી સખ્તીથી રોકતા હતા. આપણા બુઝુર્ગો આવા લોકોથી મહોબ્બત અને દોસ્તીને ઈમાન તથા અમલ માટે સખત નુકસાનકારક ઠરાવતા હતા. જેમ કે હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું :–

"જેણે કોઈ **બદ્મઝહબ સાથે મહોબ્બત કરી** અલ્લાહ તઆલા તેના અમલ બર્બાદ કરી દેશે અને **તેના દિલથી ઈમાનનું નૂર કાઢી નાખશે."** *(અસ્સવાઈકુલ મુહર્રિકા–૨૫૦)*

આપનું જ કથન છે : "નિફાકના માર્ગ સિવાય એ શક્ય જ નથી કે કોઈ સુન્ની કોઈ બદ્મઝહબ સાથે મહોબ્બત રાખે." *(અલ્ઈબાનતુલ કુબ્રા લિઈબ્ને બત્તા, ૨/૪૫૬)*

પૂર્વજ બુર્ઝુગો આવા લોકો પાસે બેસવાને હાનિકારક બતાવતા હતા ત્યાં સુધી કે રસ્તામાં બદમઝહબ સામે આવવા પર રસ્તો બદલવાનો હુકમ આપતા. જેમ કે હઝરત હસન رضی اللہ عنہએ ફર્માવ્યું : **બદમઝહબ પાસે ન બેસો એ દિલને બીમાર કરી દે છે.** *(અલ્બિદઉ લિઈબ્ને વઝ્ઝાહ, ૨/૯૫)*

હઝરત ફુઝૈલ બિન અયાઝ رضی اللہ عنہએ એક વ્યક્તિને નસીહત કરતાં ફર્માવ્યું, બદમઝહબની સાથે ન બેસ કારણ કે મને તારા પર લાનત ઉતરવાનો ભય છે. *(એ'તેકાદો અહલિસ્સુન્નહ લિલઅલ્કાઈ, ૧/૧૩૮)*

આપનું જ ફર્માન છે : જેની પાસે કોઈ વ્યક્તિ મશ્વરો લેવા આવ્યો અને તેણે તેને કોઈ બદમઝહબની પાસે જવાનું કહ્યું તો **તેણે દીને ઈસ્લામની સાથે ગદ્દારી કરી.** તમે બદમઝહબો પાસે જવાથી બચો કારણ કે તેઓ હકથી રોકે છે. *(એ'તેકાદો અહલિસ્સુન્નતિ લિલ્ અલ્કાઈ, ૧/૧૩૮)*

અને હઝરત યહ્યા બિન કષીર رضی اللہ عنہ ફર્માવે છે. જો કોઈ રસ્તામાં બદમઝહબથી ભેટો થઈ જાય તો તે રસ્તો છોડીને બીજા રસ્તો અપનાવો. *(અશ્શરીઅતુ લિલ્ આજુરી, ૧/૪૫૭)*

પછી એ કે જીવન તો જીવન જ રહ્યું તે પાક હસ્તીઓ તો તેમના જનાઝામાં જવાને પણ અલ્લાહ તઆલાના ગઝબ અને નારાઝગીનું કારણ ઠરાવતા. જેમ કે હઝરત સુફયાન બિન ઉયય્ના رضی اللہ عنہએ ફર્માવ્યું : **જે કોઈ બદ્મઝહબના જનાઝાની સાથે ગયો તે પરત થતા સુધી અલ્લાહના ગઝબમાં રહે છે.** *(અસ્સવાઈકુલ મુહર્રિકા, ૨૫૦)*

એ જ પ્રમાણે આપણા બુર્ઝુગો બદ્મઝહબને ન ઈમામતના લાયક સમજતા ન તેનાથી કોઈ હદીષ બયાન કરતા, કારણ કે બદઅકીદા અને બદમઝહબ દીન તથા દયાનત કોઈ પણ રીતે અમીન નથી હોતો. કોઈએ હઝરત સુફયાન ષૌરી رضی اللہ عنہને પૂછયું : એક વ્યક્તિ તકદીરનો ઈન્કાર કરે છે, શું હું તેની પાછળ નમાઝ પઢી શકું છું ? તો આપે ફર્માવ્યું : તેને ઈમામ ન બનાવો, તેણે કહ્યું : ગામમાં બસ એ જ ઈમામ છે, તેના સિવાય કોઈ ઈમામ નથી. આ સાંભળી આપે મોટા અવાજે ફર્માવ્યું : તેને ઈમામ ન બનાવો ! તેને ઈમામ ન બનાવો ! *(હિલ્યતુલ ઔલિયા, ૭/૨૭)*

–(હવાલો : અશ્રફિયા, નવે. ૨૦૧૫)

# મુકર જાનેકા ક઼ાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ !

**કાર્યાલય**

આજકાલ વહાબી દેવબંદીઓએ અજબની ચાલ ચાલવાની શરૂ કરી આપી છે અને એના થકી ભોળીભાળી સુન્ની અવામને છેતરીને પોતાનામાં ભેળવી દેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જેમ કે હાલમાં એક બદબખ્ત કમલેશ તિવારી નામના નીચ શખ્સે શાને મુસ્તફામાં બેઅદબીના શબ્દો અખ્બાર થકી પ્રસિધ્ધ કર્યા તો ઠેકઠેકાણે દેવબંદી વહાબી જમાઅતની સંસ્થા "જમિયતે ઉલમાએ હિંદ" તરફથી પણ વિરોધ પ્રદર્શનો, રેલીઓ તથા કલેકટરોને આવેદન પત્રો આપવાના પ્રોગ્રામો જોવા મળ્યા ! તો આશ્ચર્ય સાથે કહેવું પડે છે કે :–

*મુકર જાનેકા ક઼ાતિલને નિરાલા ઢંગ નિકાલા હૈ*
*હર એકસે પૂછતા હૈ કે ઈસ્કો કિસને માર ડાલા હૈ*

જો આ લોકો સાચે જ નબી પાક ﷺની અદબને ચાહનારા છે અને આપ ﷺની ગુસ્તાખીને સહન નથી કરી શક્તા તો એમની જમાઅતના મોલ્વીઓ ઈસ્માઈલ દહેલ્વી, રશીદ અહમદ ગંગોહી, ક઼ાસિમ નાનોત્વી, અશરફ અલી થાનવી, ખલીલ અંબેઠવી....વગેરેએ તેમની કિતાબોમાં નબી પાક ﷺના માટે ગુસ્તાખી કરતા હલકા શબ્દો વાપર્યા છે અને સુન્ની ઉલમા વરસોથી તેમનો વિરોધ કરતા રહ્યા છે અને કુર્આન હદીષથી તેમને સમજાવતા રહ્યા છે છતાં હજીય તેમની એ કિતાબો છપાતી જ જાય છે, તેના પ્રતિ પણ ધ્યાન કરે અને શાંતિથી વિચારણા કરી એના વિરોધ બાબતે પણ વિચારે.

જો મોડે મોડે પણ તેમને સમજ આવી હોય તો તેઓ તેમના આ મોલ્વીઓના નીચે દર્શાવેલ ગુસ્તાખીપૂર્ણ લખાણોનો વિરોધ કરે અને એવું લખનાર મોલ્વીઓથી બેઝારી જાહેર કરીને એ કિતાબોનો બહિષ્કાર કરી આપે તો સાચા ગણાશે, નહીં તો તેમની આ રેલીઓ એક ધોકો તથા પ્રપંચ પુરવાર થશે.

## આ છે એમની ગુસ્તાખીપૂર્ણ વાતોના એકાદ બે નમૂના

- ❑ જો હુઝૂર ﷺ માટે અમુક ઈલ્મે ગયબ મુરાદ છે તો **એમાં હુઝૂરની જ શું વિશિષ્ટતા (ખૂબી) છે ?!** એવો ઈલ્મે ગયબ તો **ઝયદ તથા અમ્ર બલ્કે દરેક બાળક તથા પાગલ, બલ્કે સર્વ જાનવરો તથા ચોપગાંઓને પણ છે.** (હિફ્ઝુલ ઈમાન, પેજ નં. ૧૫, લે. અશરફઅલી થાનવી)
- ❑ **વ્યભિચારના વસવસા, પોતાની પત્ની સાથે સંભોગનો વિચાર બેહતર છે,** અને **શયખ તથા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ, ચાહે જનાબ રિસાલત મઆબ પણ કેમ ન હોય ?!** આપણા ધ્યાનને લગાડવું **આપણા બળદયા તથા ગધેડાના ખયાલમાં ડૂબી જવા કરતાં બુરુ છે.** *(સિરાતે મુસ્તક઼ીમ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી, પેજ–૧૩૬)*
- ❑ **રસૂલુલ્લાહ ﷺ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે.** *(બરાહીને કાતિઆ, અઝ : મોલ્વી ખલીલ અંબેઠવી, પેજ–૫૫)*
- ❑ દરેક મખ્લૂક઼ ચાહે નાનો હોય કે મોટો (એટલે વલી કે નબી) અલ્લાહની શાનની સામે **"ઢેડ–ચમાર"થી પણ અપમાનિત (નીચ) છે.** *(ગુજરાતી તક઼વિયતુલ ઈમાન, પેજ–૪૯ તથા ૫૧, દારુલ ઉલૂમ ભરૂચ–કંથારીયાની કિતાબ, લેખક : ઈસ્માઈલ દહેલ્વી, અનુવાદક : હસન ભડકોદ્રવી)*

આ ફક્ત નમૂના છે, નહીં તો ઘણી બેઅદબીની વાતો એમણે લખી છે. તો જો એઓ રસૂલ ﷺની તાઝીમ બાબતે નિખાલસ હોય તો આ કિતાબોનો પણ વિરોધ કરે અને એ મોલ્વીઓ વિશે કુફ્રના ફત્વા રજૂ કરે.

## બરકાતે ખ્વાજાની ટપાલ......... કાર્યાલય

### :: શાદી મુબારક ::

**કંબોલી** : ખાતે ઈસ્હાક઼ ઈસ્માઈલ પટેલ (બાબુભાઈ વાઝા)ની નેક દુખ્તર સામીરાબાનુની શાદી સૂરત ઉધનાના રહેવાસી સુલેમાન અહમદ પટેલના નેક ફરઝંદ જાવિદ સાથે તા. ૧૫–૧૧–૨૦૧૫ના રોજ રવિવારે રાખવામાં આવી.

**જંબુસર** : મુક઼ામે ફરીદખાં બશીરખાં પઠાણના બંને નેક ફરઝંદો માહિરાબાનુના નિકાહ જંબુસરના અ. હમીદ અ. મજીદ મિલનવાળાના સુપુત્ર ફૈસલ સાથે, તથા જલાલુદ્દીન ઉર્ફે ફૈસલના નિકાહ અ. હક્ક અ. કાદરની નેક દુખ્તર રૂમાના સાથે અનુક્રમે તા. ૨૧–૧૧–૨૦૧૫ તથા ૨૨–૧૧–૨૦૧૫ના થયા હતા. આ ખુશીના મોક઼ા પર ''ઈસ્લાહે મુઆશરા કોન્ફન્સ''નું આયોજન કરવામાં આવેલ જેમાં હઝરત મૌલાના સૈયદ અમીન અલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ખૂબ જ બોધદાયક બયાન કર્યું હતું. મજમા પર રિક્કત છવાઈ ગઈ હતી.

**થામ** : ખાતે યાકૂબ સુલેમાન ઈસાના નેક ફરઝંદ મૌલાના સાજિદ મિસ્બાહી (મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ના નિકાહ ટંકારીયા નિવાસી મર્હૂમ ઐયૂબ આદમ કોવારીવાળાની નેક દુખ્તર રિઝવાના સાથે તા. ૪–૧૨–૨૦૧૫ જુમ્આની નમાઝ બાદ રાખવામાં આવ્યા. નિકાહ હઝરત અલ્લામા અબ્દુલમુબીન નોઅમાની સાહબ (મુબારકપુર)એ પઢાવ્યા હતા. તેમજ યાકૂબભાઈની નેક દુખ્તર રિઝવાનાના નિકાહ પાલેજ નિવાસી ઈબ્રાહીમ ઉમરજી માલાના નેક ફરઝંદ મુશ્તાક સાથે થયા હતા. થામ ખાતે શનિવારે વલીમો રાખવામાં આવ્યો હતો.

**દયાદરા** : દિવાન હમીદશા અહમદશાની નેક દુખ્તર રેહાનાબાનુના નિકાહ આણંદના રહીશ દિવાન અકબરશા હાજી કાલુશા ઈમામશાના પૌત્ર સારૂકશા સાથે તા. ૭–૧૨–૨૦૧૫ના રોજ અકુજી કોમ્યુનિટી હોલમાં રાખવામાં આવ્યા.

**કંબોલી** : ખાતે ઉસ્તાઝુલ હુફ્ફાઝ જનાબ હાફેઝ આદમ ઈસા રાજી (હાલ લેસ્ટર યુ. કે.)ના નેક ફરઝંદ હાફિઝ ઝયનુલઆબિદીનના નિકાહ જનાબ હાજી મુબારકઅલી ઈસા રાજીની નેક દુખ્તર મુસ્તફ઼ીમાબાનું સાથે તા. ૧૩–૧૨–૨૦૧૫ રવિવારના રોજ રાખવામાં આવ્યા. એના નિમિત્તે તા. ૧૧–૧૨–૨૦૧૫, જુમ્આના રોજ ઈશા બાદ હઝરત પીર સૈયદ ક઼મરૂદ્દીનબાવા કારંટવીની સદારતમાં જાવેદ રઝા નાગોરી સાહબનો શાનદાર નઅતે પાકનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો.

**જંબુસર** : તા. ૫–૧૧–૨૦૧૫ જુમેરાતના રોજ અ. રઉફખાન પઠાણની શાદીના મોક઼ા પર શાનદાર નાઅત શરીફનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં હઝરત હાફિઝો ક઼ારી રિયાઝુદ્દીન સાહબ (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી) મુંબઈથી તશરીફ લાવ્યા હતા. પ્રોગ્રામ ઘણો જ કામયાબ રહ્યો હતો.

તા. ૧૧–૧૧–૨૦૧૫ બુધવારના રોજ ઈમરાન મલેકની શાદીના મૌક઼ા પર શાનદાર નઅત શરીફનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં પણ હઝરત હાફિઝો ક઼ારી રિયાઝુદ્દીન સાહબ મુંબઈથી તશરીફ લાવ્યા હતા.

ઉપરોક્ત સર્વે દુલ્હા દુલ્હન તથા બંને પક્ષના કુટુંબીજનોને સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં બંને પક્ષના કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓ નસીબ ફર્માવે. *–તંત્રી*

---

**કંબોલી** : ખાતે તા. ૨૦–૧૧–૨૦૧૫ના રોજ જુમ્આની રાત્રે ઈશા બાદ આલે રસૂલ હઝરત મૌલાના અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ કુર્આન હદીષની રોશનીમાં તથા સહાબાએ કિરામના કિરદારની રોશનીમાં ઈમાનની અહમિયત તથા ઈશ્કે મુસ્તફા કોને કહેવાય કે જે ઈમાનની જાન છે તે સંબંધે ખૂબ જ અસરકારક બયાન કર્યું હતું. આસપાસના ગામો પારખેત, ટંકારીઆ, પાલેજ, નબીપુર, હિંગલ્લા, પગુથણ ઉપરાંત દૂર દૂરથી બહોળી સંખ્યામાં સુન્ની અવામે હાજરી આપી ફયઝ હાંસલ કર્યો હતો.

## ડંકાની ચોટ પર હક્ક઼ બાબતનું એલાન

## બરકાતે ખ્વાજા (માસિક) વિશે નમ્ર અભિપ્રાય !

ઈસ્લામિક વેલફેર મિશન–દયાદરા પ્રકાશિત બરકાતે ખ્વાજા (માસિક) મઝહબી સામયિક છેલ્લા ૧૩ વર્ષથી મઝહબે ઈસ્લામની પ્રિન્ટ મીડિયા થકી ખિદમત અંજામ આપી રહેલ છે. એહલે સુન્નત વલ જમાઅત મસ્લકે આ'લા હઝરતને વરેલું આ અજોડ મુખપત્ર છે. જેમાંનાં વિવિધ વિભાગો લેખો વાંચકોને અવામને ખૂબ જ પસંદ પડે છે જેમ કે ગલતફેહમીઓ તથા તેની સુધારણા વિભાગ ખૂબ જ માહિતી સભર હોય છે. તેમજ સાંપ્રત પ્રવાહો વિવિધ બનતા બનાવો વિશે વિશ્લેષણ સાથેના લેખો વાંચવા ગમે છે. અન્ય વિભાગો / લેખો ઈસ્લામી અને મઝહબી મા'લૂમાતથી ભરપુર હોય છે. ફાઈલ કરવા લાયક મેટરો હોય છે. ખાસ કરીને સામાજિક અને મઝહબી પ્રસંગોમાં જે વિવિધ ખુરાફાતો શરીઅત વિરૂધ્ધ થઈ રહેલ છે તેના વિશે ડંકાની ચૌટ પર હક્ક઼ બાબત નીડરતાથી કોઈની પણ શેહ શરમ સાડાબારી રાખ્યા વિના છાપવામાં આવેલ છે તે ખાસ નોંધનીય બાબત છે. શિક્ષિત બુધ્ધિજીવી વાંચકો તથા અવામે આ બાબતની નોંધ લીધેલ જ છે. ગુજરાતમાંથી આશરે પંદરેક જેટલાં મઝહબી વિવિધ માસિકો દર માસે પ્રકાશિત થાય છે તેમાં જવલ્લે જ આવી બાબતો છાપવામાં આવે છે કે તેનો ઉલ્લેખ વાંચવામાં આવે છે, આ એક અનોખુ માસિક છે.

બરકાતે ખ્વાજાના દરેક માસના અંકોની સજાવટ તથા લેખો ખૂબસૂરત હોય છે. દર માસના અંકો વાંચવા ઈન્તેજાર રહે છે તેમજ **ઈસ્લામિક વેલ્ફેર મિશન** થકી વિવિધ ધાર્મિક તથા સામાજિક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા** થકી ઉમદા કિતાબો ગુજરાતી વાંચકોને પીરસવામાં આવે છે. તંત્રી સાહેબ તથા તેમની ટીમને ખૂબ ખૂબ મુબારકબાદ ! – *હબીબભાઈ તરકવાડીયા, જસદણ*

**મૌતુલ આલિમ....મૌતુલ આલમ !** ખાનદાને આ'લા હઝરતના નબીરા, હઝરત અલ્લામા હસન રઝા ખાન સાહેબ رحمۃ اللہ علیہના પૌત્રા અને હઝરત મૌલાના હસ્નૈન રઝાખાન સાહેબના શેહઝાદા તથા ખલીફએ હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ હઝરત અલ્લામા અલ્હાજ **સિબ્તૈન રઝા સાહબ** ક઼ાદરી રઝવી નૂરી ગત તા. ૯–૧૧–૨૦૧૫ના રોજ બરેલી શરીફ ખાતે વિસાલ ફર્માવી ગયા. આપ હુઝૂર તાજુશ્શરીઆ, હઝરત અલ્લામા મુફતી મુહમ્મદ અખ્તર રઝાખાં અઝહરીમિયાં મદ ઝિલ્લાહુલ આલીના સાળા થાય છે. આપ ઘણા જ નેક, સોમો સલાતના પાબંદ, મુત્તક઼ી અને પરહેઝગાર હતા. આપની નમ્રતા અને સાદગી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની હમેશાં યાદ અપાવતી હતી. આપ ઘણા વર્ષો સુધી હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ખિદમતમાં રહેલા. વિસાલ મુબારક વખતે આપની ઉમ્ર શરીફ લગભગ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ઉમ્ર જેટલી એટલે કે ૯૧ વર્ષની હતી. સૂરત અને સીરતમાં આપ હુઝૂર મુફતીએ હિંદ رحمۃ اللہ علیہના મુશાબેહ હતા જેથી આપને "હમશબીહે હુઝૂર મુફતીએ આઝમે હિંદ" કહેવામાં આવે છે. આપે રાયપુર (છત્તીસગઢ)ની જુમ્આ મસ્જિદમાં ઘણા વર્ષો ઈમામત કરી. રાયપુરનું "દારૂલ ઉલૂમ અન્વારે મુસ્તફા" આપની કોશિશોનું પરિણામ છે. રાયપુરથી ૨૫ કિ.મી. દૂર કાકેરમાં આપે "દારૂલ ઉલૂમ અમીને શરીઅત"ની સ્થાપના કરી. મસ્લકે આ'લા હઝરતના પ્રચાર તથા દીની તા'લીમના પ્રચાર માટે આપે દિવસ રાત કરેલી તનતોડ મહેનત અને જહેમતના કારણે આ દારૂલ ઉલૂમ છત્તીસગઢમાં એહલે સુન્નત વલ જમાઅતને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. રબ્બુલ આલમીન હઝરત અલ્લામા અલ્હાજ સિબ્તૈન રઝા સાહેબની મગફિરત ફર્માવે, તેમની રૂહને જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અને દરજાત અતા ફર્માવે, અને તેમની ક઼બ્ર ઉપર તાક઼યામત અન્વારો રહેમતની વર્ષા ફર્માવે. (આમીન)–*તંત્રી*

## ★ ઉર્સે ખ્વાજા દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ★

❑ **બીરપુર** : મહબૂબે ઈલાહી, ગૌષુલ હિંદ, ખ્વાજાએ ખ્વાજગાં, સૈયદ મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક, ભવ્યાતીભવ્ય અંગ્રેજી તા. ૧૮–૧–૨૦૧૬ થી ૨૪–૧–૨૦૧૬ સુધી મુતાબિક઼ રબીઉલ આખર ચાંદ ૭ થી ૧૩ હિજરી ૧૪૩૭ના દિવસોમાં "૪૯૬"મો ઉર્સ મુબારક શાનો શૌકતથી મનાવવામાં આવશે.

ચાંદ ૧૦ અંગ્રેજી તા. ૨૧–૧–૨૦૧૬ની રાત્રે ઈશાની નમાઝ પછી કુર્આને પાકના ૩૦ પારાની તિલાવત, સંદલ શરીફ, ચાદર શરીફ, ફાતેહા, ફૂલ, પેશ કરી શજરાશરીફ પઢી સૌ માટે ઈમાનો અમલ, સુખ શાંતિની દુઆ હઝરતના સાહેબઝાદાઓ દિલની ગહરાઈથી ગુજારશે, ઈન્શાઅલ્લાહ ! બીમારો, જિન આસેબવાળાઓ, વિવિધ મુરાદોવાળાઓ શિફા તથા કામયાબી પામે છે.

*– પીર સફીયુલ્લાહબાવા દરિયાઈ બીરપુરી*

❑ **સંતરામપુર** : મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે હઝરત ખ્વાજા સૂફી અબ્દુલ ગફૂરશાહ رحمۃ اللہ علیہ ક઼ાદરી, ચિશ્તી, અબુલ ઉલાઈ, જહાંગીરી, હસની, મન્સુરીકા સાલાના ઉર્સ શરીફ ઈસ્લામી તા. ૨૨/૨૩/૨૪ અંગ્રેજી તા. ૩/૧/૨૦૧૬ થી ૫/૧/૨૦૧૬ સુધી મનાવવામાં આવશે. તેમાં ૩ દિવસ વિવિધ પ્રોગ્રામમાં પરચમ કુશાઈ, બાદ નમાઝે ઝોહર સરકારી ચાદર પોશી, મહેફિલે ઝિક્ર શરીફ વગેરે થશે. મલંગપીર, રઝાનગર, ક઼ાદરી મસ્જિદ (ગફૂરબાબાનગર) સંતરામપુરમેં ઉર્સ મુબારક મનાયા જાયેગા.

*– મક઼સૂદભાઈ પીંજારા (સંતરામપુર)*

❑ **અમરેલી** : (સૌરાષ્ટ્ર) દારૂલ ઉલૂમ–મહેબૂબીયાહ અમરેલી થકી તા. ૧૫–૧૧–૨૦૧૫ના રોજ જશ્ને દસ્તારે હિફ્ઝુલ કુર્આન તેમજ ઉર્સે મહેબૂબી તથા શૈક્ષણિક સંકૂલની સંગે બુનિયાદનો શાનદાર પ્રોગ્રામ યોજાયો જેના પ્રમુખસ્થાને પીરે તરીક઼ત સૈયદ હામિદ બાબા ક઼ાદરી (વટવા–અમદાવાદ), પીરે તરીક઼ત સૈયદ દાદાબાપુ ક઼ાદરી સાહેબ (સાવરકુંડલા), પીરે તરીક઼ત સૈયદ દાદા બાપુ ક઼ાદરી (રૂપાલ), અલ્હાજ યાકૂબ સિદ્દીક઼ી સાહેબ (જુનાગઢ), ગુલામ ગૌષ, અલ્વી સાહેબ વિ. સૈયદ સાદાત હઝરાતો, ઓલમાએ કિ઼રામ તેમજ ગામમાંથી તથા બહારગામથી પધારેલા શિક્ષિત/બુધ્ધિજીવી આમંત્રિત મહેમાનો/અવામે ઉમંગ અને ઉત્સાહ સાથે હાજરી આપેલ.

આમ ન્યાઝ તકસીમ કરવામાં આવેલ. ખુશનુમા વતાવરણ વચ્ચે સંપૂર્ણ સફળતા સાથે પ્રોગ્રામ સંપન્ન થયેલ હતો. તેમ સંસ્થાનાં નાઝિમે આ'લા હાજી સૈયદ ઝિયાઉર્રહમાન બાપુ ક઼ાદરીની યાદી જણાવે છે. – રજૂ. *(હબીબ તરકવાડીયા, જસદણ)*

❑ **જુનાગઢ** : કે.જી.એન. યંગ કમિટી તરફથી મોહર્રમ શરીફની ૧ થી ૧૦ ચાંદ સુધી તાજદારે કરબલા નવાસએ રસૂલે ખુદા હઝરત સૈયદના ઈમામે આલી મુકામ رحمۃ اللہ علیہની યાદમાં લંધાવાડા ચોકમાં શાનદાર જલ્સાનુ આયોજન કરવામાં આવેલ જેમાં શેહઝાદએ ખલીફએ હુઝૂર મુફતીએ આઝમે હિંદ પીરે તરીક઼ત ગુલઝારે મિલ્લત હઝરત મૌલાના ગુલઝાર અહમદ નૂરી સજ્જાદાનશીન ખાનકાહે રઝવિય્યહ નૂરીય્યહએ અઝમતે રસૂલ અઝમતે સહાબા, અઝમતે શોહદાએ કરબલા પર શાનદાર તક઼રીરો ફર્માવી હતી.

*– કે. જી. એન. યંગ કમિટી, જુનાગઢ*

# અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાની

## લેટેસ્ટ અણમોલ કિતાબો મંગાવો !

**નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી** *(ભાગ : ૬, પેજીસ : ૫૯૨, ગુજરાતીમાં)*

**લેખક** : ફક઼ીહુલ્ હિંદ હઝરત અલ્લામા મુફતી મુહમ્મદશરીફુલ હક્ક઼ અમજદી رحمۃ اللہ علیہ

*(પૂર્વ સદર મુફતી જામિઆ અશરફિયા, મુબારકપુર, જિ. આ'ઝમગઢ, યુ.પી.)*

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**હદીષોના દુશ્મન** (કહેવાતા અહલે હદીષની રદમાં, પેજીસ : ૫૨)

**લેખક** : હઝરત અલ્લામા મુહમ્મદકલીમ રઝવી નૂરી (મુંબઈ) **અનુવાદક** : હઝરત મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી *(સદરુલ મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**સુખ શાંતિમય સમાજ રચનામાં ચિશ્તી બુઝુર્ગોનો ફાળો** (પેજીસ : ૨૪)

**સંપાદક** : જનાબ હાફિઝ મુહમ્મદઉષ્માન કોલવનવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

**જરૂરી નોંધ :** ઉપરોક્ત પ્રથમ કિતાબનો હદિયો **રૂા. ૨૩૦** છે, બાકીની કિતાબો SMS કરીને કે **પોસ્ટ કાર્ડ** લખી **મફત** મંગાવી શકાશે.

**પ્રકાશકઃ અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** C/o. ફયઝાને રઝા મંઝિલ મુ.પો. **દયાદરા**, તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત) ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**અંજુમને રઝાએ મુસ્તફા કે ઈસ્લામિક વેલ્ફેર મિશન**ના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂા. ૪૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે. ઉપરાંત આ પ્રકાશન કાર્યમાં સહાય માટે જરૂરથી આપના લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ખૈરાત, કુર્બાનીની ખાલોની રકમો, ઉશ્ર વગેરેથી સહાય દયાદરા મોકલી સુન્ની સાહિત્યને ફેલાવવા સહકાર કરશો એવી વિનંતિ છે.

## :: ઈન્તેકાલ પુરમલાલ ! ::

**દયાદરા** : ખાતે તા. ૧/૧૨/૨૦૧૫ મંગળવાર ૧૯–સફર હિ. ૧૪૩૭ના રોજ *નઝીર વલી સાબુવાળા* ભરૂચ પાંચબત્તી ખાતે ટેમ્પોને એક્સિડન્ટ થતાં લગભગ ૫૦ વરસની વયે ઈન્તેક઼ાલ ફર્માવી ગયા. તેમજ તા. ૩–૧૨–૨૦૧૫ જુમેરાત ૨૧–સફર ૧૪૩૭ના રોજ *યાકૂબ મૂસા બોરડીવાળા* ટૂંકી માંદગી બાદ ઈન્તેક઼ાલ ફર્માવી ગયા. તથા જુમ્આ તા. ૧૧–૧૨–૨૦૧૫, ૨૮–સફર હિ. ૧૪૩૭ના રોજ દયાદરાવાસી *હાફિઝ યૂસુફ મુહમ્મદ રૂડી*નો તાંદલજા મુક઼ામે ઈન્તેક઼ાલ થયો છે.

**વોરાસમની** : જનાબ હાફિઝ અલ્તાફ અહમદ દુકાનવાળાનાં વાલિદા *ફાતિમાબેન* (તે મૌલાના ઈકબાલ મિસ્બાહીનાં સાસુમા)નો ઈન્તેક઼ાલ તા. ૧૦–૧૨–૨૦૧૫ જુમેરાતના ૨૭–સફર ૧૪૩૬ના થયો હતો.

**પોરબંદર** : થી ઉસ્માનગની બાદલાણી જણાવે છે કે તેમના વાલિદ સાહબ *અલ્લાહ રખા હાજી મુહમ્મદ બાદલાણી* તા. ૧૨–૯–૨૦૧૫, ૨૭ ઝિલ ક઼અદ, હિ.સ. ૧૪૩૭, શનિવારના રોજ ઈન્તેકાલ કરી ગયા છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –*તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–(દયાદરા)*